અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ભાદરવો વદ ૭ | અંક : ૮૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

આતંકવાદીઓએ રિમોટ કંટ્રોલ બોમ્બ વડે વાનને ઉડાવી દીધી । હુમલામાં એક પોલીસ અધિકારીનું મોત તો અન્ય ૪ ને ઈજા પહોંચી

## પાકિસ્તાનમાં ૧૧ દેશોના રાજદૂતોના કાફલા પર આતંકી હુમલો



। (એજન્સી) પાકિસ્તાન, તા.૨૩ ।

પાકિસ્તાનમાં ૧૧ દેશોના રાજદૂતોના કાફલા પર આતંકી હુમલો થયાના સમાચાર સામે આવ્યા છે. પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વાના સ્વાત જિલ્લામાંથી માલમ જબ્બા જઈ રહેલા વિદેશી રાજદૂતોના કાફલાની સુરક્ષા કરતી પોલીસ વાનને આતંકવાદીઓએ નિશાન બનાવી હતી.

આતંકવાદીઓએ રિમોટ કંટ્રોલ બોમ્બ વડે વાનને ઉડાવી દીધી હતી. આ હુમલામાં એક પોલીસ અધિકારીનું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય ચાર ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને સૈદુ શરીફની જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઘટનાસ્થળ પર મોટી સંખ્યામાં પોલીસ દળ તૈનાત હતું. મળતા અહેવાલ અનુસાર, જિલ્લા પોલીસ અધિકારી ઝાહિદુલ્લા ખાને કહ્યું કે આ હુમલો વિદેશી રાજદૂતોના સમૂહને નિશાન બનાવતા કરવામાં આવ્યો હતો. મૃતક પોલીસકર્મીની ઓળખ બુરહાન તરીકે થઈ છે. ઈજાગ્રસ્તોમાં એક સબ ઈન્સ્પેક્ટર પણ સામેલ છે. જે વાનને નિશાન બનાવવામાં આવી હતી તે કાફલામાં સૌથી આગળ હતી. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે તમામ રાજદૂતો સુરક્ષિત છે અને તેમને ઈસ્લામાબાદ મોકલવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, તમામ રાજદૂતોએ મિંગોરામાં ચેમ્બર ઓફ કોમર્સના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. બાદમાં તેઓ માલમ જબ્બા જઈ રહ્યા હતા. તે સમયે રસ્તામાં શેરાબાદ પહોંચતા હુમલો કરવામાં આવ્યો હતો. કાફલામાં તાજિકિસ્તાન, કઝાકિસ્તાન, ઈરાન, ઈથોપિયા, પોર્ટુગલ, રશિયા સહિત ૧૧ દેશોના રાજદૂતો સામેલ હતા. પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ આ ઘટનાની આકરી નિંદા કરી હતી. ઝરદારીએ હુમલામાં માર્યા ગયેલા પોલીસ અધિકારીને શ્રદ્ધાંજલિ અર્પણ અને ઈજાગ્રસ્તો માટે ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી હતી. ઉલ્લેખનીય છે, આ હુમલાની હજુ સુધી કોઈ સંગઠને જવાબદારી લીધી નથી. ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાં તાલિબાન સત્તા પર આવ્યા બાદ પાકિસ્તાનમાં આતંકવાદી હુમલામાં વધારો થયો છે. ખૈબર પખ્તુનખ્વા અને બલૂચિસ્તાનમાં આતંકવાદી સંગઠનો વધુ સક્રિય બન્યા છે. પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ફોર પીસ સ્ટડીઝના ડેટા અનુસાર, બંને પ્રાંતોમાં ગયા મહિને ઘાતક હુમલાઓ અનેકગણા વધ્યા છે. જુલાઈમાં આતંકી હુમલાની સંખ્યા ૩૮ હતી. જે ઓગસ્ટમાં વધી ૫૯ થઈ છે. ઓગસ્ટમાં ખૈબર પખ્તુનખ્વામાં ૨૯ આતંકવાદી હુમલામાં ૨૫ લોકોએ જીવ ગુમાવ્યા છે.



"કેમ બેટમજી?" કહીને મોદી સાહેબ ભેટીને મળ્યા અને બે ત્રણ ધબ્બા મારીને આશિર્વાદ આપ્યા.

પોક્સો એક્ટની પેટાકલમ ૧ પોતે જ પર્યાપ્ત છે

## બાળકો સાથે જોડાયેલી અશ્લીલ સામગ્રી પોતાની સાથે રાખવી અપરાધ : સુપ્રીમ કોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે ચાઈલ્ડ પોર્નોગ્રાફી સંબંધિત સામગ્રી ડાઉનલોડ કરવી અને રાખવી એ ગુનો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે જો કોઈ વ્યક્તિ આવી સામગ્રીને ડિલીટ ન કરે અથવા પોલીસને તેની માહિતી ન આપે તો POCSO એક્ટની કલમ ૧૫ તેને અપરાધ કરાર આપે છે.સુપ્રીમ કોર્ટે આ મામલે મદ્રાસ હાઈકોર્ટના નિર્ણયને રદ કરી દીધો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે કાયદેસર રીતે આવી સામગ્રી રાખવી એ પણ ગુનો છે. હાઈકોર્ટે એક વ્યક્તિ વિરુદ્ધ નોંધાયેલ કેસને એમ કહીને રદ કર્યો હતો કે તેણે માત્ર ચાઈલ્ડ પોર્નોગ્રાફી ડાઉનલોડ કરી હતી અને તેને પોતાની પાસે રાખી હતી. તેણે તે બીજા કોઈને મોકલ્યું નથી.સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને બાળ પોર્નોગ્રાફી શબ્દની જગ્યાએ



ચાઈલ્ડ સેક્સ્યુઅલી એબ્યુઝિવ એન્ડ એક્સપ્લોઈટિવ મટિરિયલ સાથે POCSO એક્ટ બદલવાની સલાહ આપી છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી બેંચના સભ્ય જસ્ટિસ જેબી પારડીવાલાએ ૨૦૦ પાનાનો આ નિર્ણય લખ્યો છે. તેમણે કહ્યું કે જ્યાં સુધી POCSO એક્ટમાં ફેરફારને સંસદ દ્વારા મંજૂરી ન મળે ત્યાં સુધી વટહુકમ લાવવો જોઈએ. સુપ્રીમ કોર્ટે દેશભરની અદાલતોને તેમના આદેશોમાં CSAEM લખવાની સલાહ પણ આપી છે.

POCSO (જાતીય ગુનાઓથી બાળકોનું રક્ષણ) અધિનિયમની કલમ ૧૫ ની પેટાકલમ ૧ બાળ અશ્લીલ સામગ્રીના કબજાને અપરાધ બનાવે છે. આ માટે ૫,૦૦૦ રૂપિયાના દંડથી લઈને ૩ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. કલમ ૧૫ ની પેટા-કલમ ૨ માં, આવી સામગ્રીનું પ્રસારણ અને પેટા-કલમ ૩ માં, વ્યવસાયિક ઉપયોગને અપરાધ તરીકે ઓળખવામાં આવ્યો છે. મદ્રાસ હાઈકોર્ટે પેટાકલમ ૨ અને ૩ના આધારે આરોપીઓને રાહત આપી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે પેટા કલમ ૧ પોતે જ પર્યાપ્ત છે.

ઇઝરાયેલ અને લેબનોન વચ્ચે સતત તણાવ વધી રહ્યો છે

## ઇઝરાયેલ સેનાએ લેબનોનમાં ૩૦૦ થી વધુ લક્ષ્યો પર હુમલો કર્યો, ૫૦ નાગરિકોના મૃત્યુ

### આ હુમલાઓમાં લેબનોનના દક્ષિણ વિસ્તાર ઉપરાંત પૂર્વોત્તર વિસ્તારને પણ નિશાન બનાવવામાં આવ્યો છે

। (એજન્સી) ઇઝરાયેલ, તા.૨૩ ।

ઈઝરાયેલ અને લેબનોન વચ્ચે સતત તણાવ વધી રહ્યો છે. હિઝબુલ્લાહ પર દબાણ લાવવા માટે, ઈઝરાયલે લેબનોનમાં ૩૦૦ ટાર્ગેટ પર હુમલો કર્યો છે. આ દાવો ઈઝરાયેલની સેના દ્વારા કરવામાં આવ્યો છે. જો કે હજુ સુધી લેબનોન અને હિઝબુલ્લાહ તરફથી થયેલા હુમલા અંગે કોઈ માહિતી સામે આવી નથી.

હુમલા અંગે માહિતી આપતા લેબનોનના સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે, ઈઝરાયેલની સેનાએ તેના દક્ષિણી વિસ્તારના ગામો અને નગરો પર હુમલો કર્યો છે. આ હુમલાઓમાં તેના ૫૦ નાગરિકો માર્યા ગયા છે. આ સિવાય ૩૦૦ લોકો ઘાયલ થયા છે. આ લોકોમાં બાળકો, મહિલાઓ અને ઈમરજન્સી કામદારોનો સમાવેશ થાય છે. હાલમાં આ પ્રાથમિક આંકડો છે અને મૃત્યુઆંક વધી શકે છે. મંત્રાલયનું કહેવું છે કે માત્ર પ્રારંભિક સંખ્યામાં મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. આ હુમલાઓમાં લેબનોનના દક્ષિણ વિસ્તાર ઉપરાંત પૂર્વોત્તર વિસ્તારને પણ નિશાન બનાવવામાં આવ્યો છે.

ઈઝરાયેલની સેનાનું કહેવું છે કે તેણે હિઝબુલ્લાહ પર દબાણ લાવવા માટે આ હુમલા કર્યા છે. સેનાએ અગાઉથી હુમલાની જાહેરાત કરી દીધી હતી. મિલિટરી ચીફ લેફ્ટનન્ટ જનરલ હરજી હલેવીનું નિવેદન શેર કરતા તેમણે કહ્યું કે ઈઝરાયેલ લેબનોન પર વધુ હુમલા કરવા માટે તૈયાર છે.

ગાઝા યુદ્ધની અસર સહન કરી રહેલા પશ્ચિમ એશિયામાં બીજા મોરચે હુમલાઓ અને વળતા હુમલાઓ તીવ્ર બન્યા છે. લેબનોન તરફી લેબનીઝ હિઝબુલ્લાહ અને ઈઝરાયેલ વચ્ચે તણાવ ચરમસીમા પર છે. બંનેએ આંતરરાષ્ટ્રીય સમુદાયની ચેતવણીને અવગણીને એકબીજાની સરહદ પર હુમલા વધુ તીવ્ર બનાવવાની ધમકી આપી છે. ઈઝરાયેલ હિઝબુલ્લાહની કમર તોડી નાખવા માટે કટિબદ્ધ છે, જે પોતાની સામે હમાસને ટેકો આપવા ઉભો થયો છે. ઈઝરાયેલે સતત કેટલાય દિવસોથી હિઝબુલ્લાહ વિરુદ્ધ સખ્ત કાર્યવાહી કરી છે. પહેલા પેજર, પછી વાયરલેસ સિરિયલ બ્લાસ્ટ અને પછી હવાઈ હુમલા. સાથે જ હિઝબુલ્લાહના ચીફ નસરાલ્લાહે પણ પરિણામ ભોગવવાની ચેતવણી આપી છે. લેબનીઝ અધિકારીઓના



જણાવ્યા અનુસાર, દેશને ૮૦,૦૦૦ થી વધુ શંકાસ્પદ ઈઝરાયેલ કોલ મળ્યા છે જેમાં લોકોને તેમના ઘર ખાલી કરવા માટે કહેવામાં આવ્યું છે. ટેલિકોમ કંપની ઓગેરોના વડા, ઈમાદ ક્રીદેહે સમાચાર એજન્સી રોઈટર્સને વિકાસની પુષ્ટિ કરતા કહ્યું કે આવા કોલ્સ "વિનાશ અને અરાજકતા પેદા કરવા માટે મનોવૈજ્ઞાનિક યુદ્ધ" છે.

રવિવારે, હિઝબુલ્લાએ ઉત્તરી ઈઝરાયેલમાં ૧૦૦ થી વધુ રોકેટ છોડ્યા હતા. આ રોકેટ ઈઝરાયેલના હાઈફા શહેર નજીક પડ્યા હતા. આ હુમલામાં ચાર લોકો ઘાયલ થયા છે. રોકેટ હુમલા બાદ હિઝબુલ્લાહના ડેપ્યુટી લીડર નઈમ કાસિમે ખુલ્લા યુદ્ધની જાહેરાત કરી હતી. જવાબી કાર્યવાહીમાં, ઈઝરાયેલે દક્ષિણ લેબનોનમાં હિઝબોલ્લાહના લક્ષ્યો પર હુમલો કર્યો, જેમાં એરબેઝ અને લશ્કરી ઉત્પાદન સુવિધાઓનો સમાવેશ થાય છે.

લેબનોનના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે દક્ષિણી વિસ્તારોમાં ઈઝરાયેલના હુમલામાં ત્રણ લોકો માર્યા ગયા હતા, જ્યારે હિઝબુલ્લાએ પુષ્ટિ કરી હતી કે તેના બે લડવૈયાઓ માર્યા ગયા છે. ઈઝરાયેલી દળો અને હિઝબુલ્લાએ ૨૦ સપ્ટેમ્બરે ઉત્તરી ઈઝરાયેલ પર મોટો હુમલો કર્યો. લેબનોનમાંથી રાતોરાત ૧૫૦થી વધુ રોકેટ, મિસાઈલ અને ડ્રોન છોડવામાં આવ્યા હતા. આ પછી, ગુસ્સે ભરાયેલા ઈઝરાયેલી સેનાએ વળતો હુમલો કર્યો અને હિઝબુલ્લાહના ટોચના કમાન્ડર ઈબ્રાહિમ અકીલને મારી નાખ્યો. ઈબ્રાહિમ અકીલ હિઝબુલ્લાહનો સેકન્ડ-ઈન-કમાન્ડ છે, જે સીધો ચીફ હસન નસરાલ્લાહને રિપોર્ટ કરે છે.

## ન્યૂઝ બ્રિફ

### છત્તીસગઢમાં વીજળી પડવાથી ચાર બાળકો સહિત આઠ લોકોના મૃત્યુ

। છત્તીસગઢ, તા.૨૩ ।

છત્તીસગઢના રાજનાંદગાંવ જિલ્લાના જોરાતરાઈ ગામમાં વીજળી પડવાથી ચાર બાળકો સહિત આઠ લોકોના મોત થયા છે. મળતી માહિતી મુજબ તમામ લોકો પાનની દુકાન પાસેના કમ્પાઉન્ડમાં રોકાયા હતા. દરમિયાન જોરદાર ગડગડાટ સાથે વીજળી પડી અને ત્યાં હાજર ૪ બાળકો અને અન્ય લોકો તેની ઝપેટમાં આવી ગયા. જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. માહિતી મળ્યા બાદ કલેક્ટર, એસપી અને જિલ્લા શિક્ષણાધિકારી પણ ઘટનાસ્થળે રવાના થયા હતા. આ ઘટનામાં એક વ્યક્તિ દાઝી ગયો છે, જેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે. માહિતી મળતાં જ આરોગ્ય વિભાગની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે પણ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે.

### ભારતીય હવામાન વિભાગની ભારે ચક્રવાતી તોફાન આવવાની સંભાવના

। નવીદિલ્હી, તા.૨૩ ।

ભારતીય હવામાન વિભાગે ભારે ચક્રવાતી તોફાન આવવાની સંભાવના વ્યક્ત કરી છે. આ માટે વિભાગે ૧૫ રાજ્યોમાં એલર્ટ પણ જાહેર કર્યું છે. વિભાગે આપેલી માહિતી મુજબ બંગાળની ખાડીમાં સર્જાયેલું લો પ્રેશર ચક્રવાત બની ગયું છે અને તેના કારણે દેશમાં ભારે વાવાઝોડું આવી શકે છે. IMD એ એમ પણ કહ્યું છે કે, આ વાવાઝોડાના કારણે માત્ર એક-બે નહિં, પરંતુ ૧૫ રાજ્યોને અસર થઈ શકે છે. તેથી સંભવિત વાવાઝોડાને ધ્યાને રાખી આ રાજ્યોના લોકોએ સાવધાન રહેવાની જરૂર છે.

મુખ્યમંત્રીની ખુરશીની બાજુમાં ખાલી ખુરશી મૂકીને ચાર્જ સંભાળ્યો હતો

## આમ આદમી પાર્ટીના નેતા આતિશીએ દિલ્હીના સીએમ પદનો ચાર્જ સંભાળી લીધો

। (એજન્સી) નવી દિલ્હી,તા.૨૩ ।

આમ આદમી પાર્ટીના નેતા આતિશીએ દિલ્હીના સીએમ પદનો ચાર્જ સંભાળી લીધો છે. તેમણે અનોખી રીતે ચાર્જ સંભાળ્યો હતો. તેમણે મુખ્યમંત્રીની ખુરશીની બાજુમાં ખાલી ખુરશી મૂકીને ચાર્જ સંભાળ્યો હતો. આતિશી સીએમની ખુરશી પર બેઠી નથી. તે બીજી ખુરશી પર બેઠી છે.મુખ્યમંત્રી આતિશીએ કહ્યું કે આજે મેં દિલ્હીના મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. આજે મારા મનમાં પણ ભરતજીના જેવું જ દુ:ખ છે. ભરતજીએ જે રીતે ભગવાન શ્રી રામની ગાદી રાખીને કામ કર્યું, તે જ રીતે હું આગામી ૪ મહિના સુધી મુખ્યમંત્રી પદ સંભાળીશ. વધુમાં આતિશીએ કહ્યું કે છેલ્લા બે વર્ષથી ભાજપે અરવિંદ કેજરીવાલ પર કાદવ ઉછાળવામાં કોઈ કસર છોડી નથી. ૬ મહિના માટે જેલમાં મોકલવામાં આવ્યા હતા. કોર્ટે એમ પણ કહ્યું કે અરવિંદ કેજરીવાલની એજન્સી દ્વારા દુર્ભાવનાપૂર્ણ ઈરાદાથી ધરપકડ કરવામાં આવી હતી. આ ખુરશી અરવિંદ કેજરીવાલની છે. મને વિશ્વાસ છે કે ફેબ્રુઆરીમાં યોજાનારી ચૂંટણીમાં દિલ્હીની જનતા અરવિંદ કેજરીવાલને ફરીથી મુખ્યમંત્રી બનાવશે. ત્યાં સુધી અરવિંદ કેજરીવાલની આ ખુરશી અહીં



જ રહેશે. આમ આદમી પાર્ટીના નેતા આતિશીએ શનિવારે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ આતિશીને મુખ્યમંત્રી પદના શપથ લેવડાવ્યા હતા. આતિશીએ દિલ્હીના ૮મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. શપથ ગ્રહણ સમારોહ દિલ્હીના રાજ નિવાસમાં યોજાયો હતો. સીએમ આતિશીની સાથે ૫ કેબિનેટ મંત્રીઓએ પણ ગોપનીયતાના શપથ લીધા હતા.

આર્ટિકલ ૩૭૦ અને ૩૫એ હવે ઈતિહાસનો ભાગ છે

## આર્ટિકલ ૩૭૦ રદ થયા બાદ પહેલી વખત રાજ્યમાં વિધાનસભા ચૂંટણી

। (એજન્સી) જમ્મુ કાશ્મીર, તા.૨૩ ।

જમ્મુ-કાશ્મીરની વિધાનસભા ચૂંટણી આ વખતે ઘણી દ્રષ્ટિએ અલગ છે. લદાખ હવે અલગ કેન્દ્ર શાસિત પ્રદેશ છે, આર્ટિકલ ૩૭૦ અને ૩૫એ હવે ઈતિહાસનો ભાગ છે અને જમ્મુ-કાશ્મીર પણ હાલ એક પૂર્ણ રાજ્ય નથી.

એટલું જ નહીં આ સિવાય એક મહત્વની વાત એ છે કે પહેલી વખત એવા હજારો લોકોને મતદાન કરવાની તક મળશે. જે અત્યાર સુધી જમ્મુ-કાશ્મીરની ચૂંટણીમાં માત્ર મૂકદર્શક હતા. આ લોકો અહીં ૭ દાયકાથી વસેલા છે પરંતુ અત્યાર સુધી તે કોઈ ચૂંટણીનો ભાગ નહોતા. આ તે લોકો છે જે ૧૯૪૭માં ભારત ભાગલા બાદ પાકિસ્તાનથી આવીને વસ્યા હતા. આમાંથી મોટાભાગના લોકો જમ્મુ, કઠુઆ, રાજૌરી જેવા જમ્મુ-કાશ્મીરના જિલ્લામાં જઈને વસ્યા હતા. ૧૯૪૭માં આવેલા આ લોકોને અત્યાર સુધી નાગરિકતા જ મળી શકી નહોતી અને ૫૭૬૪ પરિવારોને કેમ્પોમાં રહેવું પડતું હતું. સરકારી, ખાનગી નોકરી કે પછી કોઈ પણ સંગઠિત રોજગાર તે કરી શકતાં નહોતાં.

ચૂંટણીમાં ભાગ લેવાનો તેમને અધિકાર નહોતો. તેથી કોઈ પણ પ્રકારનું દબાણ બનાવવાની સ્થિતિમાં પણ તે નહોતા. આર્ટિકલ ૩૭૦ હટી તો આ લોકો માટે આશાની કિરણ જાગી. તેમને નાગરિકતા મળી, જમીન ખરીદવા, નોકરીનો અધિકાર મળ્યો અને તે લોકતંત્રનો ભાગ બન્યા.

સાંસદ ડિમ્પલ યાદવે તપાસની કરી માંગ

## તિરુપતિ બાદ હવે વૃંદાવનના પ્રસાદ પર ઉઠ્યા સવાલ

। (એજન્સી) નવી દિલ્હી,તા.૨૩ ।

આંધ્રપ્રદેશના તિરુપતિ મંદિરના લાડુ પ્રસાદમાં પશુઓની ચરબીનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાની વાત બહાર આવ્યા બાદ રાજકારણ ગરમાયું છે. સર્વત્ર નિવેદનો કરવામાં આવી રહ્યા છે અને દોષિતો સામે કાર્યવાહી કરવાની માગણી થઈ રહી છે. હવે આ વિવાદ પર સમાજવાદી પાર્ટી સાંસદ ડિમ્પલ યાદવનું નિવેદન આવ્યું છે. જેમાં તેમણે કહ્યું છે કે, સામાન્ય માણસના ખાદ્યપદાર્થોમાં ભેળસેળની કોઈ નોંધમાં આવી રહી નથી. આ સંવેદનશીલ બાબતની તપાસ થવી જોઈએ. ડિમ્પલ યાદવે વધુમાં કહ્યું કે, અમે વૃંદાવનમાં પણ આવી જ ઘટના વિશે સાંભળ્યું છે. ભેળસેળયુક્ત અનાજ, ભેળસેળયુક્ત તેલ અને ઘીના રૂપમાં ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થો સમાજના દરેક વર્ગ સુધી પહોંચી ગયા છે. તિરુપતિ મંદિરના લાડુમાં માછલીનું તેલ



અને પ્રાણીની ચરબીનું મિશ્રણ હોવાની પુષ્ટિ થઈ હતી. નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ ના રિપોર્ટ અનુસાર, તિરુપતિ મંદિરમાં તૈયાર કરાયેલા લાડુના પ્રસાદમાં પ્રાણીની ચરબી અને માછલીનું તેલ મિશ્રિત છે. આ બધું ઘીમાં ભેળવવામાં આવ્યું હતું જેમાંથી લાડુ તૈયાર કરવામાં આવ્યા હતા. બીજી તરફ, આંધ્રપ્રદેશના તિરુપતિ બાલાજી મંદિરમાં ભક્તો માટે તૈયાર કરાયેલા 'પ્રસાદ'માં કથિત રીતે પશુઓની ચરબી ભેળવવામાં આવી રહી હોવાની માહિતી બાદ મથુરામાં ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ પણ સક્રિય થઈ ગયું છે અને ઘણી જગ્યાએથી પ્રસાદના નમૂના એકત્રિત કરવામાં આવ્યા છે. હ્લજીહ્રછએ છેલ્લા ૪૮ કલાકમાં વિવિધ સ્થળોએથી પ્રસાદ તરીકે વેચાતી વસ્તુઓના કુલ ૧૩ નમૂનાઓ એકત્ર કરીને લેબોરેટરીમાં મોકલ્યા છે. અધિકારીઓનું કહેવું છે કે, શ્રી કૃષ્ણ જન્મભૂમિ, વૃંદાવનના ઠા.બાંકેબિહારી મંદિર તથા ગોવર્ધનના દાનઘાટી મંદિરની બહાર સ્થિત દુકાનોમાંથી નમૂના લેવામાં આવ્યા છે. ફૂડ સેફટી એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના આસિસ્ટન્ટ કમિશ્નર ધીરેન્દ્ર પ્રતાપ સિંહે જણાવ્યું કે પ્રસાદમાં ભેળસેળનો મામલો બહાર આવ્યા બાદ ટીમે ઠાકુર બાંકે બિહારી મંદિર, શ્રી કૃષ્ણ જન્મભૂમિ અને ગોવર્ધન મંદિરની બહાર આવેલી પ્રસાદની દુકાનોમાંથી સેમ્પલ લીધા અને લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલ્યા.

## સુરતમાં અડાજણની રેસ્ટોરેન્ટની લિફ્ટમાં ૧૦થી વધુ લોકો ફસાયાની ઘટના



। (એજન્સી) સુરત, તા.૨૩ ।

સુરતમાં ફરી એકવાર લિફ્ટ ખોટકાવાના કારણે અનેક લોકો તેમાં ફસાઇ ગયા હોવાની ઘટના સામે આવી છે. સુરતના અડાજણમાં આવેલા એક રેસ્ટોરાંની લિફટમાં એક સાથે ૧૬ લોકો ફસાઇ ગયા હતા.જે પછી આ તમામ લોકોનું રેસ્ક્યૂ કરવાની ફરજ પડી હતી. સુરતના અડાજણ વિસ્તારમાં સ્ટાર બજારની સામે આવેલ લેવલ-૫ રેસ્ટોરાંની લિફ્ટની એકસાથે ૧૬ લોકો ફસાઇ ગયા હતા. જે પછી રેસ્ટોરાંનું સંચાલક તંત્ર દોડતુ થઇ ગયુ હતુ. બીજી તરફ બનાવની જાણ ફાયર વિભાગને કરવામાં આવતા ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને લિફ્ટ ખોલીને તમામ લોકોને સહી સલામત બહાર કાઢ્યા હતા. સુરત શહેરમાં લિફ્ટમાં લોકોના ફસાઈ જવાના કિસ્સા અગાઉ પણ સામે આવી ચુક્યા છે. એવામાં વધુ એક બનાવ સુરતના અડાજણ વિસ્તારમાં સામે આવ્યો છે. મળતી માહિતી મુજબ અડાજણ સ્ટાર બજાર પાસે લેવલ ૫ નામની રેસ્ટોરન્ટમાં કેટલાક લોકો ડીનર કરવા ગયા હતા. આ દરમ્યાન લીફટમાં બાળકો અને મહિલાઓ સહીત ૧૬ જેટલા લોકો ફસાઈ ગયા હતા. જેને લઈને આ તમામ લોકોના જીવ અદ્ધર થઈ ગયા હતા. બીજી તરફ બનાવની જાણ ફાયર વિભાગને કરવામાં આવતા અડાજણ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને લીફટને ખોલીને તમામ લોકોને સહી સલામત બહાર કાઢ્યા હતા. લીફટમાં નાના બાળકો સહીત ૧૬ જેટલા લોકો ફસાયા હોવાનું જાણવા મળ્યું હતું.



IAF ભારતીય વાયુસેનાના C-17 ગ્લોબમાસ્ટર એરક્રાફ્ટે હિંડન એરબેઝ પરથી ઉડાન ભરી. જેમાં તબીબી નિષ્ણાતોની ટીમે પુણેથી દિલ્હી સુધી બચેલા અંગોને એરલિફ્ટ કર્યા.

# વડોદરામાં સ્થાનિકોની રજૂઆત બાદ આવેલા કોર્પોરેટરની ચીમકી

### બાંધકામના કાટમાળ મુદ્દે લોકોની સમસ્યાનો હલ લાવવા ભાજપના કોર્પોરેટર આક્રમક બન્યાનો વિડિયો વાયરલા

। (એજન્સી) વડોદરા,તા.૨૩ ।

વડોદરાના મકરપૂરામાં લોકોનો પ્રશ્ન ઉકેલવા માટે ભાજપના કોર્પોરેટર ઘનશ્યામ પટેલ આક્રમક બન્યા હોવાનો વીડિયો સામે આવ્યો છે. જેમાં કોર્પોરેટર અન્યને ખખડાવતા કહે છે કે, આ શબ્દ કોઈએ પણ નહી વાપરવાનો કે, તમારાથી થાય તે કરી લો. આ ફરી ના થવું જોઈએ. તેને જે ભાષામાં સમજણ પાડવી હોય તે પાડી દેજો. ફરી વખત આ શબ્દ પ્રયોગ ના થાય. મકરપુરા વિસ્તારમાં બિલ્ડિંગ સાઈટનો સામાન રસ્તા પર આવતા સ્થાનિકોને મુશ્કેલી પડવા અંગે રજુઆત કરતા કોર્પોરેટર પહોંચ્યા હતા. બંને પક્ષે વાતચીત કરીને સમસ્યા દુર કરવા હાલ સમય આપવામાં આવ્યો હોવાનો જાણવા મળી રહ્યું છે. વડોદરાના મકરપુરા વિસ્તારમાં આવેલી સોસાયટી પાસે નિર્માણાધીન સાઈટનો સામાન રસ્તા પર મુકતા અને આવી જતા સ્થાનિકો દ્વારા ટકોર કરવામાં આવી હતી. જો કે, સ્થાનિકોની ટકોરને અવગણીને બિલ્ડરો દ્વારા મનમાની કરવામાં આવતી હતી. આખરે સ્થાનિકો દ્વારા કોર્પોરેટરને બોલાવાતા તેઓ આવી પહોંચ્યા હતા. આ ઘટના દરમિયાન વાચચીતનો એક વીડિયો હાલ સપાટી પર આવવા પામ્યો છે. જેમાં કોર્પોરેટર ચિમકી આપતા કહે છે કે, આ શબ્દ કોઈએ પણ નહી વાપરવાનો કે, તમારાથી થાય તે કરી લો. આ ફરી ના થવું જોઈએ. તેને જે ભાષામાં સમજણ પાડવી હોય તે પાડી દેજો. ફરી વખત આ શબ્દ પ્રયોગ ના થાય. હું જે કરી શકીશ, તે કોઈને રહેવા નહી આવવા દઉં.

અહિંયા એક વ્યક્તિ નહીં આવી શકે. તેવી ભાષાનો પ્રયોગ બિલકુલ ના કરતા. હું કાઉન્સિલર છું ઘનશ્યાન પટેલ. ભાજપના કોર્પોરેટર ઘનશ્યામ પટેલે જણાવ્યું કે, એરફોર્સ મકરપુરા પાછળ આત્મીય કાઉન્ટીના રહીશોએ સમસ્યા જણાવી હતી. તેમની બાજુમાં ચાલતી સાઈટની કામગીરી કરતા, તેમનું મટીરિયલ રોડ પર આવ્યું હતું. અઠવાડિયામાં રેતી રસ્તા પર આવતી હોવાથી સ્લીપ ખાઇને પડી જાય તેવી સમસ્યાઓ હતી.

જેથી સ્થાનિકો સાથે મળીને બિલ્ડર જોડે પણ ચર્ચા કરી છે. આગામી ૮-૧૦ દિવસમાં આ સમસ્યાનો ઉકેલ લાવવાની બાંહેધારી વિનાયક રેસીના બિલ્ડરોએ આપી છે. સ્થાનિકો સ્વભાવે સારા કહેવાય, કે તેઓ લાંબા સમયથી તેમને સહન કરી રહ્યા હતા. ટુંક સમયમાં સારૂ પરિણામ આવી જશે.

સોસાયટી પ્રમુખ નૈનેશ પટેલે જણાવ્યું કે, અમારે રસ્તાની દોઢ એક વર્ષથી સમસ્યા હતી. અમે બિલ્ડરને રજુઆત પણ કરી હતી. તે સમયે તેનો ઉકેલ લાવવાની બાંહેધારી આપી હતી. પરંતુ કોઈ ઉકેલ આવ્યો ન્હતો. બિલ્ડર જોડે વાત કરીને સમસ્યા ઉકેલવા માટે સમય આપ્યો છે.

## ઝાલોદ તાલુકાના પરથમપુર ગામે વીજ લાઈન તપાસ કરવા આવનાર વીજ કર્મચારીઓ પર જાન લેવા હુમલો કરાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ ।

વેજલપુર સબ ડીવીઝનમાં નોકરી બજાવતા સુનિલ મહેન્દ્ર શર્મા જુનીયર એન્જીનીયર તરીકે ફરજ બજાવ છે. તેઓનુ કામ અધિકારીઓ તરફથી મળતી તમામ કાયદેસરની ફરજનું પાલન કરવાનું તેમજ ગેરકાયદેસર વીજજોડાણો તેમજ વીજચોરીઓ પકડીને ઉપરી અધિકારીઓને જાણ કરી કાયદેસર કાર્યવાહી કરવાનું હોય છે. ગઈકાલ તા. ૨૨/૦૯/૨૦૨૪ ના રોજ વેજલપુર સબ ડીવીઝનના ડેપ્યુટી એન્જીનીયર વિરલકુમાર કનુભાઇ પ્રજાપતિ નાઓએ સુનિલ શર્માને ટેલીફોનીક જાણ કરીને લીમડી સબ ડીવીઝનમાં આવતીકાલે સવારે ઈન્સ્ટોલેશન ચેકીંગ (વીજ જો ડાણ તપાસણી) માં જવા જણાવેલ હતુ. જેથી તેઓ તા.૨૩/૦૯/૨૦૨૪ ઈલેક્ટ્રીકલ આસીસ્ટન્ટ દિક્ષિતનારસિંહબારીઆ તથા અસફાકભાઈયુસુફભાઈ ભૌચુ અને સિક્યુરીટી ગાર્ડ ભુપેન્દ્ર કરશનભાઈ પરમાર તથા સરકારી ગાડીના ડ્રાઈવર જીતુભાઇ ગણપ તભાઈ સોલંકી એ રીતેના સરકારી ગાડી લઈને વેજલપુરથી નીકળેલા અને લીમડી સબ ડીવીઝનમાં આવતા લીમડી સબ ડીવીઝનના ડેપ્યુટી એન્જીનીયર રવિન્દ્રકુમાર સુરજ મલ ખંડેલવાલા નાઓએ સુનિલ શર્માને મલવાસી, પથમપુર તથા લીલવા ઠાકોર ગામોમાં ચેકીંગમાં જવા જણાવેલ હતુ. ઈન્સ્ટોલેશન ચેકીંગમાં ચેકીંગ દરમ્યાન માહિતી મળેલ કે, પ્રથમપુર ગામે અનિલ ભાઈ લાલસિંહભાઈ હઠીલા નાઓના ઘરે વીજચોરી થાય છે જેથી તેઓ સવારના આશરે સાડા સાત વાગ્યે આ અનિલભાઈના ઘરે પહોંચેલા જે મકાન ધાબાવાળુ પાકુ હતુ. આ મકાનની બહાર કોઈ વીજ મીટર લાગેલુ ન હતુ અને મકાનની બાજુમાં ખેતરમાંથી એક વાયર તે મકાન તરફ આવતો હતો જેથી ચેકિંગમા આવેલ અધિકારીઓએ તથા સાથેના બંને ઈલેક્ટ્રીકલ આસીસ્ટન્ટ તથા સીક્યુરી ટી ગાર્ડ તે વાયર ક્યાંથી આવે છે તે ચેક કરવા જતા હતા. તે દરમ્યાન તે મકાનમાંથી એક ઈસમ બહાર નીકળેલો અને અ મને પુછવા લાગેલ કે, તમે મારા ઘરે શું કર છો? જેથી વીજ ચેકીંગ કર્મચારીઓ દ્વારા ઈસમનું નામ પુછેલ તો તેણે કહેલુ કે, " હું અનિલભાઈ હઠીલા છુ અને આ મારૂ ઘર છે. '' જેથી મે તેઓને પુછેલુ કે, તમારા ઘરનું વીજ મીટર કયાં છે અને આ ખેતર તરફથી વાયર આવે છે તેનું કનેક્શન કર્યા છે? તેમ પુછતા આ અનિલભાઈ અચાનક ઉશ્કેરાઈ ગયેલા હતા અને ચેકીંગમા આવેલ સહુ કર્મચારીઓને જોર-જોરથી જાહેર માં મા-બહેન સમાણી ગાળો બોલવા લાગેલો અને આપતા હતા અને તેઓએ કહ્યું કે કે, " મારા ઘરની તપાસ કેમ કરો છો અહીંયાથી નાસી જાઓ.'' તે દરમ્યાન તેના ઘરમાંથી તેમજ આજુ-બાજુના ઘરમાંથી બીજા માણસોની ભીડ ભેગી થઇ ગયેલી. તે ભીડમાંથી બીજા બે ઈસમો દ્વારા પણ સહુ વીજ કર્મચારીઓને મા-બહેન સમાણી ગાળો બોલીને મારી તથા દિક્ષિતભાઈ સાથે લાપટ-જાપટ કરી મારવા લાગેલા જેથી અમોને કહેલ કે, " અમે વીજચોરીના ચેકીંગમાં આવેલા છીએ એમને શું કરવા મારો છો? તે દરમ્યાન આ અનિલભાઈ દોડીને તેના ઘરમાંથી એક બેઝબોલનું બેટ લઇને મારી તરફ દોડી આવેલ અને મને ડાબા હાથના કાંડા પાસે બેઝબોલના બેટનો ફટકો મારી દીધેલ અને દિક્ષિતભાઈ વચ્ચે આવતા આ અનિલભાઈએ તેઓને પણ જમણા હાથ ઉપર બેઝબોલના ભેટનો ફટકો મારી દીધેલો જેથી વીજ ચેકિંગમા આવેલ મારી બધા કર્મચારીઓ જીવ બચાવવા સારૂ ગાડી તરફ દોડેલા તે દરમ્યાન આ અનિલભાઈએ તેના હાથમાંની બેઝબોલનું બેટ છૂટુ અમને મારેલ પણ તે કોઈને વાગેલ ન હતુ અને અનિલભાઈના સાથેના બીજા બે માણસો વીજ કર્મચારીઓને પાછળ મારવા માટે દોડેલા તે દરમ્યાન બધા વીજ કર્મચારીઓ દોડીને તેઓની ગાડીમાં બેસી નાસી છુટયા હતા.

વીજ કર્મચારીઓને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થયેલ હોવાથી લીમડી સરકારી દવાખાને સારવાર કરાવવા આવેલા અને ત્યાંના ડોક્ટર દ્વારા હાથમાં ફ્રેક્ચર જેવુ લાગે છે તેમ કહીને એક્સ-રે રીપોર્ટ કરાવવા સારૂ વીજ કર્મચારીઓ દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં સારવાર લીધી હતી. વીજ કર્મચારીઓ દ્વારા સુનીલ લાલસિંહ હઠીલા, મહેશ વીરા કટારા તેમજ અનિલ લાલસીહ હઠીલા વિરૃદ્ધ કાયદેસરની ફરિયાદ લીમડી પોલિસ સ્ટેશનમા નોંધવામાં આવેલ છે.

## જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગની મેલેરિયા શાખાના અધિકારીઓ અને કર્મચારીઓ સ્વચ્છતા અભિયાનમાં સહભાગી થયા



। (માહિતી) અમદાવાદ, તા.૨૩ ।

અમદાવાદ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગની મેલેરિયા શાખા દ્વારા સ્વચ્છતા હી સેવા અંતર્ગત સફાઈ કામગીરી કરવામાં આવી હતી.

મેલેરિયા શાખાના એડીએમઓશ્રી, સુપરવાઈઝર શ્રી અને શાખાના સ્ટાફમિત્રો ઓફિસ પરિસરની સાફસફાઈ કરી સ્વચ્છતા અભિયાનમાં સહભાગી થયા હતા.

ઉલ્લેખનીય છે કે, સ્વચ્છતા હી સેવા-૨૦૨૪ અભિયાન ૧૭ સપ્ટેમ્બરથી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪ સુધી કાર્યરત રહેશે જેમાં અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્વચ્છતા અંગેના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

### જિલ્લાના ૨૭૬૪ લાભાર્થીઓને વિવિધ વિભાગો દ્વારા રૂ.૭૩ કરોડની સહાય તથા કિટ વિતરણ કરાશે

# આગામી ૨૭મી સપ્ટેમ્બરે સાણંદ APMC ખાતે અમદાવાદ જિલ્લાકક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાશે

### ગરીબ કલ્યાણ મેળાના સુદૃઢ આયોજન માટે જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરેના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ

। (માહિતી) અમદાવાદ, તા.૨૩ ।

આગામી તા. ૨૭ સપ્ટેમ્બરના રોજ સાણંદ APMC ખાતે અમદાવાદ જિલ્લાકક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાશે. જે અંતર્ગત જિલ્લાના ૨૭૬૪ લાભાર્થીઓને વિવિધ વિભાગો દ્વારા રૂ. ૭૩ કરોડથી વધુની સહાય તથા કિટનું વિતરણ કરવામાં આવશે.

ગરીબ કલ્યાણ મેળાના સુદૃઢ આયોજન માટે અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે ઈ.ચા. કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરેના અધ્યક્ષસ્થાને અમલીકરણ અધિકારીઓની બેઠક યોજાઈ હતી. જેમાં મેળાના લાભાર્થીઓની યાદી તૈયાર રાખવા સહિત સંબંધિત અમલીકરણ કચેરીઓને સોંપવામાં આવેલી ફરજ અને કામગીરી તથા કાર્યક્રમને લગતી તમામ વ્યવસ્થાઓ, સમગ્ર આયોજન સુચારુ રીતે થાય તે માટે સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપવામાં આવી હતી.

આ માટે કાર્યક્રમ સ્થળે લાભાર્થીઓ માટે ભોજન, પીવાનું પાણી, લાભાર્થીઓ- મહાનુભાવોની બેઠક વ્યવસ્થા, વિવિધ યોજનાકીય સ્ટોલ્સ, કાર્યક્રમના સ્થળે ટ્રાફિક નિયમન, વાહન પાર્કિંગ, કાયદો અને વ્યવસ્થા તથા સ્ટેજ સંચાલન સહિત સંબંધિત અધિકારીઓને સોંપવામાં



આવેલી ફરજ અને કામગીરી માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવી હતી.

આજની બેઠકમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી કલ્પેશ કોરડીયા, અધિક નિવાસી નાયબ કલેક્ટર શ્રી હાર્દ શાહ, સાણંદ પ્રાંત અધિકારી શ્રી ડી.બી. ટાંક સહિતના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**વિશેષ** — સાપુતારાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ખેલાડીઓ સાથે સંવાદ સાધતા મંત્રીએ જણાવ્યું હતું કે, આજે સમય બદલાઈ રહ્યો છે

# કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ સાપુતારાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની મુલાકાત લીધી





। (માહિતી) ગાંધીનગર, તા.૨૩ ।

કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાએ સાપુતારાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની મુલાકાત લીધી - ભારત સરકારના શ્રમ રોજગાર અને રમતગમત મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાએ ગિરિમથક સાપુતારા ખાતે કાર્યરત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. સાપુતારાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ખેલાડીઓ સાથે સંવાદ સાધતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આજે સમય બદલાઈ રહ્યો છે. વાલીઓ પોતાના બાળકો માટે સ્પોર્ટ્સને પ્રોફેશન તરીકે મહત્વ આપી રહ્યા છે. સાથે બાળકો કોમ્પિટિશન કરતાં થાય તે તરફ વિચારી રહ્યા છે. ભારત સરકાર દેશના ખેલાડીઓ આગળ વધે તે માટે પૂરતાં પ્રયાસો કરી રહી છે. ખેલાડીઓ માટે સ્પોર્ટ્સની જુદી જુદી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. વર્ષ ૨૦૩૬મા ભારતમા ઓલમ્પિક યોજાનાર છે, ત્યારે તેના માટે ખેલાડીઓ મહેનત કરે તેમજ વર્ષ ૨૦૩૬ સુધીમા ભારત દેશ સ્પોર્ટ્સમા દશમા ક્રમે તેમજ વર્ષ ૨૦૪૭મા ભારત દેશ જ્યારે આઝાદીના સો વર્ષ પુર્ણ કરશે ત્યારે, દેશને સ્પોર્ટ્સમા પાંચમા ક્રમે લાવવાનો પ્રયાસ કરવાનો છે. તે માટે સંશાધનોની કમી ન વર્તાય તે માટે સરકાર દ્વારા સતત પ્રયાસ કરવામા આવી રહ્યા છે. સ્વાસ્થ્ય માટે ખેલ ખુબ જ જરૂરી, ખેલ થી જ વ્યક્તિમા ખેલદિલીના સંસ્કાર મળે છે તેમ જણાવી મંત્રીશ્રીએ, ખેલાડીઓના ઉત્સાહમા વધારો કર્યો હતો. અહીં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાની રમતોમા ભાગ લઈ શ્રેષ્ઠ દેખાવ કરનાર ખેલાડીઓને મંત્રીશ્રીએ સન્માનિત કર્યા હતા. મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ ખેલાડીઓને પ્રોત્સાહિત કરતા હોકીની રમત રમીને તીરંદાજી પણ કરી હતી. આ પ્રસંગે ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન, ભાજપ પ્રભારી મંત્રી શ્રી રાજેશભાઈ દેસાઈ, પાર્ટી પ્રમુખ શ્રી કિશોરભાઈ ગાવિત, મહામંત્રી સર્વશ્રી હરિરામ સાંવત, અને શ્રી દિનેશ ભોયે, સંતોકબા ધોળકિયા વિદ્યામંદિર-માલેગામ શાળાના ટ્રસ્ટી શ્રી પી.પી.સ્વામીજી સહિત પ્રાંત અધિકારી શ્રી સાગર મોવાલિયા, સાપુતારા સ્પોર્ટ્સ સંકુલના કોચ સહિત રમતગમતના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા. તેજસ્વી ખેલાડીઓ ઉલ્લેખનીય છે કે, સાપુતારા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે હોકી, આર્ચરી, એથ્લેટીક્સ, વોલીબોલ, કબ્બડી, ખો-ખોની રમત માટે મલ્ટી પર્પસ હોલ અને બેડમિન્ટન હોલ ઉપલબ્ધ છે. અહીં ગુજરાતના તમામ જિલ્લાઓમાંથી કુલ ૮૪ ખેલાડીઓ પ્રશિક્ષણ લઈ રહ્યા છે. જેમાંથી વર્ષ ૨૦૨૩-૨૪મા હોકીમા ૧૦ ખેલાડીઓ, આર્ચરીમા ૪ ખેલાડી, અને એથલેટીક્સ રમતમા ૧ ખેલાડીએ, નેશનલ કક્ષાએ ભાગ લીધો છે. આ વર્ષે ખેલ મહાકુંભમા ડાંગ જિલ્લાની હોકીની બહેનોની ટીમે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. તથા ખેલ મહાકુંભની આર્ચરી રમતમા રાજ્યકક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. જેમા ૨ ગોલ્ડ મેડલ, ૭ સિલ્વર મેડલ, અને ૩ બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે. આ ઉપરાંત એથ્લેટીક્સ રમતમા ૧ ગોલ્ડ અને ૧ બ્રોન્ઝ મેડલ મેળવી, આ ખેલાડીઓએ ડાંગ જિલ્લાનુ નામ રોશન કર્યુ છે. હાલમા અહીં દેવગઢબારિયા એથલેટીક્સ રમતની એકેડમીના ખેલાડીઓ પણ તાલીમ લઈ રહ્યા છે. સાપુતારા રમત સંકુલ ખાતે ઉપલબ્ધ સુવિધાઓ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર હસ્તકના સાપુતારાનુ જિલ્લા રમત સંકુલ, ૧૫ એકરમા બનાવવામા આવ્યુ છે. જેમા, ૪૦૦ મીટર સિન્થેટીક એથ્લેટિક ટ્રેક, ગ્રાસી ફૂટબોલ ગ્રાઉન્ડ (પ્રેક્ટીસ), ઈન્ડોર મલ્ટિપર્પઝ હોલ (જુડો, ટેબલ ટેનિસ, બાસ્કેટ બોલ), ઈન્ડોર બેડમિન્ટન હોલ, ઓફીસ બિલ્ડિંગ, ૧/૪ એસ્ટ્રોટર્ફ હોકી ગ્રાઉન્ડ, ૧૫૦ ખેલાડીઓની ક્ષમતા ધરાવતી ચાર મજલાની હોસ્ટેલ બિલ્ડિંગ, ખો-ખો કોર્ટ (બે), કબડ્ડી કોર્ટ (બે) અને વોલીબોલ કોર્ટ (બે) ખેલાડીઓ માટે ઉપલબ્ધ છે.



### રાહુલએ સોમવારે જમ્મુ-કાશ્મીરના પૂંચમાં ચૂંટણી રેલી કરી હતી

# PM મોદી હવે પહેલા જેવા નથી : રાહુલ ગાંધી

। (એજન્સી) જમ્મુ કાશ્મીર,તા.૨૩ ।

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ સોમવારે જમ્મુ-કાશ્મીરના પૂંચમાં ચૂંટણી રેલી કરી હતી. આ દરમિયાન તેણે PM મોદી પર સીધો પ્રહાર કરતા કહ્યું કે હવે તેઓ બદલાઈ ગયા છે. રાહુલ ગાંધીએ કહ્યું કે આજે નરેન્દ્ર મોદી પહેલા જેવા નથી રહ્યા. અમે તેમને માનસિક રીતે નષ્ટ કરી દીધા છે. હવે તે નરેન્દ્ર મોદી નથી રહ્યા જેમને તમે પહેલા જોતા હતા. રાહુલ ગાંધીએ કહ્યું, 'પહેલા નરેન્દ્ર મોદી હતા, જેમની ૫૬ ઈંચની છાતી હતી. તમે દૂરથી તેમનો ચહેરો જુઓ છો, હું સંસદમાં સામે જ રહું છું. સ્પષ્ટ દેખાઈ આવે છે કે પહેલા જે નરેન્દ્ર મોદી હતા તે આજે નથી. આજે, વિપક્ષ જે પણ કરવા માંગે છે, અમે તે પૂર્ણ કરીએ છીએ. જો તેઓ કોઈ કાયદો લાવે છે તો અમે તેમની સામે ઊભા છીએ અને પછી તેઓ નવો કાયદો લાવે છે. રાહુલે કહ્યું કે ચૂંટણી દરમિયાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે હું બાયોલોજિકલ નથી. મારું સીધું જોડાણ ઉપર છે. હું ભગવાન સાથે સીધી વાત કરું છું. પરંતુ હવે ઈન્ડિયા એલાયન્સે તેમનું જોડાણ માનસિક રીતે તોડી નાખ્યું છે. લોકસભામાં વિપક્ષના નેતાએ કહ્યું, 'અમે આ નફરતથી નહીં પરંતુ પ્રેમથી કર્યું છે. અમે પ્રેમ દ્વારા નફરતને હરાવી છે. તેમણે કહ્યું કે ઘણી વખત એવું બન્યું છે કે કેન્દ્રશાસિત પ્રદેશને રાજ્ય બનાવવામાં આવ્યું. ઘણી વખત રાજ્યોનું વિભાજન થયું અને એકમાંથી બે રાજ્યોની રચના થઈ. પરંતુ આ પહેલીવાર બન્યું જ્યારે કોઈ રાજ્યને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યું. તમારી પાસેથી જે અધિકારો છીનવાઈ ગયા છે.



### દરિયાઈ સુરક્ષા માટે ક્વોડ સમીટમાં અનેક પગલાં

# વૈશ્વિક વ્યવસ્થાને સમર્થન આપીએ છીએ : પીએમ મોદી

। (એજન્સી) ન્યૂયોર્ક, તા.૨૩ ।

અમેરિકામાં યોજાયેલી ક્વાડ દેશોની વાર્ષિક સમીટમાં ચીનને ધ્યાનમાં રાખીને ઈન્ડો પેસિફિક રિજન માટે દરિયાઈ સુરક્ષા સહયોગને વિસ્તૃત કરવાના શ્રેણીબદ્ધ મોટા પગલાંની જાહેરાત કરી હતી તથા યુક્રેનમાં કાયમી શાંતિની હાકલ કરાઈ હતી. ચીનનું નામ લીધા વગર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ક્વોડ સંગઠન નિયમો આધારિત વૈશ્વિક વ્યવસ્થા માટે છે તથા તે રાષ્ટ્રોના સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરે છે. સમીટમાં અમેરિકાના પ્રેસિડન્ટ જો બાઇડન, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, જાપાનના વડાપ્રધાન ફ્યુમિયો કિશિદા અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની આલ્બેનિસે હાજરી આપી હતી. જો બાઈડેન દ્વારા તેમના વતન રાજ્ય ડેલાવેર ખાતે યોજાયેલી સમિટમાં નેતાઓએ ચીનનું સીધું નામ લીધા વગર પૂર્વ અને દક્ષિણ ચીન સમુદ્રની સ્થિતિ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી તથા કોસ્ટ ગાર્ડ તથા દરિયાઈ લશ્કરી જહાજોના ખતરનાક ઉપયોગની નિંદા કરી હતી. ઈન્ડો-પેસિફિક રિજનમાં ચીનની વધતી જતી દાદાગીરી અંગે વધતી જતી વૈશ્વિક ચિંતાઓ વચ્ચે ક્વાડ નેતાઓએ બળજબરીથી યથાસ્થિતિને બદલવાનો પ્રયાસ કરતી કોઈપણ એકપક્ષીય કાર્યવાહીનો સખત વિરોધ કર્યો હતો. મુક્ત, ખુલ્લા, સર્વસમાવેશક અને સમૃદ્ધ ઈન્ડો-પેસિફિકને ક્વોડની સહિયારી પ્રાથમિકતા ગણાવીને પોતાના સંબંધોનમાં પીએમ મોદીએ જણાવ્યું હતું કે વિશ્વ તણાવ અને સંઘર્ષોથી ઘેરાયેલું છે ત્યારે આપણી બેઠક યોજાઈ રહી છે.

### આરોપીઓએ રોકડા અને દાગીના લઇને ૬૦.૭૫ લાખની છેતરપિંડી આચરી

# દુબઇનો વેપારી હોવાનું કહીને બે શખ્સો વેપારીને છેતરી ગયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

શહેરના કેશવબાગ ચાર રસ્તા પાસે જ્વેલર્સ શોરૂમ ધરાવતા વેપારીને બે ગઠિયાઓ છેતરી ગયા હોવાની ઘટના સામે આવી છે. સોની વેપારી દુબઇ ગયા ત્યારે ત્યાં તેમના ડ્રાઈવરના ઓળખીતા સાથે સંપર્ક થયો હતો. આ ગઠિયાએ પોતે દુબઈનો મોટો વેપારી અને અમીર માણસ હોવાનું કહીને વિશ્વાસ કેળવ્યો હતો. બાદમાં અમદાવાદ આવીને વેપારી પાસેથી દાગીના અને રોકડા ઉછીના લીધા હતા. આરોપીએ તેના સાગરિત સાથે મળીને ૬૦.૭૫ લાખની છેતરપિંડી આચરતા સેટેલાઈટ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સાઉથ બોપલમાં રહેતા હાર્દિકભાઈ ચોક્સી આઈટીસી નર્મદા હોટલની સામે જ્વેલર્સ શોરૂમ ધરાવે છે. હાર્દિકભાઈ વર્ષ ૨૦૨૨માં દુબઈ ગયા ત્યારે ડ્રાઈવરના ઓળખીતા પ્રકાશ દેસાઈનો પરિચય થયો હતો. પ્રકાશે પોતે દુબઈનો મોટો વેપારી અને અમીર માણસ હોવાની છાપ ઊભી કરી હતી. બાદમાં ભારતમાં ઈમ્પોર્ટ એક્સપોર્ટનો ધંધો કરતો હોવાનું કહીને વિશ્વાસ કેળવ્યો હતો. થોડા દિવસો બાદ ભારત આવીને તેણે હાર્દિકભાઈ પાસેથી ૧.૨૫ લાખ ઉછીના લીધા હતા. થોડા દિવસો બાદ પ્રકાશ તેના સાગરિત જીગર પંચાલને લઈને હાર્દિકભાઈની દુકાને ગયો હતો. ત્યાં ઘરમાં લગ્ન પ્રસંગ હોવાનું કહીને ૫૯.૫૦ લાખના દાગીના લીધા હતા. હાર્દિકભાઈએ પેમેન્ટ માંગતા આરોપીઓએ ચેકબુક ગામડે હોવાનું બહાનુ કર્યું હતું. બાદમાં બંનેએ ફોન પર બહાના બતાવીને ધમકી આપી હતી. આમ, બંને આરોપીઓએ સોની વેપારી સાથે કુલ ૬૦.૭૫ લાખની છેતરપિંડી આચરતા સેટેલાઈટ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### અમે ઈઝરાયેલની સાથે સીધી લડાઈમાં ઉતર્યા: હિઝબુલ્લાહ નેતા કાસમ

# હિઝબુલ્લાહે ઈઝરાયેલમાં એક સાથે ૧૧૫ રોકેટ છોડ્યાં: ઇમારતો ધ્વસ્ત

। (એજન્સી) ઈઝરાયેલ, તા.૨૩ ।

લેબનાન સ્થિત આતંકવાદી સંગઠન હિઝબુલ્લાહના દળોએ રવિવારે ઈઝરાયેલમાં એક પછી એક ૧૧૫ રોકેટથી હુમલા કર્યા હતા. જેમાં અનેક ઈમારતોને નુકસાન પહોંચ્યું છે. આ પૈકી કેટલાક રોકેટ ઉત્તરમાં આવેલા હાઈફા શહેરની પાસેના વિસ્તારમાં પડ્યા હતા. હિઝબુલ્લાહના ઉપનેતા નઈમ કાસમે રવિવારે કહ્યું કે તેમનું સંગઠન હવે ઉતર્યું છે અને તેમણે ઈઝરાયેલના ઉત્તરમાં લોકો માટે વધુ વિસ્થાપનની ધમકી આપી છે. આ પહેલા હિઝબુલ્લાહના કમાન્ડર ઈબ્રાહિમ અકીલના અંતિમ સંસ્કાર વખતે કાસેમે કહ્યું હતું કે, અમે માનીએ છીએ કે અમે દુખી છીએ. અમે ઈન્સાન છીએ. પરંતુ જેવી રીતે અમને દુખ મળ્યું છે, એવી જ રીતે તમને પણ દુખ થશે. તમારી (ઈઝરાયેલ)ની અર્થવ્યવસ્થા નષ્ટ થઈ જશે અને તમે તમારો લક્ષ્ય સિદ્ધ કરી શકશો નહીં. આ સાથે કાસમે ઉમેર્યું કે, રવિવારે અમારા સંગઠન દ્વારા ઈઝરાયેલ પર ફેંકેલા ૧૦૦ રોકેટ તો ફક્ત વિનાશની શરુઆત છે. ઈઝરાયેલના મીડિયાએ પોતાના રિપોર્ટમાં જણાવ્યું કે હિઝબુલ્લાહે ઉત્તર જેજરેલ ખીણમાં આવેલા એક સૈન્ય એરપોર્ટને નિશાન બનાવ્યું છે, જેનાથી આખા ક્ષેત્ર અને કબજાવાળા ગોલાન હાઈટ્સ તથા અન્ય વિસ્તારોમાં સાયરન વાગ્યા હતા. ઈઝરાયેલના સૈનિકોએ રવિવારે સવારે ઈઝરાયેલના કબજાવાળા વેસ્ટબેન્કમાં સેટેલાઈટ ન્યુઝ ચેનલ અલઝઝીરાની ઓફિસ પર દરોડા પાડ્યા હતા અને આ બ્યુરો ઓફિસને બંધ કરવા માટે આદેશ આપ્યો છે. ઈઝરાયેલે કતાર દ્વારા આર્થિક ફંડ મેળવતી અલઝઝીરા ચેનલને ટાર્ગેટ બનાવી છે.

### ખાણીયાઓ ૨૫૦ મી. નીચે જમીનમાં કામ કરી રહ્યા હતા ત્યારે ઘટના બની

# ઈરાનની કોલસાની ખાણમાં મિથેન ગેસ લીક થયા બાદ વિસ્ફોટ, ૫૧ લોકોનાં મોત

### ઈરાનની સત્તાવાર સમાચાર એજન્સીએ જણાવ્યું હતું કે પૂર્વી ઈરાનમાં તાબાસ ખાણમાં વિસ્ફોટ થયો ત્યારે તેમાં ૭૦થી વધુ કર્મચારીઓ કામ કરી રહ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ઈરાનમાં રવિવારે કોલસાની ખાણમાં મિથેન ગેસના લીકેજને કારણે ભીષણ વિસ્ફોટ થયો હતો, જેમાં ૫૧ લોકોના મોત થયા હતા અને ૨૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ દુર્ઘટના છેલ્લા કેટલાક વર્ષોમાં થયેલી ભયંકર દુર્ઘટનાઓ પૈકીની આ એક છે. આ વિસ્ફોટ ઈરાનના દક્ષિણ ખોરાસાન પ્રાંતમાં થયો હતો. ઈરાનની સત્તાવાર સમાચાર એજન્સીએ જણાવ્યું હતું કે પૂર્વી ઈરાનમાં તાબાસ ખાણમાં વિસ્ફોટ થયો ત્યારે તેમાં ૭૦થી વધુ કર્મચારીઓ કામ કરી રહ્યા હતા. ખાણના બે બ્લોકમાં વિસ્ફોટ થયો હતો. આ ખાણ ખાનગી ઈરાની કંપની મદનજૂની માલિકીની છે. ઈરાન પ્રશાસને ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવા માટે તાબાસ પહોંચી રહેલી એમ્બ્યુલન્સ અને હેલિકોપ્ટરના ફૂટેજનું રાજ્ય ટીવીએ પ્રસારણ



કર્યું હતું. IRNA ના ઓનલાઈન ફૂટેજમાં કેટલાક પીડિતોના મૃતદેહને ખાણકામના વાહનોમાં સ્થળની બહાર લઈ જવામાં આવતા દર્શાવવામાં આવ્યા હતા. દક્ષિણ ખોરાસાનના ગવર્નર જવાદ ઘેનાતે રાજ્ય ટીવીને જણાવ્યું હતું કે બચાવ ટીમો બાકીના મૃતદેહોને બહાર કાઢવા માટે પૂરતા પ્રયાસો કરી રહી છે. ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા માટે રવાના થતા પહેલા ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને સરકારી ટીવી પર પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને ઘટનાની તપાસનો આદેશ આપ્યો હતો. પેઝેશ્કિયાને કહ્યું હતું કે દુર્ભાગ્યવશ અમને જાણવા મળ્યું હતું કે તાબાસમાં કોલસાની એક ખાણમાં દુર્ઘટના ઘટી હતી અને અમારા ઘણા લોકોએ તેમાં જીવ ગુમાવ્યા હતા. હું તેમના પરિવારો પ્રત્યે મારી હાર્દિક સંવેદના વ્યક્ત કરું છું.'' સ્થાનિક મીડિયા અનુસાર, અધિકારીઓએ વિસ્ફોટ બાદ પ્રાંતમાં ત્રણ દિવસનો જાહેર શોક જાહેર કર્યો છે. ઈરાનના રેડ ક્રેસેન્ટે જણાવ્યું હતું કે ખાણમાં શોધ અને બચાવ કામગીરી ચાલી રહી છે, જ્યાં કેટલાક કામદારો હજુ પણ ફસાયેલા છે. IRNA અનુસાર, આ કર્મચારીઓ જમીનની સપાટીથી લગભગ ૨૫૦ મીટર નીચે હતા.

# આખી જિંદગી કોંગ્રેસની સેવા કરી, ભાજપમાં જોડાવાની અટકળો પર કુમારીએ તોડ્યું મૌન

। (એજન્સી) હરિયાણા,તા.૨૩ ।

હરિયાણા વિધાનસભા ચૂંટણીને લઈને ભારે ઉત્તેજના છે. નેતાઓના નિવેદનો પણ ઉગ્ર બની રહ્યા છે. દરમિયાન, કોંગ્રેસના દિગ્ગજ નેતા કુમારી શૈલજા ભાજપમાં જોડાશે તેવી અટકળો પણ શરૂ થઈ હતી. કોંગ્રેસ સાંસદ કુમારી શૈલજાએ આ અટકળો પર પોતાનું મૌન તોડ્યું છે. કોંગ્રેસ સાંસદ કુમારી શૈલજાએ કહ્યું, 'આ ચૂંટણીનો સમય છે. એટલા માટે તેઓ (ભાજપ) આ કરી રહ્યા છે, નહીં તો ભાજપ પાસે કોંગ્રેસના નેતાઓ માટે કોઈ નરમ કોર્નર નથી. ભાજપમાં જોડાવાની વાત કરવાનો કોઈ અર્થ નથી. કોંગ્રેસ સાંસદે કહ્યું, 'હું આજે જે કંઈ પણ છું. હું કોંગ્રેસને કારણે છું. મેં આખી જિંદગી કોંગ્રેસની સેવા કરી છે. હું ૨-૩ દિવસમાં હરિયાણા વિધાનસભાના ચૂંટણી પ્રચારમાં જોડાઈશ અને કોંગ્રેસની સરકાર બનાવીશ. કુમારી શૈલજાએ કહ્યું, 'વર્ષો સુધી પાર્ટી પાસે કોઈ સંગઠન નહોતું, પરંતુ પાર્ટીના કાર્યકરો જમીન પર કામ કરતા રહ્યા. મારા જેવા લોકો માત્ર ભાષણો આપે છે, પરંતુ પક્ષના કાર્યકરો જ જમીન પર કામ કરે છે. તેથી જ તેમની પાસે અપેક્ષાઓ છે. આ સાથે કોંગ્રેસ સાંસદે કહ્યું, 'જ્યારે તેમને (કાર્યકરોને) જગ્યા નથી મળતી, ત્યારે તેઓ તેની શોધમાં અન્ય સ્થળોએ જાય છે.

# ઓસ્કર ૨૦૨૫માં 'લાપતા લેડીઝ'ની ભારત તરફથી સત્તાવાર એન્ટ્રી

### કિરણ રાવ દ્વારા નિર્દેશિત 'લાપતા લેડીઝ' ૯૭મા એકેડેમી એવોર્ડ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે

। (એજન્સી) નવી દિલ્હી,તા.૨૩ ।

ઓસ્કર ૨૦૨૫ માટે ભારત તરફથી 'લાપતા લેડીઝ'ની સત્તાવાર એન્ટ્રી કરવામાં આવી છે. તેને બેસ્ટ ફોરેન ફિલ્મ કેટેગરીમાં નોમિનેટ કરવામાં આવી છે. કિરણ રાવ દ્વારા નિર્દેશિત 'લાપતા લેડીઝ' ૯૭મા એકેડેમી એવોર્ડ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. ધ ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયાના સભ્યોએ એકેડેમી એવોર્ડ્સમાં ભારતની સત્તાવાર એન્ટ્રીની જાહેરાત કરી છે. આમિર ખાન પ્રોડક્શનમાં બનેલી આ ફિલ્મમાં પ્રતિભા રાંટા, સ્પર્શ શ્રીવાસ્તવ અને નિતાંશી ગોયલ મુખ્ય કલાકારોછે. આ ફિલ્મમાં રવિ કિશન અને છાયા કદમે પણ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. મહત્ત્વપૂર્ણ છે કે, ગયા વર્ષે મલયાલમ સુપરહિટ '૨૦૧૮: એવરીવન ઈઝ અ હીરો' ઓસ્કરમાં ભારતની સત્તાવાર એન્ટ્રી બની હતી. હાલમાં આ ફિલ્મને ખાસ સફળતા મળી નથી. પિતૃસત્તા પર હળવા દિલથી વ્યંગ કરતી હિન્દી ફિલ્મ 'લાપતા લેડીઝ'ને ૨૯ ફિલ્મોની યાદીમાંથી પસંદ કરવામાં આવી છે, જેમાં બોલિવૂડની હિટ 'એનિમલ', મલયાલમ નેશનલ એવોર્ડ વિજેતા 'આટ્ટમ' અને કાન્સ વિજેતા 'ઓલ વી ઈમેજિન ઈઝ




લાઈટ'નો પણ સમાવેશ થાય છે. આસામી દિગ્દર્શક જાહનુ બરુઆના અધ્યક્ષતા હેઠળની ૧૩ સભ્યોની પસંદગી સમિતિએ સર્વસંમતિથી આમિર ખાન અને કિરણ રાવ દ્વારા નિર્મિત 'લાપતા લેડીઝ'ને એકેડેમી એવોર્ડ્સમાં શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ફિલ્મ શ્રેણીમાં સામેલ કરવાનો નિર્ણય લીધો હતો. આ ફિલ્મે તમિલ ફિલ્મ 'મહારાજા', તેલુગુ ફિલ્મ 'કલ્કી ૨૮૯૮ AD' અને 'હનુ-માન'ને પણ પાછળ છોડી દીધી છે. ઉલ્લેખનીય છે કે, 'સ્વાતંત્ર્ય વીર સાવરકર' અને 'આર્ટિકલ ૩૭૦' પણ ૨૯ ફિલ્મોની યાદીમાં સામેલ હતી. મહત્ત્વપૂર્ણ છે કે, ફિલ્મ 'લાપતા લેડીઝ' ૧ માર્ચના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. બોક્સ ઓફિસ પર તેની શરૂઆત ધીમી રહી હતી. જો કે, સકારાત્મક શબ્દો અને સારી સમીક્ષાઓ સાથે તે બોક્સ ઓફિસ પર વેગ પકડવામાં સફળ રહી. Sacknilk અનુસાર, ફિલ્મ માત્ર ૭૫ લાખ રૂપિયાથી ઓપન થઈ હતી. આ ફિલ્મ શરૂઆતના સપ્તાહના અંત સુધીમાં ૪ કરોડ રૂપિયાની કમાણી કરવામાં સફળ રહી હતી. થિયેટરમાં રિલીઝ થયાના ૫૦ દિવસ પછી 'લાપતા લેડીઝ'નું કુલ બોક્સ ઓફિસ કલેક્શન ૧૭.૩૧ કરોડ રૂપિયા રહ્યું હતું. હવે આ ફિલ્મ નેટફ્લિક્સ પર જોઈ શકાય છે. હાલમાં જ કિરણ રાવે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, 'જો લાપતા લેડીઝ ઓસ્કર સુધી પહોંચશે તો મારું સપનું પૂરું થશે. હાલમાં આ એક પ્રક્રિયા છે અને મને ખાતરી છે કે, તેના પર વિચાર કરવામાં આવશે.' ૧૭મી જાન્યુઆરી, ૨૦૨૫ (શુક્રવાર)ના રોજ ૯૭મા ઓસ્કર માટે નોમિનેશનની જાહેરાત કરાશે. ઓસ્કર ૨૦૨૫ના વિજેતાઓની જાહેરાત રવિવાર, ૨ માર્ચ, ૨૦૨૫ના રોજ કરવામાં આવશે. ઓસ્કર ૨૦૨૫ આ વર્ષના શોની જેમ સાંજે ૭ વાગ્યે (EST) શરૂ થશે. ABC એવોર્ડ આ શોનું જીવંત પ્રસારણ કરશે. ભારત વિશે વાત કરવામાં આવે તો, કોઈ વ્યક્તિ તેને ૩ માર્ચે સવારે ૪થી ૪:૩૦ વચ્ચે લાઈવ જોઈ શકશો.

# શ્રીલંકાની પ્રમુખની ચૂંટણીમાં અનુરા કુમારા દિસાનાયકેનો વિજય



। (એજન્સી) કોલંબો, તા.૨૩ ।

શ્રીલંકાની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં માર્ક્સવાદી નેતા અનુરા કુમારા દિસાનાયકેએ રવિવારે વર્તમાન રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેની હરાવીને વિજય મેળવ્યો છે. શ્રીલંકાના ચૂંટણી પંચે જાહેરાત કરી કે, ૫૫ વર્ષીય દિસાનાયકેએ શનિવારે યોજાયેલી ચૂંટણીમાં ૪૨.૩૧ ટકા વોટ મેળવ્યા હતા. વિપક્ષના નેતા સજિત પ્રમદાસા બીજા સ્થાન પર રહ્યા છે તો વર્તમાન પ્રમુખ વિક્રમ સિંઘે તૃતીય સ્થાન પર રહ્યા હતા. ચૂંટણી પંચે પોતાની સત્તાવાર વેબસાઈટ પર પરિણામોની પુષ્ટિ કરી છે. દિસાનાયકે સોમવારે શ્રીલંકાના નવા રાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે. શ્રીલંકામાં યોજાયેલી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં કોઈ ઉમેદવારને જીત માટે જરૂરી ૫૦ ટકાથી વધુ મત ન મળતાં ઈતિહાસમાં પ્રથમ વખત રવિવારે મત ગણતરીના બીજા તબક્કાનો આદેશ આપવામાં આવ્યો છે. ચૂંટણી પંચના અધ્યક્ષ આર. એમ.એ. એલ. રત્નાયકેએ જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં દિસનાયકે અને પ્રેમદાસાએ સૌથી વધુ મત મેળવ્યા હતા. જો કે, તેમણે કહ્યું કે બંનેમાંથી કોઈને પણ ૫૦ ટકાથી વધુ મત મળ્યા ન હોવાથી, મતોની બીજી પસંદગીની ગણતરી કરવામાં આવશે.

# રાંચીમાં મધમાખીના કરડવાથી એક જ પરિવારના ચાર લોકોના મોત

। (એજન્સી) ઝારખંડ,તા.૨૩ ।

ઝારખંડના રાંચીથી એક દુઃખદ સમાચાર સામે આવી રહ્યા છે. અહીં મધમાખીના કરડવાથી એક જ પરિવારના ચાર લોકોના મોત થઈ ગયા છે. આ ઘટના તુપુદાન પોલીસ સ્ટેશન વિસ્તારની હોવાની માહિતી મળી રહી છે. મૃતકોમાં એક મહિલા અને ત્રણ બાળકો સામેલ છે. આ ઘટના ૨૧ સપ્ટેમ્બરના રોજ ઘટી હતી. પીડિતાના પતિ સુનિલ બારલાએ જણાવ્યું કે, મારી પત્ની બાળકો સાથે પિયર હઈ હતી. આ દરમિયાન આ ઘટના ઘટી. મહિલા ખૂંટી જિલ્લાના કર્રા બ્લોકના કોસંબી ગામની રહેવાસી હતી. પતિએ જણાવ્યું કે, મારી પત્ની તુપુદાન પોલીસ સ્ટેશન વિસ્તારની હરદાગ ગઢા ટોલી વિસ્તારમાં સ્થિત પોતાના પિયર ગઈ હતી. શનિવારે તેઓ એક કૂવા પાસે સ્નાન કરવા માટે ગયા હતા. આ દરમિયાન અચાનક મધમાખીના ઝૂંડે તેમના પર હુમલો કરી દીધો હતો. આ મધમાખીના હુમલામાં ચારેયના મૃત્યુ થઈ ગયા છે. મારી પત્ની પોતાના બાળકો અને ગામના કેટલાક અન્ય લોકો સાથે કૂવા પર સ્નાન કરવા ગઈ હતી.

## તંત્રી લેખ...

# વન નેશન, વન ઈલેક્શનનો મુદ્દો હવે ફરીથી ચર્ચામાં છે

વન નેશન, વન ઈલેક્શનનો મુદ્દો હવે ફરી ચર્ચામાં છે. ભારતમાં ૧૯૫૨, ૧૯૫૭. ૧૯૬૨ અને ૧૯૬૭માં લોકસભાની અને વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે યોજાઈ હતી. વર્ષ ૧૯૬૮ અને ૧૯૬૯માં ઘણી વિધાનસભાઓ ભંગ કરવામાં આવી. એ પછી ૧૯૭૦માં લોકસભા પણ ભંગ કરવામાં આવી જેને લીધે એક દેશ, એક ચૂંટણીનો ક્રમ ખોરવાયો. ૧૯૮૩માં પૂર્વ પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધી સામે પણ એક દેશ, એક ચૂંટણીનો પ્રસ્તાવ આવ્યો હતો, પણ તેમણે તે ફગાવી દીધો હતો. આજે સરકારનો હેતુ એક સાથે ચૂંટણી યોજીને ખર્ચ, સમય અને વારંવાર એકથી વધુ સ્થળોએ યોજાતી વિવિધ ચૂંટણીઓને કાબૂ કરવાનો છે. જે માટે બંધારણમાં સંશોધન કરવું સરળ નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૪માં વન નેશન, વન ઈલેક્શન-નું વચન આપેલું તે દિશામાં એક દાયકે આગળ વધવાના સંકેતો મળી રહ્યા છે. વન નેશન, વન ઈલેક્શન અંગે વિચારણા કરવા પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં ૨ સપ્ટેમ્બર, ૨૦૨૩ને રોજ ૮ સભ્યોની કમિટી રચવામાં આવી હતી. સમિતિએ આ મુદ્દે ૬૨ રાજકીય પક્ષોનો સંપર્ક કર્યો હતો ને તેમાંથી ૩૨ પક્ષોએ વન નેશન, વન ઈલેક્શન-ને સમર્થન આપ્યું હતું અને ૧૫ પક્ષોએ વિરોધ કર્યો હતો. બાકીના ૧૫ પક્ષોની કોઈ પ્રતિક્રિયા જ ન હતી. આ સમિતિએ ૧૯૧ દિવસનાં રિસર્ચને અંતે ૧૪ માર્ચે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને ૧૮૬૨૬ પાનાંનો રિપોર્ટ સોંપ્યો છે. કોવિંદ કમિટીએ ૭ દેશની ચૂંટણી પ્રક્રિયા પર સંશોધન કરીને રિપોર્ટ તૈયાર કર્યો છે. રિપોર્ટમાં ૨૦૨૯માં એક સાથે ચૂંટણી કરાવવાનું લક્ષ્ય છે. એને આધારે વિધાનસભા અને શહેરી સંસ્થાઓનું ચૂંટણીનું મોડેલ આપવામાં આવ્યું છે. એ મુજબ કેટલાંય રાજ્યોનું ચૂંટણી કેલેન્ડર બદલાય એમ બને. હાલના સંજોગોમાં વન નેશન, વન ઈલેક્શન લાગુ કરવાનું થાય તો કેટલાંક રાજ્યોની વિધાનસભાનો કાર્યકાળ ઘટાડવાનો થાય, તો જે રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી ૨૦૨૪નાં ડિસેમ્બર સુધીમાં યોજાવાની છે, તેનો કાર્યકાળ લંબાવવાનો પણ થાય. એમ પણ છે કે બધા પક્ષો લૉ કમિશનના પ્રસ્તાવ પર સંમત થશે તો એક સાથે ચૂંટણી ૨૦૨૯માં જ આપવામાં આવશે. એને માટે ૨૫ રાજ્યોમાં ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં વિધાનસભાની ચૂંટણી યોજવાની થશે. આમ તો એક સાથે ચૂંટણી યોજવાનું મુશ્કેલ છે.

# યુએસએમાં ભારતીય સમુદાયને પ્રધાનમંત્રીના સંબોધનનો મૂળપાઠ

ભારત માતા કી જય.! હેલો યુ.એસ., હવે આપણું નમસ્તે પણ બહુરાષ્ટ્રીય બની ગયું છે, સ્થાનિકથી વૈશ્વિક, અને તમે આ બધું કર્યું છે. દરેક ભારતીય જેણે ભારતને પોતાના હૃદયમાં રાખ્યું છે તેમણે કર્યું છે. તમે આટલે દૂર અહીં આવ્યા છો, કેટલાક જૂના ચહેરા છે, કેટલાક નવા ચહેરા છે. તમારો આ પ્રેમ મારું પરમ સૌભાગ્ય છે. મને એ દિવસો યાદ આવે છે. જ્યારે હું પીએમ પણ નહોતો, સીએમ પણ નહોતો, નેતા પણ નહોતો. તે સમયે હું અહીં તમારી વચ્ચે એક જિજ્ઞાસુ વ્યક્તિ તરીકે આવતો હતો. આ ધરતીને જોઈને, સમજીને મનમાં ઘણા પ્રશ્નો લઈને આવ્યા. જ્યારે હું કોઈ પદ પર ન હતો. આ પહેલા પણ મેં અમેરિકાના ૨૯ જેટલા રાજ્યોની મુલાકાત લીધી હતી. ત્યારપછી જ્યારે હું સીએમ બન્યો ત્યારે પણ ટેક્નોલોજી દ્વારા તમારી સાથે જોડાવાની પ્રક્રિયા ચાલુ રહી. પીએમ હોવા છતાં મને તમારા તરફથી અપાર પ્રેમ અને સ્નેહ મળ્યો છે. ૨૦૧૪માં મેડિસન સ્ક્વેર, ૨૦૧૫માં સેન જોસ, ૨૦૧૯માં હ્યુસ્ટન, ૨૦૨૩માં વોશિંગ્ટન અને હવે ૨૦૨૪માં ન્યૂયોર્ક અને તમે લોકો દર વખતે અગાઉનો રેકોર્ડ તોડશો. હું હંમેશા તમારી ક્ષમતા, ભારતીય ડાયસ્પોરાની સંભાવનાને સમજ્યો છું. જ્યારે હું કોઈ સરકારી હોદ્દો ધરાવતો ન હતો ત્યારે પણ હું તેને સમજતો હતો અને આજે પણ સમજું છું. તમે બધા હંમેશા મારા માટે ભારતના સૌથી મજબૂત બ્રાન્ડ એમ્બેસેડર રહ્યા છો. અને તેથી જ હું તમને બધાને રાષ્ટ્રના રાજદૂત કહું છું. તમે અમેરિકાને ભારત સાથે અને ભારતને અમેરિકા સાથે જોડ્યું છે. તમારી કુશળતા, તમારી પ્રતિભા, તમારી પ્રતિબદ્ધતા, તેની સાથે કોઈ મેળ નથી. તમે સાત સમંદર પાર કરી ગયા હશો. પણ કોઈ મહાસાગર એટલો ઊંડો નથી કે તે તમારા હૃદયમાં રહેલા ભારતને તમારાથી છીનવી શકે. ભારત માતાએ આપણને જે શીખવ્યું તે આપણે ક્યારેય ભૂલી શકતા નથી. અમે જ્યાં પણ જઈએ છીએ, અમે દરેકને પરિવારની જેમ માનીએ છીએ અને તેમની સાથે ભળીએ છીએ. વિવિધતાને સમજવી, વિવિધતાને જીવવી, તેને આપણા જીવનમાં લાગુ કરવી, તે આપણા મૂલ્યોમાં છે, આપણી નસોમાં છે. આપણે એ દેશના રહેવાસી છીએ, આપણી પાસે સેંકડો ભાષાઓ છે, સેંકડો બોલીઓ છે. વિશ્વમાં તમામ ધર્મો અને સંપ્રદાયો છે. તેમ છતાં, અમે એકજૂથ અને ઉમદા રીતે આગળ વધી રહ્યા છીએ. અહીં આ હોલમાં જ જુઓ, કોઈ તમિલ બોલે છે, કોઈ તેલુગુ, કોઈ મલયાલમ, કોઈ કન્નડ, કોઈ પંજાબી, કોઈ મરાઠી અને કોઈ ગુજરાતી, ભાષાઓ તો ઘણી છે, પણ લાગણી એક છે. અને તે લાગણી છે, ભારત માતા કી જય. તે લાગણી છે - ભારતીયતા. દુનિયા સાથે જોડાવા માટે આ આપણી સૌથી મોટી તાકાત છે. આ મૂલ્યો સ્વાભાવિક રીતે જ આપણને વિશ્વ ભાઈઓ બનાવે છે. તે આપણા સ્થાને કહેવાયું છે - દસ ત્યક્તેન ભૂંજીથા. મતલબ કે ત્યાગ કરનારને જ આનંદ મળે છે. આપણે બીજાનું ભલું કરીને અને બલિદાન આપીને સુખ શોધીએ છીએ. અને ભલે આપણે ગમે તે દેશમાં રહીએ, આ લાગણી બદલાતી નથી. આપણે જે સમાજમાં રહીએ છીએ તેમાં આપણે વધુ ને વધુ યોગદાન આપીએ છીએ. અહીં અમેરિકામાં, તમે ડૉક્ટર તરીકે, સંશોધકો તરીકે, ટેક પ્રોફેશનલ્સ તરીકે, વૈજ્ઞાનિક તરીકે કે અન્ય વ્યવસાયોમાં જે ધ્વજ ફરકાવ્યો છે તે તેનું પ્રતીક છે. થોડા સમય પહેલા જ અહીં T-20 ક્રિકેટ વર્લ્ડ કપ યોજાયો હતો અને દુનિયાએ જોયું છે કે યુએસએની ટીમ કેટલી શાનદાર રીતે રમી હતી અને તે ટીમમાં અહીં રહેતા ભારતીયોનું યોગદાન હતું. વિશ્વ માટે AI એટલે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ. પણ હું માનું છું કે AI એટલે અમેરિકા-ભારત. અમેરિકા-ભારત આ ભાવના છે અને તે નવી દુનિયાની એઆઈ શક્તિ છે. આ છેં ભાવના ભારત-અમેરિકા સંબંધોને નવી ઊંચાઈ આપી રહી છે. ભારતીય ડાયસ્પોરા, હું તમને બધાને સલામ કરું છું. હું તમને બધાને સલામ કરું છું. હું દુનિયામાં જ્યાં પણ જાઉં છું ત્યાં દરેક નેતા પાસેથી ભારતીય ડાયસ્પોરાના વખાણ સાંભળું છું. ગઈકાલે જ, રાષ્ટ્રપતિ બિડેન મને ડેલવેરમાં તેમના ઘરે લઈ ગયા. તેમની આત્મીયતા, તેમની હૂંફ, મારા માટે હૃદય સ્પર્શી ક્ષણ હતી. આ સન્માન ૧૪૦ કરોડ ભારતીયોનું છે, આ સન્માન તમારું છે, તમારા પ્રયાસોનું છે, આ સન્માન અહીં રહેતા કરોડો ભારતીયોનું છે.

**માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવ, આચાર્ય દેવો ભવ, અને અતિથિ દેવો ભવ, આ ચાર સૂત્રો આપણી હિન્દુ સંસ્કૃતિનાં મુખ્ય ચાર સૂત્ર છે**

# માતૃ દેવો ભવઃ અને પિતૃ દેવો ભવઃ નું આચરણ કરીશું તો શ્રાદ્ધ વખતે શ્રદ્ધાની કમી નહીં રહે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આપણા ધર્મમાં માતાને સંસ્કૃતિની પ્રથમ સંસ્થાપક તરીકે ગણવામાં આવી છે, કારણકે જન્મનાર બાળક માતાના ગર્ભમાં નવ મહિના સુધી રહે છે, અને ત્યાં જે તે શિક્ષણ પામે છે, તે અતિ મહત્વનું હોય છે. એટલે જ આપણે ત્યાં ગર્ભસ્થ શિશુનાં શિક્ષણની પણ હિમાયત કરવામાં આવી છે, એટલે કે માતાને કઈ રીતે વર્તવું, તે ઘરના વડીલો તેને કહેતા હોય છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ચરણ ઉપરાંત મનથી ગતિ થાય છે, વિચારથી ગતિ થાય છે, અને આચરણથી કર્મની ગતિ થાય છે, કર્મની ગતિ પરથી આત્માની ગતિ નક્કી થાય છે, એટલે કે સદગતિ માટે આચરણ બહુ જ મહત્વનું છે. તેમજ શરીર ન રહે તો પણ લોકોના હૃદયમાં સ્થાન અંકિત કરવા માટે કર્મની ગતિ બહુ જ જરૂરી છે, અને એટલે જ તો આપણે આજ સુધી બુદ્ધ પુરુષોના ચરિત્રોને યાદ કરીએ છીએ. હિંદુ સનાતન ધારા આવા ચરિત્રોથી જ બની છે, અને તેમણે મુખ્ય ચાર સ્તંભ સમાન ચાર સૂત્રો આપ્યા છે. માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવ, આચાર્ય દેવો ભવ, અને અતિથિ દેવો ભવ, આ ચાર સૂત્રો આપણી હિન્દુ સંસ્કૃતિનાં મુખ્ય ચાર સૂત્ર છે. એમાં પણ અત્યારે શ્રાદ્ધ પર્વ એટલે કે ભાદરવા વદના દિવસો ચાલી રહ્યા છે, ત્યારે જેના વડીલો હયાત નથી, તેઓ શ્રાદ્ધ કરી અને તેમને યાદ કરતા હોય છે, અથવા તો પિતૃ ઋણમાંથી મુક્ત થવાની કોશિશ કરતા હોય છે. શ્રાદ્ધ કરવું એ સારી વાત છે, પરંતુ પિતૃ નડશે એવું વિચારીને ક્યારેય શ્રાદ્ધ કરવું નહીં. ઘણા પરિવારોમાં તો શ્રાદ્ધને દિવસે જ પોતાના વડીલોને યાદ કરવામાં આવે છે, એમનાં ફોટા સાફ કરવામાં આવે છે. તેઓના જીવતા તેમની પરવા ન કરી હોય, એવાં ઘણા પરિવારો હોય છે. વૃદ્ધાશ્રમમાં માતા-પિતાને મૂકી આવ્યા હોય તેવા પણ પરિવારો મોજુદ છે. આ બધું શું સૂચવે છે? શું ખરેખર આપણી સંસ્કૃતિનું ધોવાણ થઈ રહ્યું છે? ઋષિ પરંપરા ભુલાઈ રહી છે. આધુનિક વિજ્ઞાન માત્ર બાહ્ય વિકાસમાં માનનારુ છે, આંતરિક વિકાસ તરફ ગુરુકુળમાં જે શીક્ષા દેવાતી હતી, તે આજકાલ દેવાતી નથી. સ્પર્ધાઓ અને માત્ર સ્પર્ધાઓ જ વિદ્યાર્થીના જીવનમાં લખાયેલી છે, એટલે પાયાથી જો જોવામાં આવે તો આ શિક્ષણ પદ્ધતિનો પણ થોડો દોષ છે. માતૃ દેવો ભવઃ આપણા ધર્મમાં માતાને સંસ્કૃતિની પ્રથમ સંસ્થાપક તરીકે ગણવામાં આવી છે. કારણકે જન્મનાર બાળક માતાના ગર્ભમાં નવ મહિના સુધી રહે છે, અને ત્યાં જે તે શિક્ષણ પામે છે, તે અતિ મહત્વનું હોય છે. એટલે જ આપણે ત્યાં ગર્ભસ્થ શિશુનાં શિક્ષણની પણ હિમાયત કરવામાં આવી છે, એટલે કે માતાને કઈ રીતે વર્તવું, તે ઘરના વડીલો તેને કહેતા હોય છે. ખાવા-પીવામાં



ધ્યાન રાખવું, ઉપરાંત આ દિવસોમાં સારું વાંચન કરવું, અને બને તેટલા ખુશ રહેવાનો આગ્રહ કરવામાં આવે છે.આ બધાનું કારણ એ જ છે, કે આવનાર શિશુ તંદુરસ્ત શરીર, અને તંદુરસ્ત મન લઈને જન્મે, અને આપણી સંસ્કૃતિનું સંવાહક બને. એટલે માતાનો આદર કરવો એ દરેક બાળકનો કે સંતાનનો ધર્મ છે જ, પરંતુ માતા તુલ્ય અન્યનો પણ એ જ રીતે આદર કરી, અને તેનાં સુખ-દુઃખમાં સાથ આપીને સંસ્કૃતિનું વર્ધન કરવાનું છે. જન્મ્યાં પછી તોતડી તોતડી બોલીમાં માતા તેને નાના-મોટા સંસ્કૃતના શ્લોકો શીખવતી હોય છે. તેમજ મોટેભાગે દરેક બાળકને, તેની માતા જ વંદન કરતાં શીખવે છે. કોઈનાં પણ ચરણમાં નમન કે વંદન કરવું એ અહંકાર મુકત અવસ્થાનું પ્રતીક છે.તો માતા બાળકને સદા સરળ અને નમ્ર બનાવવાની કોશિશ કરે છે. અપવાદ દરેક જગ્યાએ હોય! જેમ કે ઈતિહાસ સાક્ષી છે કે ગાંધારી અને કૈકેયી જેવી માતાને કારણે રામાયણ અને મહાભારત બન્યા હતા, અને સમાજમાં પણ આવા કિસ્સાઓ બનતા હોય છે. પરંતુ અપવાદથી સંસ્કૃતિ બનતી નથી. આપણને સૌને આપણી માતા એ આ જ રીતે જન્મ આપ્યો છે, અને તેના અરમાન છે કે તેમનું સંતાન ખુબ જ પ્રગતિ કરે, પણ કોઈનો હક્ક છીનવીને,કે દિલ દુભાવીને નહીં. પિતૃ દેવો ભવઃ પિતા એ બાળકના જીવનનો આધાર ગણવામાં આવ્યા છે. તેનાં ભરણપોષણની સંપૂર્ણ જવાબદારી પિતાનાં ખભા પર હોય છે. હવે તો નાનકડા પરિવારો થઈ ગયા છે, પરંતુ થોડીક પાછળ નજર કરીએ તો, સંયુક્ત કુટુંબો હતા, અને એમાં પણ ઘણા બધા સભ્યો તેમજ સંતાનો એક સાથે રહેતા હતા. પિતાની આંગળી પકડીને કે તેને ખભે બેસીને મોટું થયેલું બાળક, પિતા માંથી ઘણા સંસ્કાર ગ્રહણ કરે છે. પરિવારને કેમ બાંધીને રાખવો, તેમજ પરિવાર માટે કર્તવ્ય કર્મને હંમેશાં મહત્વ આપવું, એ મૂળ સંસ્કાર સંતાનને પિતા માંથી મળતા હોય છે, માતા થોડી મમતાને કારણે સંતાનને લાડ લડાવતી હોય છે, પરંતુ પિતા હંમેશા વર્તમાન અને ભવિષ્યનું વિચારીને સંતાન સાથે ક્યારેક થોડું કડક વલણ દાખવતાં જોવા મળે છે. જે આવતી કાલે ખભા પર આવતી દરેક પરિસ્થિતિનો સામનો કરવા મજબૂત હોવો જોઈએ, માટે પિતા એ રીતે સંતાનમાં સંસ્કાર સિંચન કરતા હોય છે.તેના હૃદયમાં પણ સંતાન માટે પૂરેપૂરી લાગણી હોય છે, પરંતુ તે એટલી દેખાવા દેતાં નથી. સંતાનના ભણતર માટે તે પોતાનાં નીજી શોખને ત્યજી દેતા જરા પણ અચકાતા નથી, પરંતુ આ બધું આજકાલની પેઢીને યાદ રહેતું નથી. આપણને ઘણીવાર એવું સાંભળવા મળે છે, કે ઉછેર કર્યો એમાં શું નવાઈ કરી, એ તો તમારી ફરજ હતી. કબૂલ છે ફરજ હતી, પરંતુ હવે સંતાનની કોઈ જ ફરજ નથી આવતી?. દરેક શહેરોમાં નવા નવા બનતા વૃદ્ધાશ્રમો શું સૂચવે છે? શું આ જ આપણી સંસ્કૃતિ છે? ઘણીવાર મા-બાપ વિચારતા હોય છે, કે પોતાના ઉછેરમાં એવી તે કઈ ત્રુટિ રહી ગઈ? પિતાને માન આપવું એ દરેક સંતાનનો ધર્મ છે, પરંતુ પિતાતુલ્ય વ્યક્તિને પણ એટલું જ માન આપીને આપણી સંસ્કૃતિને ઉપર લાવવાની છે. શ્રાદ્ધમાં શ્રદ્ધા રાખવી જ જોઈએ! એટલે આપણી સંસ્કૃતિમાં પૂર્વ જન્મ અને પુનર્જન્મ બંને શક્ય છે, પણ વધતાં જતાં વૃદ્ધાશ્રમો માં રહેતા મરનાર વૃદ્ધને ફરી જન્મ લેવાની ઈચ્છા જ ન થાય! એવું પણ બને! અને બીજું એમના જીવતા જો નિસાસો નીકળ્યો તો પછી એ જે ભોગવી રહ્યા હશે એ આપણે પણ... અને આવી તૈયારી હોય તો જ! નહીં તો જીવતા જ સાચવી લ્યો, અને એ સમય ચાલ્યો ગયો હોય તો અમુક દિવસે વૃદ્ધની આર્થિક માનસિક કે શારીરિક સેવા કરીને પ્રાયશ્ચિત પણ કરી શકાય. આપણાં વડીલો આપણા પર ગર્વ કરીને વિદાય થઈ શકે એવી એક અનન્ય પ્રાર્થના સાથે, હું મારા શબ્દોને અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા સ્નેહ વંદન અને જય સીયારામ.

**માતાપિતાને પુત્ર માટે બહુ ચિંતા હોય પણ પુત્રેષ્ણા પાછળ અનેક વાસનાઓ આવે, પુત્રેષ્ણા અને પછી વિત્તેષણા અને પછી લોકેષણા જાગે છે**

# પિંડદાનનો અર્થ કોઈ સમજતા નથી, આ શરીરને પિંડ કહે છે, તેને પરમાત્માને અર્પણ કરવું તેનું નામ પિંડદાન



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**તમારું પિંડદાન તમારે હાથે કરો એ જ ઉત્તમ છે, જે પિંડમાં છે તે બ્રહ્માંડમાં છે, નિશ્ચય કરો કે, આ શરીર-પિંડ પરમાત્માને અર્પણ કરવો છે, તારું પિંડદાન તું તારા હાથે જ કરી નાખ! ઘરમાં જે છે તે બધું વાપરી નાખ અને નારાયણ નારાયણ કર! મહાત્માનો આવો સુંદર બોધ આત્મદેવને ગમ્યો નહીં, તેણે દુરાગ્રહ કર્યો કે, મને પુત્ર આપો, નહીંતર હું પ્રાણત્યાગ કરીશ, મહાત્માને દયા આવી.**

કાળઝાળ ગરમી બફારાથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. ભાદરવા મહીનામાં ગરમી હોય પણ આટલો બફરો ના હોય..આ વર્ષે અતિભારે બફારો થઈ રહયો છે જે વરસાદ આવશે તેવી કુદરતી ચેતવણી આપે છે. શ્રાધ્ધ પક્ષમાં આજે જોઈએ તો ભાગવતના શ્રવણથી, દર્શનથી, પૂજનથી પાપનો નાશ થાય છે. શ્રીમદ્ ભાગવતના શ્રવણ માત્રથી સદગતિ મળે છે.દષ્ટાંત વગર સિદ્ધાંત મનમાં ઠસતો નથી તેથી આત્મદેવ બ્રાહ્મણનું દષ્ટાંત કહી કથા શ્રવણનો મહિમા સમજાવે છે. તુંગભદ્રા નદીના કિનારે એક ગામ હતું. ત્યાં આત્મદેવ નામનો એક બ્રાહ્મણ પોતાની પત્ની ધુંધલી સાથે રહેતો હતો. આત્મદેવ પવિત્ર હતો પણ આ ધુંધલી સ્વભાવની ક્રૂર, પારકી પંચાત કરવાવાળી અને ઝઘડાળુ સ્ત્રી હતી. આત્મદેવ નિઃસંતાન હતો. સંતતિના અભાવે તે દુઃખી હતો. તેથી તેણે આત્મહત્યા કરવાનો નિશ્ચય કર્યો. તે માટે તે વનમાં નદીકિનારે આવ્યો. ત્યાં તેને એક મહાત્મા મળ્યા. આત્મદેવ મહાત્મા પાસે દુઃખ રડવા લાગ્યો કે, ખાવાનું ઘણું છે પણ ખાનાર કોઈ નથી, એટલે દુઃખી છું. તેથી આત્મહત્યા કરવા અહીં આવ્યો છું. મહાત્માએ કહ્યુંઃ 'તારે પુત્ર નથી. એમાં ભગવાનની કૃપા છે. છોકરો ન થાય તો સમજવું કે ઠાકોરજીએ મારા હાથે જ બધું ધન વાપરવાનું મારા નસીબમાં લખ્યું છે, એટલા માટે મને પુત્ર આપ્યો નથી. તેથી ઈશ્વર જે સ્થિતિમાં રાખે તેમાં આનંદ માનવો.' એક વખત એકનાથ મહારાજ વિઠ્ઠલનાથજીનાં મંદિરમાં દર્શન કરવા ગયા. એકનાથજીને લાયક પત્ની મળી હતી તેથી તેઓ ભગવાનનો ઉપકાર માને છે. એકનાથ મહારાજ કહે છે કે, મને સ્ત્રી સંગ નહીં પણ સત્સંગ મળ્યો છે. તમે અનુકૂળ પત્ની આપી છે, તેથી હું તમારું ભજન કરું છું. થોડીવાર પછી ત્યાં તુકારામ મહારાજ દર્શન કરવા આવ્યા. તુકારામની પત્ની કર્કશા હતી છતાં તુકારામ મહારાજ આ સ્ત્રી આપવા બદલ ભગવાનનો ઉપકાર માને છે. કહે છે કે, તમે પ્રતિકૂળ પત્ની આપી છે એટલે તમારું ભજન કરું છું. સારી પત્ની મળી હોત તો હું તેની પાછળ પડત, તમને ભૂલી જાત. એકનાથજીને અનુકૂળ પત્ની મળી છે તેથી આનંદ છે અને તુકારામને પ્રતિકૂળ પત્ની મળી છે તોય આનંદ છે. નરસિંહ મહેતાના કુટુંબનો નાશ થયો છતાં મહેતાએ તેમાં આનંદ માન્યો અને ગાયું, 'ભલું થયું ભાંગી જંજાળ,સુખે ભજીશું શ્રી ગોપાળ 'એકની પત્ની અનુકૂળ બીજાની પત્ની પ્રતિકૂળ, ત્રીજાની પત્નીનું મરણ તો પણ આ ત્રણે મહાત્મા ઓ આનંદ માને છે. વૈષ્ણવ તેનું નામ જે પ્રત્યેક પરિસ્થિતિમાં પરમાત્માની કૃપાનો અનુભવ કરે અને મનને શાંત રાખે. માતાપિતાને પુત્ર માટે બહુ ચિંતા હોય છે.પણ પુત્રેષ્ણા પાછળ અનેક વાસનાઓ આવે છે. પુત્રેષ્ણા અને પછી વિત્તેષણા અને પછી લોકેષણા જાગે છે. આત્મદેવે કહ્યુંઃ 'મહારાજ, મને પુત્ર આપો. પુત્ર વિના પિતાની સદ્ગતિ નથી.'મહાત્મા આત્મદેવને સમજાવે છે કે, ભાઈ, પુત્રથી જ સદગતિ થતી નથી કે પુત્રથી ભક્તિ મળતી નથી. પુત્ર જ જો સદગતિ આપી શકતા હોય, તો લગભગ બધાને ત્યાં પુત્ર છે અને તેથી દરેકને સદગતિ મળી જાય. પિતા એવી આશા ન રાખે કે મારો પુત્ર શ્રાદ્ધ કરશે અને હું તરી જઈશ. મારે કાંઈ કરવાનું રહેતું નથી. શ્રાદ્ધ કરવાથી જીવ સારી યોનિમાં જાય એ ખરું, પણ એ જન્મમરણના ત્રાસમાંથી છૂટતા નથી.શ્રાદ્ધ કરવાની ના નથી.શ્રાદ્ધ કરવાથી પિતૃઓ પ્રસન્ન થઈ આશીર્વાદ આપે છે, પણ શ્રાદ્ધથી ભક્તિ મળતી નથી. પિંડદાનનો અર્થ કોઈ સમજતા નથી. આ શરીરને પિંડ કહે છે, તેને પરમાત્માને અર્પણ કરવું તેનું નામ પિંડદાન.આ પ્રમાણે જીવન અર્પણ કરે તેનું પિંડદાન સાચું. બાકી માત્ર લોટના પિંડદાનથી ભક્તિ મળતી હોય,તો ઋષિમુનિ ઓ ધ્યાન,યોગ, જપ, તપ આદિ સાધનો કરે જ શા માટે? પોતાનું સત્કર્મ જ જીવન મરણના ત્રાસમાંથી માણસને છોડાવે છે, બીજાનું નહીં,જીવ પોતે જ પોતાનો ઉદ્ધાર કરી શકે છે. ગીતામાં ચોખ્ખા શબ્દોમાં કહ્યું છે કે, પોતે જ પોતાનો ઉદ્ધાર કરવો, અને પોતાને અધોગતિમાં લઈ જનાર કાંઈ હોય તો તે પણ પોતે જ છે. જીવનનો ઉદ્ધાર જીવ પોતે ન કરે, તો તેનો ઉદ્ધાર બીજું કોણ કરવાનું હતું? મનુષ્યનો પોતાના સિવાય બીજો કોણ મોટો હિતકારી હોઈ શકે? જો તે પોતાનું શ્રેય જાતે ન કરી લે, તો પુત્ર વગેરે શું કરવાના હતા? પોતે કરવાનું પોતે ન કરવું અને દીકરા કરશે એમ માનવું એ કેવી વાત?શ્રુતિ તો કહે છે કે,ઈશ્વરનો અપ રોક્ષ અનુભવ નથાય,જ્ઞાન ન થાય ત્યાં સુધી ભક્તિ મળતી નથી. મરતાં પહેલાં જે ભગવાનને ઓળખે છે તેને ભક્તિ મળે છે. પરમાત્માનો અપરોક્ષ સાક્ષાત્કાર કર્યા વગર ભક્તિ મળતી નથી. સાક્ષાત્કારથી જ માણસ મૃત્યુને ઓળંગી જાય છે, જીતી જાય છે. આ સિવાય બીજો કોઈ માર્ગ છે જ નહીં.ભગવાનને જાણ્યા સિવાય બીજો કોઈ માર્ગ નથી. બાકી કેવળ શ્રાદ્ધ કરવાથી કાંઈ ભક્તિ મળતી નથી.હા, તમારું પિંડદાન,એટલે કે આ તમારું શરીર પરમાત્માને અર્પણ કરશો તો તમારું કલ્યાણ થશે. તમારું પિંડદાન તમારે હાથે કરો એ જ ઉત્તમ છે. જે પિંડમાં છે તે બ્રહ્માંડમાં છે. નિશ્ચય કરો કે, આ શરીર-પિંડ પરમાત્માને અર્પણ કરવો છે.તારું પિંડદાન તું તારા હાથે જ કરી નાખ!ઘરમાં જે છે તે બધું વાપરી નાખ અને નારાયણ નારાયણ કર!મહાત્માનો આવો સુંદર બોધ આત્મદેવને ગમ્યો નહીં. તેણે દુરાગ્રહ કર્યો કે, મને પુત્ર આપો, નહીંતર હું પ્રાણત્યાગ કરીશ. મહાત્માને દયા આવી. તેમણે એક ફળ આપ્યું અને કહ્યું,આ ફળ તારી સ્ત્રીને આપજે તારે ત્યાં લાયક પુત્ર થશે. આત્મદેવ તે ફળ લઈને ઘરે આવ્યો અને ફળ પોતાની પત્નીને આપ્યું. ધુંધલીએ વિચાર કર્યો, ફળ ખાઈશ તો સગર્ભા થઈશ અને દુઃખી થઈશ. કોણ એ પીડામાં પડે! એટલે તેણે પોતાની બહેનને વાત કરી,બહેનને સલાહ આપી કે,મને બાળક થવાનું છે તે હું તને આપી જઈશ. તું માત્ર સગર્ભા હોવાનું નાટક કર! ધુંધલીને ફળ તો જોઈએ છે પણ દુઃખ જોઈતું નથી.આ મનુષ્ય સ્વભાવ છે. સુખ તો જોઈએ પણ વિના પ્રયત્ને, વિના દુઃખે, મનુષ્યને પુણ્ય કરવું નથી અને પુણ્યનું ફળ જોઈએ છે,પાપ કરવું છેઅને પાપ નું ફળ જોઈતું નથી. ધુંધલીએ તે ફળ ગાયને ખવડાવી દીધું, ને નાટક કર્યું. છેવટે બહેનનો છોકરો લઈ આવી જાહેર કર્યું કે મને પુત્ર થયો છે. ધુંધલીએ પુત્રનું નામ ધુંધુકારી રાખ્યું. આ બાજુ જે ગાયને ફળ ખવડાવેલું તે ગાય ને મનુષ્યકારનું ગાય જેવા કાન વાળું બાળક થયું. તેનું નામ ગોકર્ણ રાખવામાં આવ્યું. બાળકો મોટા થયાં. ગોકર્ણ પંડિત અને જ્ઞાની થયો.ધુંધુકારી દુષ્ટ નીકળ્યો. ભાગવતની કથા ત્રણ પ્રકારે વિચારવાની છેઃ આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક. માનવ કાયા એ તુંગભદ્રા છે. ભદ્રા એટલે કલ્યાણ કરનારી અને તુંગ એટલે વધારે. પુષ્કળ કલ્યાણ કરનારી નદી એ તુંગભદ્રા. તે જ મનુષ્ય શરીર. માનવકાયા દ્વારા મનુષ્ય આત્મદેવ થઈ શકે છે. આત્માનો દેવ બને તે આત્મદેવ. આત્મદેવ તે જીવાત્મા છે. આપણે બધા આત્મદેવ છીએ.નર જ નારાયણ બને. મનુષ્ય શરીરમાં રહેલો જીવ દેવ બની શકે છે અને બીજા ને પણ દેવ બનાવી શકે છે. પશુઓ પોતાના શરીરથી કલ્યાણ કરી શકતાં નથી.મનુષ્ય બુદ્ધિ વાળુ પ્રાણી હોવાથી પોતાના શરીરથી પોતાનું તેમજ બીજાઓ નું કલ્યાણ કરી શકે છે. ધૂંવાકૂવા કરનારી,કુતર્કો કરનારી, વિના શ્રમે સુખની આશારાખનારી ધુંધલી તે બુદ્ધિ છે. દરેકના ઘરમાં, દરેકના મનમાં આ ધુંધલી છે.એ પારકી પંચાત કરે છે.પણ હું કોણ છું,મારો ધણી કોણ છે,એનો વિચાર કરતી નથી. અહીં કથામાં પણ એ તોફાન કરે છે. બુદ્ધિ સાથે આત્માનું લગ્ન થયું પણ જ્યાં સુધી તેને કોઈ મહાત્મા ન મળે,સત્સંગ ન થાય, ત્યાં સુધી વિવેકરૂપી પુત્રનો જન્મ થતો નથી. વિવેક એ જ આત્માનો પુત્ર. જેના ઘરે વિવેકરૂપી પુત્ર નથી તે સંસાર નદીમાં ડૂબી જાય છે.તેથી તો આત્મ દેવ ગંગાકિનારે ડૂબી મરવા જાય છે. દેવ બનવાની અને બીજાને દેવ બનાવવાની શક્તિ આત્મામાં છે, પણ આત્મશક્તિને ભાન કરાવ્યું, ત્યારે તેને પોતાના સ્વરૂપનું ભાન થયું.આત્મશક્તિ સત્સંગથી જાગૃત થાય છે. સત્સંગ વગર જીવનમાં દિવ્યતા આવતી નથી. પરંતુ દુઃખની વાત છેકે,સંત- મહાત્માએ આપેલું વિવેકરૂપી આ ફળ બુદ્ધિને ગમતું નથી. બુદ્ધિરૂપી ધુંધલીની નાની બહેન છે મનબુદ્ધિ મનની સલાહ લે તો દુઃખી થાય છે મન અનેક વખત આત્માને છેતરે છે, મન સ્વાર્થી છે, આત્મ દેવરૂપી આત્મા ભોળો છે. તેને મન-બુદ્ધિ વારંવાર છેતરે છે. આત્મદેવ મન બુદ્ધિનું કપટ સમજી શક્યો નહીં.એટલે મનબુદ્ધિએ ફળ ગાયને ખવડાવ્યું. ગો એટલે ગાયદિક જાન્દ્રિય- ભક્તિ વગેરે પણ એના અર્થ થાય છે.ફળ ગાય ને એટલે ઈન્દ્રિયને ખવડાવ્યું. જોયુંને, સત્સંગથી એકદમ ઈન્દ્રિયોની શુદ્ધિ થતી નથી. મન અને બુદ્ધિ જ્યારે ભાગવતનો, ભગવાનનો આશ્રય લેશે ત્યારે તે સુધરશે. વાચક ચાહક મિત્રો, શ્રાધ્ધ પક્ષ ચાલી રહ્યો છે ત્યારે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરી રહ્યા છીએ.. કાળઝાળ ગરમીમાં રાહત થાય તેવો કોઈ અણસાર દેખાતો નથી. કેટલાક વાવાઝોડા સાથે વરસાદની આગાહી કરે છે તો કેટલાક ગરમી વધશે તેની.. જે થશે તે કુદરતી ઘટનાક્રમ મુજબ હશે આપણે આનંદ મૌજમાં સમય પસાર કરીએ.. અસ્તુ..

# શ્રદ્ધા કપૂર-રાજકુમાર રાવની ફિલ્મ 'સ્ત્રી ૨'એ ઈતિહાસ રચ્યો

શ્રદ્ધા કપૂર અને રાજકુમાર રાવની ફિલ્મ 'સ્ત્રી ૨' રિલીઝ થયાને ૩૯ દિવસ થઈ ગયા છે. આમ છતાં આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખૂબ જ શાનદાર પ્રદર્શન કરી રહી છે. આ ફિલ્મે એક પછી એક ઘણી મોટી ભારતીય ફિલ્મોના કમાણીના રેકોર્ડ તોડી નાખ્યા છે. શ્રદ્ધા કપૂરની આ ફિલ્મ દર્શકોને પસંદ આવી રહી છે. હવે આ ફિલ્મે આજે વધુ એક કમાણીનો રેકોર્ડ બનાવ્યો છે. 'સ્ત્રી ૨' ભારતીય સિનેમાના ઈતિહાસમાં આવું કરનાર પ્રથમ ફિલ્મ બની છે. ચાલો જાણીએ આજે 'સ્ત્રી ૨'એ કયો રેકોર્ડ બનાવ્યો છે. ડોમેસ્ટિક બોક્સ ઓફિસ પર ૬૦૦ કરોડની કમાણી કરીને શ્રદ્ધા કપૂરની આ ફિલ્મ આ ક્લબમાં સામેલ થનારી પ્રથમ હિન્દી ફિલ્મ બની ગઈ છે. અથવા આપણે કહી શકીએ કે 'સ્ત્રી ૨' એ ૬૦૦ કરોડ રૂપિયાની નવી ક્લબ શરૂ કરી છે. કમાણી સાથે જોડાયેલા સત્તાવાર ડેટા અનુસાર, ફિલ્મે ૩૮માં દિવસ સુધી ૫૯૮.૯૦ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. હવે જો આપણે સૈકનિલ્કના ૩૯મા દિવસના ડેટા પર નજર કરીએ તો આજે સાંજે ૬.૫૦ વાગ્યા સુધી ફિલ્મે ૩.૭૩ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. આ રીતે ફિલ્મની કુલ કમાણી ૬૦૨.૬૩ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે. ૧૫ ઓગસ્ટે રિલીઝ થયેલી 'સ્ત્રી ૨' એ ૬૦૦ કરોડની ક્લબનો નવો રેકોર્ડ બનાવતા પહેલા શાહરૂખ ખાન, સલમાન ખાન, પ્રભાસ, રજનીકાંત અને આમિર ખાન જેવા મોટા સ્ટાર્સના એક પછી એક રેકોર્ડ તોડ્યા છે. ગયા વર્ષે રિલીઝ થયેલી શાહરૂખની પઠાણ અને જવાન (લગભગ રૂ. ૫૮૨ કરોડ), રણબીરની એનિમલ અને સની દેઓલની ગદર ૨ (૫૨૫ કરોડ)નો રેકોર્ડ તોડી ચૂક્યો છે.

### 'કંગુવા' ફિલ્મ હવે વિક્રાંત મેસીની ફિલ્મ સાથે સ્પર્ધા થશે

# રજનીકાંતથી ડરીને સૂર્યાએ આગળ વધારી લીધી 'કંગુવા'ની રિલીઝ ડેટ?

દર્શકો સાઉથ સ્ટાર સૂર્યાની એક્શન-ફેન્ટેસી ફિલ્મ 'કંગુવા'ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મ શરૂઆતમાં ૧૦ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની હતી. પરંતુ હવે મેકર્સે ફિલ્મની રિલીઝ ડેટ આગળ વધારી દીધી છે. અગાઉ 'કંગુવા' બોક્સ ઓફિસ પર રજનીકાંતની 'વેટ્ટાઈયાં' સાથે ટકરાશે. મેકર્સે હવે 'કંગુવા'ની રિલીઝ ડેટ વધારીને ૧૪ નવેમ્બર ૨૦૨૪ કરી છે. 'કંગુવા'ના નિર્માતાઓએ એક પોસ્ટ કરીને ફિલ્મની નવી રિલીઝ ડેટની જાહેરાત કરી છે. તે લખે છે - 'ગૌરવ અને ગૌરવની લડાઈ, કંગુવાનું શક્તિશાળી શાસન ૧૪મી નવેમ્બર ૨૦૨૪થી વિશ્વને સાક્ષી આપવા માટે તોફાન દ્વારા સ્ક્રીન પર લઈ જશે.' શિવાના નિર્દેશનમાં બનેલી ફિલ્મ 'કંગુવા' હવે સુપરસ્ટાર રજનીકાંતની 'વેટ્ટાઈયાં' સાથે ટકરાશે નહીં, પરંતુ આ ફિલ્મ હવે વિક્રાંત મેસીની ફિલ્મ સાથે ટકરાશે. ખરેખર, વિક્રાંત મેસીની ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' પણ ૧૪મી નવેમ્બરે સિનેમાઘરોમાં આવવા જઈ રહી છે. રિપોર્ટ્સ અનુસાર, 'કંગુવા' ૩૫૦ કરોડ રૂપિયાના બજેટમાં બનાવવામાં આવી છે. આ એક પીરિયડ ડ્રામા છે, જેનું શૂટિંગ વિશ્વના સાત અલગ-અલગ દેશોમાં કરવામાં આવ્યું છે. ફિલ્મમાં સૂર્યા મુખ્ય અભિનેતા






તરીકે જોવા મળશે. બોબી દેઓલ અને દિશા પટણી પણ આ ફિલ્મનો ભાગ છે. આ ઉપરાંત જગપતિ બાબુ, નટરાજન સુબ્રમણ્યમ, યોગી બાબુ, રાડિન કિંગ્સલે, કોવઈ સરલા, આનંદરાજ અને કેએસ રવિકુમાર પણ ફિલ્મની સ્ટાર કાસ્ટમાં સામેલ છે. રજનીકાંતની ફિલ્મ 'વેટ્ટાયં'ની વાત કરીએ તો તે એક એક્શન ડ્રામા છે. રજનીકાંતની આ ૧૭૦મી ફિલ્મ છે જેની સાથે અમિતાભ બચ્ચન તમિલમાં ડેબ્યૂ કરવા જઈ રહ્યા છે. ટીજે જ્ઞાનવેલ દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં ફહદ ફાસિલ, રાણા દગ્ગુબાતી અને મંજુ વોરિયર પણ જોવા મળશે.

# આ અભિનેતાએ તેની છેલ્લી ફિલ્મ માટે લીધી ૨૭૫ કરોડ ફી

જ્યારે ફિલ્મોમાં સૌથી વધુ ફી વસૂલવાની વાત આવે છે ત્યારે શાહરૂખ ખાન અને રજનીકાંતનું નામ ટોચ પર આવે છે. પરંતુ હવે આ બંનેનો રેકોર્ડ સાઉથના એક અભિનેતાએ તોડી નાખ્યો છે. તે બીજું કોઈ નહીં પણ તમિલ અભિનેતા થલાપતિ વિજય છે. વિજય બોક્સ ઓફિસ પર રાજ કરે છે. તેની ફિલ્મોએ કમાણીના મામલામાં ઘણા રેકોર્ડ તોડ્યા છે. તેનું નામ સૌથી વધુ કમાણી કરનારા કલાકારોની યાદીમાં સામેલ છે. હવે તે સૌથી વધુ કમાણી કરનાર અભિનેતા પણ બની ગયો છે. આ દિવસોમાં થલાપતિ વિજય તેની આગામી ફિલ્મ થલાપથી ૬૯નું શૂટિંગ કરી રહ્યો છે. આ તેની છેલ્લી ફિલ્મ છે. થલાપતિ વિજયની ફિલ્મ ગોટ તાજેતરમાં રિલીઝ થઈ હતી. જેના માટે તેણે ૨૦૦ કરોડ રૂપિયાની ફી લીધી હતી. આગામી પ્રોજેક્ટ સાથે તેણે તેની ફી પણ વધારી દીધી છે. વિજયની ફી જાણીને તમે ચોક્કસ ચોંકી જશો. અહેવાલો અનુસાર, થલાપતિ વિજયે તેની આગામી ફિલ્મ થલાપથી ૬૯ માટે ૨૭૫ કરોડ રૂપિયાની ફી લીધી છે. જે બાદ તે ભારતનો સૌથી વધુ ફી લેનાર અભિનેતા બની ગયો છે. તેણે શાહરૂખ ખાનને પણ પાછળ છોડી દીધો છે જે એક ફિલ્મ માટે ૨૫૦ કરોડ રૂપિયા લે છે. જો અહેવાલોનું માનીએ તો અભિનયમાં પોતાની પ્રતિભા બતાવ્યા બાદ વિજય હવે રાજકારણમાં પગ મુકવા જઈ રહ્યો છે. તેણે ગયા મહિને પોતાની રાજકીય પાર્ટી તમિલનાડુ વિક્ટરી કોર્પોરેશનની પણ જાહેરાત કરી છે. વિજય છેલ્લે થલાપતિ ૬૯માં જોવા મળશે. કેએચ વિનોદ આ ફિલ્મનું નિર્દેશન કરી રહ્યા છે. આ ફિલ્મ આવતા વર્ષે ઓક્ટોબરમાં રિલીઝ થશે. થલાપતિ વિજય ૩૦ વર્ષથી વધુ સમયથી ઈન્ડસ્ટ્રીમાં છે.

# ઈન્ટરનેશનલ એમી એવોર્ડ્ઝ ૨૦૨૪માં ધ નાઈટ મેનેજર સિરીઝ નોમિનેટ થઈ

### ૨૫ નવેમ્બરે ન્યૂયોર્કમાં એમી એવોર્ડઝ્નું આયોજન થશે, ભારતનો પોપ્યુલર એક્ટર અને એન્કર વીર દાસ તેનું સંચાલન કરવાનો છે

આદિત્ય રોય કપૂર, અનિલ કપૂર અને શોભિતા ધુલીપાલા જેમાં મુખ્ય રોલમાં હતા એવી સિરીઝનું ભારતીય વર્ઝન 'ધ નાઈટ મેનેજર'ને ઈન્ટરનેશનલ એમી એવોર્ડઝ ૨૦૨૪ માટે ડ્રામા સિરીઝ કેટેગરીમાં નોમિનેશન મળ્યું છે. ગુરુવારે ન્યૂયોર્કમાં થયેલી નોમિનીઝની જાહેરાત મુજબ ૧૪ કેટેગરીમાં ભારતની આ એક માત્ર એન્ટ્રી છે. આ સિરીઝ સંદીપ મોદી દ્વારા ડિરેક્ટ કરવામાં આવી હતી, જે જોહ્ન લે કેરીની નોવેલ અને આ જ નામના બ્રિટિશ શો, જે ટોમ હિડલસ્ટોન, હ્યુ લોરી અને ઓલિવિઆ કોલમેન દ્વારા ડિરેક્ટ કરવામાં આવ્યો હતો, તેનું ઈન્ડિયન એડોપ્શન છે. એમી એવોર્ડ્ઝમાં આ સિરિઝને ફ્રેન્ચ શો 'લેસ ગુટોઝ ડે ડ્યુઝ (ડ્રોપ્સ ઓફ ગોડ)', ઓસ્ટ્રેલિયાની 'ધ ન્યુઝરીડર સીઝન ૨' અને આર્જેન્ટિનાની સિરીઝ 'અલ એપ્સિઆ અરેપેન્ટિડો સીઝન ૨' સાથે સ્પર્ધામાં રહેવું પડશે. આ સિરીઝમાં શેલી રુંગ્ટા નામના બિઝનેસમેન અને આર્મ ડીલરનું પાત્ર ભજવતા અનિલ કપૂરે પોતાની ખુશી અને ઉત્સાહ વ્યક્ત કરતા કહ્યું,''મને હમણાં જ ધ્યાનમાં લાવવામાં આવ્યું છે કે અમારું 'ધ નાઈટ મેનેજર'નું ઈન્ડિયન વર્ઝન ઈન્ટરનેશનલ એમી એવોર્ડ માટે નોમિનેટ થયું છે. મને યાદ છે, મને જ્યારે આ ઓફર મળી, ત્યારે હું મુંઝવણમાં હતો. તેણે મને એક જટિલ પાત્ર ભજવવાની તક આપી, ઉપરાંત હ્યુ લોરી દ્વારા ભજવાયેલા પાત્રને નવી રીતે અને છતાં ઓથેન્ટિક લાગે તે રીતે ભજવવાની જવાબદારી પણ હતી. અમારી સિરીઝને દુનિયાભરના દર્શકો તરફથી મળેલા પ્રેમ ઉપરાંત એમિ દ્વારા નોંધ લેવાઈ તે અમને યાદ અપાવે છે કે સખત મહેનતનું ફળ મળે જ છે. ભવિષ્ય માટે હું અતિ ઉત્સુક અને વધારે કામ માટે ભુખ્યો છું.'' ૨૫ નવેમ્બરે ન્યૂયોર્કમાં એમી એવોર્ડઝ્નું આયોજન થશે. ભારતનો પોપ્યુલર એક્ટર અને એન્કર વીર દાસ તેનું સંચાલન કરવાનો છે.




### કરીનાએ તેની સફળ ફિલ્મોનો શ્રેય તેના સહ કલાકારોને આપ્યો હતો

# કરીના કપૂર ખાને તેના એક્સ શાહિદ કપૂરને સફળ ફિલ્મોનો શ્રેય આપ્યો

### એક ઈવેન્ટ દરમિયાન કરીના કપૂરે કહ્યું- 'મારે મારી ઘણી ફિલ્મોનો શ્રેય મારા કો-એક્ટર્સને આપવો પડશે જે એકબીજાની એનર્જી વધારશે

કરીના કપૂરે વર્ષ ૨૦૦૦માં ફિલ્મ 'રેફ્યુજી'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. તે ઈન્ડસ્ટ્રીમાં ૨૫ વર્ષથી છે અને આ વર્ષો દરમિયાન તેણે ઘણી હિટ અને બ્લોકબસ્ટર ફિલ્મો આપી છે. તાજેતરમાં જ કરીનાએ તેની સફળ ફિલ્મોનો શ્રેય તેના સહ કલાકારોને આપ્યો હતો. આ દરમિયાન તેણે શાહિદ કપૂરથી લઈને શાહરૂખ ખાન સુધી બધાનો ઉલ્લેખ કર્યો. એક ઈવેન્ટ દરમિયાન કરીના કપૂરે કહ્યું- 'મારે મારી ઘણી ફિલ્મોનો શ્રેય મારા કો-એક્ટર્સને આપવો પડશે જે એકબીજાની એનર્જી વધારશે. જબ વી મેટ (સહ-અભિનેતા શાહિદ કપૂર) અને ઓમકારા જેવી મહાન ફિલ્મોમાં અમે હંમેશા એકબીજાની ઊર્જા સાથે કામ કર્યું છે. કરીના કપૂરે આગળ કહ્યું- 'ચાલે તે ૩ ઈડિયટ્સમાં આમિર (ખાન) હોય, તમારે તેની પાસેથી પણ શીખવાની જરૂર છે. તેથી, આ અવસર પર, હું આ બધી અદ્ભુત ફિલ્મોના મારા તમામ કલાકારોનો આભાર માનું છું. તેમના વિના, આમાંથી કોઈ પણ ફિલ્મ એવી ન હોત જે તે છે, પછી તે જબ વી મેટ, ઓમકારા કે અશોકા કોઈ પણ કેમ ના હોય. તમને જણાવી દઈએ કે કરીના કપૂર અને શાહિદ કપૂરના અફેરની ઘણી ચર્ચાઓ થતી હતી. બંનેએ એકબીજાને ૫ વર્ષ સુધી ડેટ કર્યા હતા. જોકે બાદમાં તેઓ છૂટાં પડી ગયા હતા. કરીના અને શાહિદે 'ફિદા', 'ચુપ ચુપકે', 'જબ વી મેટ' અને 'ઉડતા પંજાબ' સહિત ઘણી ફિલ્મોમાં સાથે કામ કર્યું હતું.વર્ક ફ્રન્ટની વાત કરીએ તો કરીના કપૂર હાલમાં મર્ડર મિસ્ટ્રી ફિલ્મ 'ધ બકિંગહામ મર્ડર્સ'માં જોવા મળી રહી છે. તેમની ફિલ્મ ૧૩ સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. હવે અભિનેત્રી રોહિત શેટ્ટીની આગામી ફિલ્મ 'સિંઘમ અગેન'માં જોવા મળશે. આ ફિલ્મ આ વર્ષે દિવાળીના અવસર પર સ્ક્રીન પર આવશે. કરીના કપૂર ખાને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેના ૨૫ વર્ષ પૂરા કર્યા અને તે સૌથી સફળ અભિનેત્રીઓમાંની એક બની ગઈ. તેણીએ પોતાની જાતને બદલી ન શકાય તેવી સાબિત કરી છે અને આજની તારીખે, તેણીના ઘણા પ્રતિકાત્મક પાત્રો વ્યાપકપણે ઉજવવામાં આવે છે અને તેમાંથી એક જબ વી મેટનું ગીત છે. તાજેતરમાં જ ઈન્ડસ્ટ્રીમાં તેણીના ૨૫ વર્ષ પૂર્ણ થવા પર પ્રેસ કોન્ફરન્સમાં, તેણીએ ગીત કેવી રીતે એક વિશિષ્ટ પાત્ર હતું તે વિશે વાત કરી હતી.



### આ ફિલ્મોની સૌ કોઈ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે

# પ્રભાસની આગામી ફિલ્મો પર ૨૧૦૦ કરોડ જેટલાનો મોટો દાવ!

### સાઉથ એક્ટર પ્રભાસ આજે એ સ્થાને છે જ્યાં તેને સમગ્ર ભારતમાં સુપરસ્ટાર માનવામાં આવે

સાઉથ એક્ટર પ્રભાસ આજે એવા સ્ટેજ પર છે જ્યાં તેને અખિલ ભારતીય સુપરસ્ટાર તરીકે ઓળખવામાં આવે છે. નિર્વિવાદ પ્રભાસની કારકિર્દી અને સુપરસ્ટારડમ છત પરથી પડઘો પાડે છે. 'બાહુબલી' અને 'બાહુબલી ૨', 'સલાર', 'કલ્કી ૨૮૯૮ એડી' જેવી બોક્સ ઓફિસ હિટ ફિલ્મો સાથે, પ્રભાસ ભારતીય સિનેમામાં પાવરહાઉસ બની ગયો છે. પ્રભાસના ચાહકોને તેના પર અતૂટ વિશ્વાસ છે કે જો તે સ્ક્રીન પર આવશે, તો તે ચોક્કસપણે કંઈક અદ્ભુત કરશે. આ કારણે તેની ફિલ્મો સુપરહિટ બનવી સરળ બની જાય છે. માત્ર ચાહકો જ નહીં પણ ફિલ્મ નિર્માતાઓને પણ તેના પર વિશ્વાસ છે, તેથી જ અલગ-અલગ ફિલ્મોને જોડીને પ્રભાસ પર લગભગ ૨૧૦૦ કરોડ રૂપિયાની દાવ લગાવવામાં આવી છે. પ્રભાસ એવા સુપરસ્ટારમાંથી એક છે જેમની ફિલ્મો થિયેટરોમાં ચાહકો દ્વારા પસંદ કરવામાં આવે છે. પ્રભાસની એક્ટિંગ અને એક્શન જોવા માટે ફેન્સ આતુર છે. હાલમાં પ્રભાસ ભારતનો સૌથી મોટો નિર્વિવાદ સુપરસ્ટાર છે. તેમના બનાવનારાઓનો મંત્ર સ્પષ્ટ છે, 'તેઓ તેમના પૈસા જ્યાં તેમનું મોં હોય ત્યાં મૂકે છે.' સાઉથ એક્ટર પ્રભાસ આજે એ સ્થાને છે જ્યાં તેને સમગ્ર ભારતમાં સુપરસ્ટાર માનવામાં આવે પ્રભાસ ઈન્ડસ્ટ્રીમાં એક એવો વ્યક્તિ છે જેની સાથે મેગાબક્સ જોડાયેલ છે. પ્રભાસની આગામી ફિલ્મોનું બજેટ આ પ્રકારનું છે. પ્રભાસની આગામી ૫ ફિલ્મોના નિર્માતાઓને વિશ્વાસ છે કે પ્રભાસના ચાહકો તે તમામ ફિલ્મોને સફળ બનાવશે. આટલો મોટો દાવ એટલા માટે લગાવવામાં આવ્યો છે કારણ કે નિર્માતાઓને વિશ્વાસ છે કે પ્રભાસ તેની પ્રતિભાથી લોકોનું મનોરંજન કરવામાં મદદ કરી શકે છે. હવે ભવિષ્યમાં શું થશે તે જાણવા માટે થોડી રાહ જોવી પડશે.



### આ એક એવી રેસ છે જેમાં ખેલાડીએ ૧.૯ કિલોમીટર સ્વિમિંગ કરવાનું છે

# સૈયામી ખેર આયર્નમેન ૭૦.૩ ટ્રાએથલોન જીતનારી પહેલી ભારતીય એક્ટ્રેસ બની

### જર્મીનીની આ રેસ જીતીને પોતે શારિરીક અને માનસિક રીતે કેટલી મજબૂત છે તે બતાવી દીધું

સૈયામી ખેરે જર્મનીમાં યોજાતી પ્રતિષ્ઠિત આયર્નમેન ટ્રાએથલોન પૂરી કરીને ઈતિહાસ સર્જ્યો છે. આયર્નમેન ટ્રાએથલોન ૭૦.૩ હાફ આયર્નમેન તરીકે પણ ઓળખાય છે. આ ટ્રાએથલોન પુરી કરનારી સૈયામી પહેલી ભારતીય એક્ટ્રેસ બની છે. રેસિંગની દુનિયામાં આ હરિફાઈમાં દુનિયાના સૌથી ફિટ લોકો જ ભાગ લઈ શકે છે. આ એક એવી રેસ છે જેમાં ખેલાડીએ ૧.૯ કિલોમીટર સ્વિમિંગ કરવાનું છે, પછી ૯૦ કિલોમીટર સાઈકલિંગ કરવાનું છે અને ૨૧.૧ કિલમોમીટર રનિંગ કરવાનું હોય છે. આ બધું જ તેમણે વચ્ચે કોઈ વિરામ લીધાં વીના એકસાથે જ પુરું કરવાનું હોય છે. સૈયામી ખેરે આ પ્રકારની ખુબ અઘરી ગમાતી રેસ પુરી કરીને પોતાની માનસિક અને શારિરીક તાકાત તો સાબિત કરી જ છે, સાથે જ અનેક ભારતીય મહિલાઓને પ્રેરિત પણ કરી છે. સૈયામી ખેર 'ચોક્ડ', 'ઘુમર' અને 'શર્માજી કી બેટીયા' જેવી ફિલ્મો માટે જાણીતી છે, જેણે આ રેસમાં ભાગ લેવા માટે એક વર્ષથી પણ વધુ સમય સુધી ખાસ તાલીમ લીધી હતી. છતાં તેણે તેની ફિલ્મોના કામમાં પણ કોઈ જ કચાશ રહેવા દીધી નહોતી. અભિષેક બચ્ચન સાથેની 'ઘૂમર'માં સૈયામીએ ક્રિકેટરનો રોલ કર્યો હતો. ક્રિકેટરના રોલમાં ફિટનેસ માટે ખૂબ મહેનત કરનારી સૈયામીએ ટ્રાએથ્લોનમાં ભાગ લેતાં પહેલાં પણ તૈયારીઓ કરી હતી. આ પ્રકારની શારિરીક રીતે અતિ પડકારજનક રેસ પુરી કરનાર સૈયામી શરૂઆતથી જ હેલ્થ અને ફિટનેસ જાળવવાની હિમાયતી રહી છે. આ સિદ્ધિએ તેની માન્યતાને સાચી ઠેરવી છે, સાથે જ તેણે સાબિત કર્યું છે કે પોતાની મર્યાદાઓ સામે લડીને જ તમે અશક્યને શક્ય બનાવી શકો છો. આ રેસ પુરી કરીને તે કેટલું ગૌરવ અનુભવતી હતી, તે અંગે સૈયામીએ કહ્યું,''આયર્નમેન ૭૦.૩ની ફિનિશ લાઈન વટાવીને એ મેડલ મેળવવું એ મારા જીવનની સૌથી ગૌરવશાળી ક્ષણ રહી છે. હંમેશાથી આ રેસ પુરી કરવાની મારી ઈચ્છા રહી છે, હું અતિશય ખુશ છું કે અંતે મેં એ કરી બતાવ્યું છે.'' તેની આ ખુશીમાં લક્ષ્ય બનાવીને દૃઢ નિશ્ચય સાથે દરેક પડકારને પાર કરીને લક્ષ્ય સિદ્ધ કરવું કેટલું મહત્વનું છે તે દેખાય છે. સૈયામીને પણ આ સફરમાં અનેક પડકારોનો સામનો કરવો પડ્યો છે. આ રેસની તૈયારી સાથે ફિલ્મોના કામ પુરા કરવા માટે તે દરરોજ ૧૨-૧૪ કલાક ફિલ્મના સેટ પર વિતાવ્યા પછી બાકીના સમયમાં રેસ માટેની મહેનત કરતી હતી. તેણે કહ્યું,''કેટલાંક એવા દિવસો પણ આવતા કે હું બહુ નિઃરાશ થઈ જતી અને મારી જાત સાથે યુદ્ધ કરવું પરંતુ, મને એ કલાકોના સમયમાં કોઈ મદદ કરી શકે તેમ નહોતું, મારે જ મારી મદદ કરવાની હતી.'' જર્મીનીની આ રેસ જીતીને પોતે શારિરીક અને માનસિક રીતે કેટલી મજબૂત છે તે બતાવી દીધું, આટલું પૂરતું ન હોય તેમ તે જર્મની ગઈ ત્યારે ફ્લાઈટ ચુકી ગઈ હતી અને સામાન પણ ખોવાઈ ગયો હતો. આગળ તેણે કહ્યું, ''હું આ રેસ ચૂકી જઉં તેના માટેના અનેક કારણો હતો પણ મેં અંતે તે પુરી કરી. જર્મીનીની આ રેસ જીતીને પોતે શારિરીક અને માનસિક રીતે કેટલી મજબૂત છે તે બતાવી દીધું.





## પુનાદરા બાપા સીતારામ આશ્રમ ખાતે બાળ તિથિ ભોજન અને ભજન કિર્તન કાર્યક્રમ યોજાયો

। (પ્રતિનિધી) આતરસુંબા, તા.૨૩ ।

કપડવંજ તાલુકાના પુનાદરા ગામે યાત્રાધામ ઉત્કંઠેશ્વર મહાદેવ નજીક આવેલ બાપા સીતારામ મઢી ખાતે બાળ તિથિ ભોજન અને ભજન કિર્તન કાર્યક્રમ યોજાયા હતા. આ પ્રસંગે મહિલા ભજન મંડળ પુનાદરાની બહેનો દ્વારા ભજન કિર્તન કરવામાં આવ્યું હતુ. સેવાભાવી વ્યકિત્વના ધની શ્રી પરેશભાઈ રાવલના સહયોગથી બાળતિથિ ભોજન યોજવામાં આવ્યું હતુ.



તસ્વીર : રાજેશ શર્મા, આતરસુંબા

આ પ્રસંગે શ્રી પરેશભાઈ રાવલની સેવાકીય સરવાણીને બિરદાવી તેમનું વિશેષ સન્માન કરાયું હતુ. શ્રી પરેશભાઈ રાવલ કપડવંજ પંથકની અનેક સ્કૂલોમાં બાળકોને તિથિ ભોજન, નોટબુક વિતરણ, પંખા વિતરણ, ગામડાની સ્કૂલના બાળકોને ચપ્પલ વિતરણ, પાણીના જગ વિતરણ સહિતની અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. તે બદલ સર્વે મહાનુભાવોએ તેમના સત્કાર્યોને બિરદાવી વિશેષ સન્માન કર્યુ હતુ. આ પ્રસંગે મહિલા મંડળની બહેનો તથા ઉપસ્થિત મહેમાનોનું પુષ્પ ગુચ્છ અને શાલ ઓઢાડી સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતુ. સમસ્ત કાર્યક્રમનું આયોજન બાપા સીતારામ મઢી પુનાદરાના સેવક શ્રી રમેશભાઈ શર્મા તથા શ્રી અરવિંદભાઈ શર્મા અને તેમના પરિવાર દ્વારા કરાયું હતુ. આ પ્રસંગે ખેડા જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ શર્મા, પુનાદરા સરપંચશ્રી પી.ડી. ઝાલા, શ્રી અશોકભાઈ સેવક, પુનાદરા મહિલા મંડળના બહેનો અને વ્હાલા બાળકો ઉપસ્થિત રહ્યા હતા

## સ્મીમેર હોસ્પિટલ ખાતે પોસ્ટ ગ્રેજ્યુએશનના વિદ્યાર્થીઓની સુવિધાર્થે રૂ.૩૨.૦૭ કરોડના ખર્ચે નવનિર્મિત ૨ ૧૬ માળની પી.જી. હોસ્ટેલનું લોકાર્પણ કરતા મંત્રી સી.આર.પાટીલ



। (માહિતી) ગાંધીનગર, તા.૨૩ ।

કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ હોસ્ટેલના ૧૯૨ રૂમમાં ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓ રહી શકશે સ્મીમેર હોસ્પિટલ કેમ્પસમાં જળસંચય માટે ૧૧ યુનિટ તૈયાર: વરસાદી પાણીનો વ્યય નહીં થાય સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલના કેમ્પસમાં મેડિકલ કોલેજના પોસ્ટ ગ્રેજ્યુએશનના વિદ્યાર્થીઓની સુવિધાર્થે રૂ.૩૨.૦૭ કરોડના ખર્ચે નવનિર્મિત ૨ ૧૬ માળની પી.જી.હોસ્ટેલનું કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર. પાટીલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકાએ સ્વચ્છતા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વાયુ સર્વેક્ષણ- એર ક્વોલિટી ઈન્ડેક્સ, આવાસ યોજના જેવા અનેક ક્ષેત્રે સિધ્ધિઓ હાંસલ કરી છે. ત્યારે સુરતવાસીઓના સહયોગથી સુરત વિકાસની હજુ વધુ ઊંચાઈ આંબશે. સુરત મનપાએ સ્મીમેર હોસ્પિટલના કેમ્પસમાં અત્યાધુનિક સુવિધાથી સજ્જ સુરતનું સૌ પ્રથમ ૪૫ મીટર ઊંચાઈ ધરાવતું હોસ્ટેલ બિલ્ડિંગ નિર્માણ કર્યું છે. જેમાં કુલ ૧૯૨ રૂમમાં અંદાજીત ૪૦૦ વિદ્યાર્થીઓ રહી શકશે. આ હોસ્ટેલમાં નિવાસ સાથે વિદ્યાર્થીઓ અભ્યાસમાં વધુ એકાગ્રતાથી સમય ફાળવી શકશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ભૂગર્ભ જળસ્તરમાં વધારો કરવા શરૂ કરાયેલા 'કેચ ધ રેઈન' અને 'રેઈન વોટર હાર્વેસ્ટિંગ - વરસાદી જળસંચય'ના અભિયાનને વેગ આપવા સ્મીમેર હોસ્પિટલના કેમ્પસમાં જળ સંચય માટે ૧૧ યુનિટ તૈયાર કરવામાં આવ્યા છે. એટલે વરસાદનું સમગ્ર પાણી ભૂગર્ભમાં રિચાર્જ થશે એમ તેમણે ઉમેર્યું હતું.

## ઝાલોદ એસ.ટી ડેપોના કર્મચારીઓ દ્વારા સ્વચ્છતા સેવા સંસ્કાર અંતર્ગત વૃક્ષા રોપણ કરવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ ।

હાલ સમગ્ર ભારત દેશમાં સ્વચ્છતા સેવા સંસ્કાર અંતર્ગત અભિયાન ચાલી રહેલ છે તે અંતર્ગત ઝાલોદ એસ.ટી ડેપોના મેનેજર નિલેશ મુનિયા દ્વારા બસ સ્ટેશનની અંદર સ્વચ્છતા અંતર્ગત ભવાઈ પ્રોગ્રામ દ્વારા મુસાફરોમા જાગૃતિ જેવા પ્રોગ્રામ કરવામાં આવેલ છે તે અંતર્ગત એસ. ટી ડેપોના વર્કરો દ્વારા મેનેજર નિલેશ મુનિયાની આગેવાની હેઠળ વૃક્ષા રોપણ અને સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરી હતી.

## પ્રાથમિક શાળા અગાસવાણ ખાતે કુંવરજીભાઇ હળપતિના અધ્યક્ષસ્થાને સ્વચ્છતા હી સેવા" અને "એક પેડ માં કે નામ" કાર્યક્રમ યોજાયો



। (માહિતી) ગાંધીનગર, તા.૨૩ ।

આદિજાતી રાજ્ય મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે તાપી જિલ્લા સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ)ના કુલ ૮૨૦૬ જેટલા વિવિધ કામોનું ખાતમુહુર્ત કરાયું ઉપસ્થિત મહનુભાવો સહિત ગ્રામજનો સામુહિક સાફ-સફાઇ અને વૃક્ષારોપણ કરી સ્વચ્છતા અને પર્યાવણની જાળવણી કરવાના શપથ ગ્રહણ કર્યા દેશના વડાપ્રધાનશ્રી નરેંદ્રભાઈ મોદીજી દ્વારા શરુ કરવામાં આવેલ 'સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સમગ્ર ગુજરાત રાજ્યમાં સ્વચ્છતાને લગતી વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ રહી છે.જે અન્વયે આજે તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના અગાસવાણ ખાતે આદિજાતી રાજ્ય મંત્રીશ્રી કુંવરજીભાઇ હળપતિના અધ્યક્ષસ્થાને "સ્વચ્છતા હી સેવા" અને "એક પેડ માં કે નામ" કાયક્રમ યોજાયો હતો. "સ્વચ્છતા હી સેવા"કાર્યકમ અંતર્ગત આદિજાતિ રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઇ હળપતિના હસ્તે તાપી જિલ્લા ગ્રામ વિકાસ વિભાગ હસ્તકના સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) ગ્રામ્ય વિસ્તારોના સેગ્રીગેશન શેડ, સામૂહિક અને વ્યક્તિગત સોકપીટ-કમ્પોસ્ટપીટ સહિતના વિવિધ કુલ ૮૨૦૬ જેટલા કામોનું ખાતમુર્હૂત કરાયું હતું. આ પ્રંસગે રાજ્ય મંત્રીશ્રી કુંવરજીભાઇ હળપતિએ સૌ તાપી વાસીઓને સંબોધતા જણાવ્યું હતું કે દેશના વડાપ્રધાનનુ એક સ્વપ્નુ છે કે ભારત દેશ એક વિકસિત દેશ બને અને એ દિશામાં આગળ વધવા માટે વડાપ્રધાનશ્રી મોદીજીએ "સ્વચ્છતા હી સેવા" અભિયાનની એક પહેલ શરુ કરી છે.આ અભિયાન હેઠળ જનભાગીદારી સહિત અધિકારીઓ-પદાધિકરીઓ પણ પોતાની ભાગીદારી નોધાવી ગુજરાત રાજ્ય સહિત તાપી જિલ્લાની તમામ જગ્યાઓને સ્વચ્છ બનાવવામાં આગળ વધે તે માટેનો વડાપ્રધાને સંકલ્પ કર્યો છે. ત્યારે આપણે સૌએ સાથે મળીને આપણા ગામ અને તાપી જિલ્લાને સ્વચ્છ બનાવવાનું છે. વધુમાં ઉમેર્યું હતું કે આપણે આપણા ઘર આંગણાથી સફાઈની શરુઆત કરવી પડશે, આપણું ગામ સ્વચ્છ તો તાલુકો સ્વચ્છ,તાલુકો સ્વચ્છ તો જિલ્લો સ્વચ્છ, જિલ્લો સ્વચ્છ તો રાજ્ય સ્વચ્છ અને રાજ્ય સ્વચ્છ હશે તો આપણો ભારત દેશ સ્વચ્છ બનશે અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું એક ભારત શ્રેષ્ઠ ભારત નું સ્વપ્ન સાકર થશે. આદિજાતિ



રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઇ હળપતિનએ "એક પેડ માં કે નામ" અંતર્ગત સૌને પોતાની માતા ના નામે એક વૃક્ષ રોપવા અને પોતાનો જન્મ દિવસ હોય કે એનિવર્સરી હોય અથવા કોઇ શુભ પ્રસંગ હોય ત્યારે મા ના નામે એક વૃક્ષ વાવવા અને તેનુ યોગ્ય જતન કરવા આહવાન કર્યું હતું. સ્વચ્છતા હી સેવા" અને " એક પેડ માં કે નામ" કાર્યક્રમ અંતર્ગત આદિજાતિ રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઇ હળપતિ સહિત અન્ય અધિકારી પદાધિકારીઓ સહિત ગ્રામજનો સામુહિક સફાઇ આભિયાનમાં જોડાઇ તાપી જીલ્લા સહિત ભારત દેશને સ્વચ્છ બનાવવાના શપથ ગ્રહણ કર્યા હતા.ત્યાર બાદ સૌ મહેમાનો સહિત ગ્રામજનોએ ૨૦૦થી વૃક્ષોનુ વાવેતર કર્યું હતું. નોધનિય છે કે આ કાર્યક્રમ અંતગત તાપી જિલ્લા તાપી જિલ્લા ગ્રામ વિકાસ વિભાગ હસ્તકના સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ના આયોજનમાં લિધેલ ગ્રામ્ય વિસ્તારો કામોમાં કુલ- ૧૦૪ શેગ્રીગેશન શેડ, ૫૦૮ સામૂહિક કપોસ્ટપીટ, ૧૩૪૮-સમુહિક સોકપીટ, ૨૮૪૯-વ્યક્તિગત મ્પોસ્ટપીટ, ૩૩૯૫-વ્યક્તિગત સોકપીટ, ૦૧-પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ યુનિટ અને ૦૧-ગ્રે વોટર ટ્રિટમેન્ટ યુનિટ મળી કુલ ૮૨૦૬ જેટલા કામોનું ખાતમુર્હૂત રાજ્ય મંત્રીશ્રી કુંવરજીભાઇ હળપતિના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી ખ્યાતિ પટેલ, મામલતદારશ્રી,તાલુકા વિકાસ અધિકારીશ્રી સોનગઢ,તાલુકા પ્રમુખશ્રી સોનગઢ,ઉપપ્રમુખશ્રી સોનગઢ નગરપાલિકા અગાસવાણના સરપંચશ્રી સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## 'ઇન્ટરનેશલ કોસ્ટલ ક્લીનઅપ ડે' નિમિત્તે નારગોલ અને ઉંમરગામ બીચ અને દરિયાઇ તટની સાફ સફાઇ કરવામાં આવી



। (માહિતી) ગાંધીનગર, તા.૨૩ ।

કાર્યક્રમમાં ૨૫૦ થી વધુ લોકોએ સાફસફાઈમાં યોગદાન આપી ૧૯૩૨ કિલો કચરો એકત્ર કર્યો વલસાડ જિલ્લાના નારગોલ અને ઉંમરગામ બીચ ખાતે તા.૨૧-૦૯-૨૪ 'ઈન્ટરનેશનલ કોસ્ટલ ક્લીનઅપ ડે' નિમિત્તે સવારે ૦૭.૦૦ થી ૧૧.૦૦ વાગ્યા સુધી બિચનું સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું .નારગોલ ગ્રામ પંચાયત દ્વારા નારગોલ ગામના સરપંચ સ્વીટી યતીન ભંડારીની આગેવાની હેઠળ આયોજિત સફાઈ અભિયાનમાં ગ્રામ પંચાયત સ્ટાફ, પંચાયત સભ્યો અને ગ્રામજનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં રિઝર્વ ફોરેસ્ટ સંજાણના રેન્જ ઓફિસર તેજસ પટેલ, ફોરેસ્ટર અશોકભાઈ પટેલ વન વિભાગની ટીમ,નારગોલ સ્થિત ઓશો સાધના પથ, ચિદવિલાસ ઓશો આશ્રમના સંચાલકો, ગામના સામાજિક આગેવાનો, યુવાનોએ નારગોલ બીચ ખાતે સફાઈ અભિયાનમાં ભાગ લીધો હતો. આ વેળાએ સરપંચ સ્વીટી ભંડારીએ સ્થાનિકોને તેમજ પ્રવાસીઓને ગામને સ્વચ્છ રાખવામાં કચરાપેટીનો ઉપયોગ કરવા અપીલ કરી હતી. ઉમરગામ બિચની સફાઈમાં ઉમરગામ નગર પાલિકાનો સ્ટાફ, GPCB સરીગામ કચેરીનો સ્ટાફ, મામલતદાર કચેરીનો સ્ટાફ, સોસિયો ક્લિનર્સ ગૃપ તેમજ લૂક્રો પ્લાસ્ટસાઈકલ પ્રા. વગેરે તેમજ ઉંમરગામના ગ્રામજનોએ ભેગા મળીને બીચની સ્વચ્છતા અભિયાન હેઠળ બીચની સફાઇ કરી હતી. આ સફાઇ અભિયાનમાં નારગોલ અને ઉમરગામ બીચ પરથી ૧૯૭૨ કિલો પ્લાસ્ટિક તથા કચરો એકત્રિત કર્યો હતો જેમા કુલ ૩.૫ ટન કચરો ભેગો કરવામાં આવ્યો હતો,જેમાં ૭૦૦ ગ્રામ પ્લાસ્ટિક અને ૨૮૦૦ ગ્રામ ભીનો કચરો ભેગા કરવામાં આવ્યો હતો અને ૭૦૦ ગ્રામ પ્લસ્ટિક લૂક્રો પ્લાસ્ટ પ્રા. લી. માં રિસાયકલિંગ કરવા માટે મોકલવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઉમરગામ નગરપાલિકાના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, કારોબારી ચેરમેનશ્રી, વિવિધ સમિતિના ચેરમેન તથા કર્મચારીઓ હાજર રહ્યા હતાં.

## જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે. મોદીની અધ્યક્ષતામાં સંકલન-સહ-ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઇ



। (માહિતી) અમદાવાદ, તા.૨૨ ।

નર્મદા જિલ્લાના ચૂંટાયેલા જનપ્રતિનિધિશ્રીઓ, સાંસદશ્રી મનસુખભાઈ વસાવા, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભીમસિંહ તડવી, નાંદોદના ધારાસભ્યશ્રી ડૉ. દર્શનાબેન દેશમુખ અને ડેડિયાપાડાના ધારાસભ્યશ્રી ચૈતરભાઈ વસાવા દ્વારા વિસ્તારના વિવિધ પ્રશ્નો સંકલન બેઠકમાં રજૂ કર્યા જેનો અમલીકરણ અધિકારીઓએ લેખિત અને મૌખિક જવાબો આપ્યા જિલ્લા સંકલન સમિતિમાં માર્ગ મકાન વિભાગના રોડ રસ્તા, મકાન, બ્રિજ, આધાર કાર્ડ અપડેશન, આરોગ્ય વિભાગ, શિક્ષણ, નેશનલ હાઈવે દ્વારા રસ્તાનું પેચવર્ક સમારકામ, કરાર આધારિત એજન્સી મારફત વિવિધ જગ્યાની ભરતી, જંગલની જમીનની સનદો, કુસમ યોજના, કરજણ અસરગ્રસ્તોને વળતર, આઈ.સી.યુ ઓન વ્હીલ એમ્બ્યુલન્સ, હરસિધ્ધિ માતાના મંદિરના પાર્કિંગ, નરસિંહ ટેકરીના રહિશોના પ્રશ્ન, જાતિના દાખલા, સીટીસ્કેન મશીન, એક્સરે, સોનોગ્રાફી ટેકનિશિયન, દૂધાળાઓ પશુ આપવાની યોજના, સસ્તા અનાજનું રાશન વિતરણ, લીડ બેંક દ્વારા લોન આપવાની બાબતો અંગે બેઠકમાં ચર્ચા કરાઇ રાજ્યમાં દર મહિનાના ત્રિજા શનિવારે જિલ્લા સંકલન-સહ-ફરિયાદ નિવારણ સમિતિની બેઠક જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને યોજાય છે. માહે સપ્ટેમ્બર માસની બેઠક જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે. મોદીની અધ્યક્ષતામાં જિલ્લાના સંકલન અધિકારી અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં કલેક્ટર કચેરી સભાખંડમાં મળી હતી. જેમાં ભરૂચ-નર્મદાના સાંસદશ્રી મનસુખભાઈ વસાવા, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભીમસિંહ તડવી, નાંદોદ ધારાસભ્યશ્રી ડૉ. દર્શનાબેન દેશમુખ, ડેડિયાપાડા-સાગબારાના ધારાસભ્યશ્રી ચૈતરભાઈ વસાવા ઉપસ્થિત રહીને મતવિસ્તારના લોકો દ્વારા કરેલી રજૂઆતો અને તેઓ દ્વારા મતવિસ્તારની વિવિધ સમસ્યાઓ અંગે રજૂઆત કરીને સંકલનના અધિકારીઓ પાસેથી થયેલ કામગીરી અને કરવાની થતી કામગીરી અંગેની વિગતો મેળવી હતી પ્રજાના પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

## નર્મદા જિલ્લો નર્મદા જિલ્લાના ૩૧૩ ગામોમાં નરેગા અને સ્વચ્છ ભારત મિશનના કન્વર્ઝનના કામોનું ખાતમુહૂર્ત કરાયું

। (માહિતી) ગાંધીનગર, તા.૨૩ ।

"સ્વભાવ-સ્વચ્છતા, સંસ્કાર-સ્વચ્છતા"ના ધ્યેય સાથે તથા સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સમગ્ર રાજ્ય સહિત નર્મદા જિલ્લામાં અલગ અલગ થીમ આધારિત સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ છે. જિલ્લા કલેકટર શ્રી એસ.કે.મોદીના પ્રેરણાથી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી જે.કે. જાદવાના માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા હી સેવા અંતર્ગત આજરોજ નર્મદા જિલ્લાના ૩૧૩ ગામોમાં નરેગા અને સ્વચ્છ ભારત મિશનના કન્વર્ઝન અંતર્ગત વ્યક્તિગત સોકપિત ૩૯૪૧ અને વ્યક્તિગત કંપોસ્તપીટના ૮૭૦ કામોના તેમજ SBM-G યોજનાના સામુહિક કમ્પોસ્તપિત ૧૩૨ સામુહિક સોકપિત ૬૧૭ અને સેગ્રીગેસન સેડ ૫૮નું ખાતમુહૂર્ત તાલુકા કક્ષાએથી તાલુકા પ્રમુખશ્રીઓ તેમજ અન્ય પદાધિકારીશ્રીના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સરપંચશ્રીઓ, ગ્રામપંચાયત સભ્યો,તાલુકાના નરેગા સ્ટાફ તેમજ sbm ના સ્ટાફ અને સહિત મોટી સંખ્યામાં ગ્રામજનોઆ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે. ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. તમને તરત જરૂર ન હોય તેવી ચીજો પર જો તમે નાણાં ખર્ચશો તો તમે તમારા જીવનસાથીને નારાજ કરશો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળો. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે તેમની મદદે તેમના વડીલો આવશે. તમારો ખાસ મિત્ર તમારા આંસુ લૂંછશે. કાર્યક્ષેત્ર માં કોઈ મુશ્કેલી હોવા ને કારણે તમે આજે પરેશાન થઈ શકો છો અને તેના વિશે વિચારવા માં તમારો કિંમતી સમય બગાડી શકો છો.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. સમય આવી ગયો છે જ્યારે તમારે તમારા વધતા વજન પર અંકુશ મુકીને સ્વાસ્થ પાછું મેળવવા કસરત પાછી શરૂ કરવી જોઈએ. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. અન્યોમાંથી કારણ વિના ભૂલો શોધવાના તમારા વલણની સંબંધીઓ ટીકા કરે એવી શક્યતા છે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. ઘરમાં કોઈક વિધી કરાવશો. કોઈક રસપ્રદ વ્યક્તિને મળવાની શક્યતા છે. પ્રવાસ તથા પર્યટન આનંદ લાવશે તથા શૈક્ષણિક પણ પુરવાર થશે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. ઑફિસના કામમાં તમારી વધારે પડતી વ્યસ્તતાને કારણે તમારા જીવનસાથી સાથેના સંબંધો વણસી શકે છે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે મિત્ર દ્વારા જ્યોતિષ માર્ગદર્શન તમારૂં સ્વાસ્થ્ય સુધારવા માટે તમને પ્રોત્સાહિત કરશે. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. પોતાના પ્રિયપાત્ર સાથે નાનકડું વૅકેશન માણી રહેલાઓ માટે આ સમયગાળો ખાસ્સો યાદગાર બની રહેશે. અજાણ્યા લોકો સાથે વાત કરવી ઠીક છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી માટે આધ્યાત્મિકતાની મદદ લેવા માટેનો સમય પાકી ગયો છો કેમ કે તમારી માનસિક તાણ પર સામો હુમલો કરવાનો એ શ્રેષ્ઠ વિકલ્પ છે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારી મહત્વાકાંક્ષા વિશે મોટી વયની વ્યક્તિને જણાવો તેઓ તમારી મદદ કરવા પોતાનાથી બનતા તમામ પ્રયત્નો કરશે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે બ્લ્ડ પ્રૅશરના દરદીઓ લોહીનું દબાણ ઘટાડવા રૅડ વાઈનની મદદ લઈ શકે છે અને કૉલેસ્ટ્રોલનું પ્રમાણ નીચું રાખી શકે છે. આનાથી તેમને વધુ રાહત થશે. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શક્ય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવા થી બચો. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કેટલાક મહત્વના કાર્યો અટકી પડશે. નવા સંબંધો લાંબા ગાળાના તથા ખૂબ જ લાભદાયક ઠરશે. મિત્રતા ગાઢ બનતા તેનું રૂપાંતર પ્રેમમાં થશે. તમારા દેખાવ અને વ્યક્તિત્વને નીખારવા કરેલા પ્રયત્નો તમારા સંતોષ મુજબનું પરિણામ આપશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. રૉમેન્ટિક પ્રભાવ આજે ખૂબ જ પ્રબળ હોવાની શક્યતા છે.

# હવે તો 'નમસ્તે' પણ મલ્ટિનેશનલ બની ગયું : વડાપ્રધાન મોદી

## અમેરિકામાં ભારતીય સમુદાયને સંબોધતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગદગદિતઃ તેમને 'રાષ્ટ્રદૂત' તરીકે સંબોધ્યા હતા

। (એજન્સી) ન્યૂયોર્ક, તા.૨૩ ।

હવે વિશ્વમાં અમેરિકન ઈન્ડિયન સ્પિરિટ છે અને આ જ દુનિયાની એઆઈ તાકાત છે. આ જ તાકાત બન્ને દેશોના સંબંધોને નવી ઊંચાઇ આપી રહી છે તેમ ભારતીય સમુદાયના લોકોને સંબોધતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે. હવે તો 'નમસ્તે' પણ મલ્ટિનેશનલ બની ગયું છે. તે લોકલથી ગ્લોબલ થઈ ગયું છે.

આ તમામ હાંસલ કરવા પાછળ તમે (વિદેશમાં રહેતા ભારતીયો)એ કર્યું છે. પોતાના દિલમાં ભારતને વસાવીને રાખતાં ભારતીયોએ આ કર્યું છે. હું કાયમ તમારા સામર્થ્યને સમજતો રહ્યો છું. તમે અમારા માટે કાયમ ભારતના સૌથી મજબૂત બ્રાંડ એમ્બેસડર રહ્યા છો. આથી હું તમને રાષ્ટ્રદૂત કહું



છું.વડાપ્રધાન મોદીએ ઉમેર્યુ કે અમે ભારતીયો જ્યાં પણ જઈએ છીએ ત્યાં તમામને પરિવાર માનીને તેમની સાથે હળીમળી જઈએ છીએ. ડાયવર્સિટીને સમજીને તેને જીવવું અને પોતાના જીવનમાં ઉતારી લેવું...તે અમારા સંસ્કારોમાં છે. કોઈ તમિલ બોલે છે.. કોઈ ગુજરાતી, કોઈ મલયાલમ, કોઈ પંજાબી, કોઈ મરાઠી... ભાષા અનેક છે, પરંતુ તમામના ભાવ એક જ છે અને તે છે ભારતીયતા. અમે એ દેશના રહેવાસીઓ છીએ જ્યાં સૈંકડો ભાષા અને બોલી છે.

દુનિયાના પંથ છે. છતાં અમે એક બનીને, નેક બનીને આગળ વધી રહ્યા છીએ. દુનિયા સાથે જોડાઇ જવા માટે આ અમારી સૌથી મોટી તાકાત છે. આ જ મૂલ્યો આપણને સહેજતાથી વિશ્વબંધુ બનાવે છે. પીએમ મોદીએ PUSHP (પુષ્પ)નો મંત્ર આપ્યો હતો. તેમણે કહ્યું કે પી મતલબ પ્રોગ્રેસિવ ભારત, યુ મતલબ અનસ્ટોપેબલ ભારત, એસ મતલબ સ્પિરિચ્યુઅલ ભારત, એચ મતલબ હ્યુમેનિટી ફર્સ્ટને સમર્પિત ભારત, પી મતલબ પ્રોસ્પેરસ (સમૃદ્ધ) ભારત. અમેરિકામાં ભારતીય સમુદાયને સંબોધતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગદગદિતઃ તેમને 'રાષ્ટ્રદૂત' તરીકે સંબોધ્યા, આ પુષ્પની પાંચ પંખુડી એક થઈને જ વિકસિત ભારત બનાવશે.

તેમણે કહ્યું કે પ્રથમ દિવસથી જ મારું મન અને મિશન સ્પષ્ટ રહ્યું છે. હું સ્વરાજ માટે જીવન આપી શક્યો નથી. પરંતુ નક્કી કર્યું છે કે સુરાજ અને સમૃદ્ધ ભારત માટે જીવન સમર્પિત કરીશ. ભારત હવે તકોની ધરતી છે. હવે તે તકોની રાહ નથી જોતું, તકોનું નિર્માણ કરે છે. આજે ભારતનું પજી માર્કેટ અમેરિકાથી વધુ છે. હવે ભારત પાછળ નથી ચાલતું, નવી વ્યવસ્થા બનાવે છે અને નેતૃત્વ કરે છે. ભારત હવે રૂકવાનું નથી કે થમવાનું નથી.

## ન્યૂઝ બ્રિફ

### સાક્ષીઓને ધમકાવાય છે, તેમની સાથે બળજબરી કરાય છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

સુપ્રીમ કોર્ટે કાનૂની વ્યવસ્થામાં સાક્ષીઓની દયાજનક સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે. કોર્ટે શુક્રવારે 'વિટનેસ પ્રોટેક્શન સ્કીમ, ૨૦૧૮'નો અસરકારક અમલ નહીં થવા બાબતે ટકોર કરી હતી. કોર્ટે કહ્યું હતું કે, સાક્ષીઓ સાચો ચુકાદો આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે અને એટલે તેમની સુરક્ષા મહત્વની છે. જજ બેલા ત્રિવેદી અને જજ સતીશચંદ્ર શર્માની બેન્ચે અંગ્રેજ ફિલસૂફ જેરેમી બેંથમને ટાંકીને જણાવ્યું હતું કે, "સાક્ષીઓ ન્યાયના આંખ અને કાન છે." જોકે, બંને જજે સાક્ષીઓની સ્થિતિ દયનીય હોવાનું જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, "ભારતની કાનૂની વ્યવસ્થામાં સાક્ષીઓની સ્થિતિ બહુ ખરાબ છે. તેમને ધમકી આપવામાં આવે છે, તેમની સાથે બળજબરી કરાય છે અને નાણાકીય લાલચ આપીને જુબાની બદલવા મજબૂર કરવામાં આવે છે." બેન્ચે જણાવ્યું હતું કે, "કેન્દ્ર સરકારે વિટનેસ પ્રોટેક્શન સ્કીમ, ૨૦૧૮ તૈયાર કરી છે.

### ગઠિયાએ ઔડાના મકાન અપાવવાનું કહીને પાંચ લોકો પાસેથી પૈસા પડાવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

નરોડા વિસ્તારમાં ગઠિયાએ ઔડાના મકાન અપાવવાનું કહીને પાંચ લોકો પાસેથી કુલ રૂ. ૧.૫૬ લાખ પડાવ્યા હતા. જેમાં ઔડાના મકાનમાં સ્કીમ ચાલે છે કહીને તમારે મકાન જોઈતુ હોય તો એડવાન્સ આપવા પડશે કહીને રૂપિયા લઈ લીધા હતા. પરંતુ મકાન અપાવ્યું ન હતું. આ અંગે નરોડા પોલીસે ગઠિયા સામે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. વસ્ત્રાપુર વિસ્તારમાં રહેતા પ્રીતમકુમાર ડાંગી થલતેજ ખાતે આવેલી કંપનીમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત માર્ચ મહિનામાં તેઓ નોકરી પર હાજર હતા તે સમયે મિત્ર ગૌરાંગ ગચ્ચરે ફોન કરીને જણાવ્યું કે ફેસબુકમાં ધવલ પનાગરે ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી છે અને તે ઔડાના મકાન અપાવે છે. ત્યારબાદ બંને વચ્ચે નંબરની આપ-લે થતા મિત્રતા થઈ હતી અને ગૌરાંગે ધવલનો નંબર પ્રીતમકુમારને આપ્યો હતો. પછી તેઓ ફોનમાં એકબીજા સાથે વાતો કરવા લાગ્યા હતા. બાદમાં ધવલે પ્રીતમને ઔડાના મકાનમાં સ્કીમ છે તમારે મકાન જોઈતુ હોય તો રૂ. ૨૫ હજાર ભરવા પડશે. જેથી પ્રીતમે આપેલ નંબર પર રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. જેની સામે રસીદ માંગતા વાયદા કરતો હતો અને બાદમાં ફોન ઉપાડવાનું બંધ કર્યુ હતું.

### યુપી, એમપી અને પંજાબમાં પણ ઘટનાઓ બની

# એક જ દિવસે ત્રણ ટ્રેન ઉથલાવી દેવાનું કાવતરું નિષ્ફળ બનાવાયું

## રેલ્વે સૂત્રોએ જણાવ્યું, બુરહાનપુરના નેપાનગરમાં રેલ્વે ટ્રેક પર ૧૦ જેટલા ડિટોનેટર નાખવામાં આવ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

છેલ્લા અનેક દિવસોમાં અનેક રાજ્યોમાં ટ્રેનોને ઉથલાવી દેવાનું કાવતરાની ઘટના વધી રહી છે. રવિવારે પણ ૩ રાજ્યોમાં ટ્રેનને ઉથલાવી મારવાનું ષડયંત્ર પકડાયું હતું. જો આ કાવતરું પાર પડ્યું હોત તો મોટી ખુવારી સર્જાઇ હોત. જોકે ત્રણેય જગ્યાએ ષડયંત્ર નિષ્ફળ બનાવાયું હતું. આ શ્રેણીબંધ ઘટનાઓને લઈને દેશની તપાસ અને ગુપ્તચર એજન્સીઓ તપાસમાં લાગી ગઈ છે. મધ્યપ્રદેશના બુરહાનપુરમાં સેનાના જવાનોને લઈ જતી ટ્રેનમાં



વિસ્ફોટ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. રેલ્વે સૂત્રોએ જણાવ્યું કે બુરહાનપુરના નેપાનગરમાં રેલ્વે ટ્રેક પર ૧૦ જેટલા ડિટોનેટર નાખવામાં આવ્યા હતા. જોકે, ટ્રેન આવે તે પહેલા જ કેટલાક ડિટોનેટર ફૂટી ગયા હતા. જેના કારણે રેલવે અધિકારીઓ એલર્ટ થઈ ગયા હતા અને ટ્રેનને સ્ટેશન પર રોકી દેવામાં આવી હતી. આ ટ્રેનમાં સેનાના જવાનો ખાંડવા જઈ રહ્યા હતા. યુપીના કાનપુરમાં પ્રેમપુર સ્ટેશન પાસે ટ્રેક પર એક નાનો સિલિન્ડર પડેલો જોવા મળ્યો હતો. જેટીટીએન ગુડ્સ ટ્રેનના લોકો પાયલટે સિલિન્ડર જોયો કે તરત જ તેણે ઈમરજન્સી બ્રેક લગાવી અને ટ્રેનને ૧૦ ફૂટ અગાઉ રોકી દીધી હતી. પંજાબના ભટિંડામાં રેલ્વે ટ્રેક પર લોખંડના સળિયા મૂકી દેવામાં આવ્યા હતા. આ જોઈને માલગાડીના લોકો પાયલટે ઈમરજન્સી બ્રેક લગાવી હતી, જેના કારણે અકસ્માત ટળી ગયો હતો.

### શંકરાચાર્ય સ્વામીએ મંદિરને 'અર્ધ-અપૂર્ણ' ગણાવ્યા

# અયોધ્યા મંદિર સંપૂર્ણ બનશે ત્યારે પૂજા-અર્ચના કરીશ : શંકરાચાર્ય સ્વામી

## આ ધર્મસભામાં બંધારણીય જોગવાઈઓને લાગુ કરવા અને ગાયની અપ્રતિબંધિત સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કાયદો બનાવવા આહ્વાન હતું

। (એજન્સી) અયોધ્યા, તા.૨૩ ।

અયોધ્યામાં રામમંદિરને 'અર્ધ-અપૂર્ણ' ગણાવીને આ વર્ષ જાન્યુઆરીમાં પ્રાણ-પ્રતિષ્ઠા સમારોહનો વિરોધ કરનાર ઉતરાખંડના જ્યોતિર્મઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ રવિવારે રામમંદિરમાં પૂજા-અર્ચના કરવાથી દૂર રહેવાનું હાલના તબક્કે ઉચિત માન્યું છે. અયોધ્યા પહોંચેલા સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીને પત્રકારો દ્વારા રામમંદિરમાં ન જવા પર પ્રશ્ન પૂછવામાં આવ્યો, તો તમણે કહ્યું કે, અર્ધ-અપૂર્ણ નિર્માણવાળા



મંદિરમાં પૂજા-અર્ચના કરી શકાય નહીં. હું રામમંદિરમાં ત્યારે પૂજા-અર્ચના કરીશ, જ્યારે મંદિરનું શિખર સંપૂર્ણ રીતે બની જશે. આ દરમિયાન શંકરાચાર્યએ ચિનેશ્વરનાથ મંદિરમાં વિશેષ પૂજા-અર્ચના કરી હતી. અયોધ્યામાં રામકોટ વિસ્તારમાં રામ જન્મભૂમિ પરસિરની પરિક્રમા કરી હતી. શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીને અયોધ્યાથી દેશવ્યાપી 'ગૌ ધ્વજ સ્થાપના ભારત યાત્રા'ની શરુઆત કરી છે. અયોધ્યામાં સંતોની ઉપસ્થિતિ શંકરાચાર્યે અહીંયા ધર્મસભા બોલાવી હતી. આ ધર્મસભામાં બંધારણીય જોગવાઈઓને લાગુ કરવા અને ગાયની અપ્રતિબંધિત સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કાયદો બનાવવા આહ્વાન કર્યુ હતું.



રાજસ્થાનમાં જયપુરની સૈનિક શાળાનું ઉદ્‌ઘાટન કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ દ્વારા કરવામાં આવ્યું.

# પવન કલ્યાણ 'પ્રાયશ્ચિત' કરવા ૧૧ દિવસના ઉપવાસ પર ઉતર્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

તિરુમાલાના લાડુ પ્રસાદમની કથિત ભેળસેળ મામલે આંધ્રપ્રદેશના ડેપ્યુટી સીએમ પવન કલ્યાણે ગુંટુરમાં શ્રી દશાવતાર વેંકટેશ્વર સ્વામી મંદિરમાં ૧૧ દિવસીય પ્રાયશ્ચિત દીક્ષા લીધી હતી. પવન કલ્યાણનું કહેવું છે કે, YSRCPના શાસન દરમિયાન ૨૧૯ મંદિરોનો નાશ કરવામાં આવ્યો હતો. મેં આ મંદિરોના વિનાશ પર પ્રશ્ન કર્યો. અમે આ સહન નહીં કરીએ અને કડક કાર્યવાહી કરવામાં આવશે. છેલ્લા પાંચ વર્ષમાં TTD બોર્ડે શું કર્યુ છે? હિન્દુ ભક્તોએ બોલવું જોઈએ. જે એક સમયે પવિત્ર હતું તેને અપવિત્ર કરવામાં આવ્યું છે. દોષિતોને સજા ભોગવવી જ પડશે. પવન કલ્યાણે જણાવ્યું કે, આપણી સંસ્કૃતિ, આસ્થા, આસ્થા અને ભક્તિના કેન્દ્ર એવા શ્રી તિરુપતિ બાલાજી ધામના પ્રસાદમાં અશુદ્ધિ ઠાલવવાના દૂષિત પ્રયાસોથી હું અંગત સ્તરે ખૂબ જ દુઃખી થયો છું અને તમને સત્ય કહું તો હું અંદરથી છેતરાયાનો અનુભવ કરું છું. અત્યારે, હું ભગવાન પાસે ક્ષમા માંગવાનું વ્રત લઉં છું અને અગિયાર દિવસ ઉપવાસ કરવાનું વ્રત લઉં છું. અગિયાર દિવસીય પ્રાયશ્ચિત દીક્ષાના ઉત્તરાર્ધમાં ૧ અને ૨ ઓક્ટોબરના રોજ હું તિરુપતિ જઈશ અને ભગવાનના વ્યક્તિગત દર્શન કરીશ અને ક્ષમાની ભીખ માંગીશ અને પછી મારી પ્રાયશ્ચિત દીક્ષા ભગવાનની સામે પૂર્ણ થશે.

## વિશેષ

### એક સૈનિક એક સફળ ખેડૂત બની આધુનિક ખેતી કરે તેવું જવલ્લે જ બનતું હોય છે, આવો સુખદ સંયોગ મહારાષ્ટ્રના નાસિકમાં રચાયો છે

# એક્સ આર્મીમેનથી એગ્રિકલ્ચરલ આંત્રપ્રેન્યોર સુધીની સફળ યાત્રા કરનારા ડો. શિવાજી ડોલેએ 'જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન, જય અનુસંધાન' મંત્રને સુપેરે સાર્થક કર્યો છે

। (માહિતી) અમદાવાદ ।

ખેડૂત જગતનો તાત કહેવાય છે, અને સૈનિક રાષ્ટ્રનો રખેવાળ હોય છે. પરંતુ એક સૈનિક એક સફળ ખેડૂત બની આધુનિક ખેતી કરે તેવું જવલ્લે જ બનતું હોય છે, આવો સુખદ સંયોગ મહારાષ્ટ્રના નાસિકમાં રચાયો છે. સરહદના સંત્રી ડૉ. શિવાજી ડોલે હવે કૃષિના ઋષિ બન્યા છે. તેઓએ સેનામાં અડીખમ રહીને દેશસેવા કર્યા બાદ કૃષિ ક્ષેત્રે પુરુષાર્થ આદર્યો છે અને દેશમાં કૃષિ ક્ષેત્રે આમૂલ પરિવર્તનના દિશાસૂચકસ્તંભ બન્યા છે.

પૂર્વ વડાપ્રધાન શ્રી લાલ બહાદુર શાસ્ત્રીજીએ 'જય જવાન, જય કિસાન'નું સૂત્ર આપ્યું હતું. પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપાઈજીએ તેમાં 'જય વિજ્ઞાન'નો મંત્ર જોડ્યો અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમાં 'જય અનુસંધાન'નો મંત્ર જોડી આપ્યો છે.

એક્સ આર્મીમેનથી એગ્રીકલ્ચર આંત્રપ્રેન્યોર બનવા સુધીની સફળ યાત્રા કરનારા નાસિકના ક્રાંતિકારી ખેડૂત ડૉ. શિવાજી ડોલે 'જવાન, કિસાન, વિજ્ઞાન અને અનુસંધાનનો સુભગ સમન્વય છે. આ બાબતનો ઉલ્લેખ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના રેડિયો પ્રોગ્રામ 'મન કી બાત'માં પણ કર્યો છે.

કૃષિ ક્ષેત્રની કાયાપલટ કરી રહેલા આ પૂર્વ સૈનિક અને વર્તમાન ખેડૂત ડૉ. શિવાજીની સફર ખૂબ જ પ્રેરણાદાયી છે. ડૉ. શિવાજી ડોલે નાસિક જિલ્લાના



એક નાના ગામના ગરીબ આદિવાસી ખેડૂત પરિવારના સંતાન છે. મોટા થઈને રાષ્ટ્રપ્રેમ સાકાર કરતા શિવાજી સેનામાં સૈનિક તરીકે જોડાઈને રાષ્ટ્રસેવાની પોતાની ફરજો નિષ્ઠાપૂર્વક નિભાવીને સેનામાંથી નિવૃત્ત થયા હતા. સેનામાંથી નિવૃત્ત થયા બાદ તેમણે કઈક નવું અને લોકોપયોગી શીખીને લોકોને મદદરૂપ થવાનો વિચાર કર્યો. પોતાના આ વિચારને સાર્થક કરવા તેમણે પોતાના પરંપરાગત વ્યવસાય કૃષિમાં આગળ વધવાનું નક્કી કર્યું. દેશમાં ખેડૂતોની સ્થિતિ સુધારવાના અને પૂર્વ સૈનિકોને નિવૃત્તિ બાદ પણ સેવારત રાખીને આર્થિક રીતે પગભર કરવાના ઉમદા ધ્યેય સાથે શિવાજીએ એગ્રિકલ્ચરમાં ડિપ્લોમા કર્યું. ડિગ્રી મેળવ્યા બાદ તેમણે કૃષિ ક્ષેત્રે નવી ઈનિંગનો પ્રારંભ કર્યો. પૂર્વ આર્મી મેન, બ્લેક કેટ કમાન્ડો ડૉ. શિવાજી ડોલે અને તેમના સહયોગીઓએ ૨૦૧૯માં નાસિકમાં વેંકટેશ્વર કો-ઓપરેટિવ પાવર એન્ડ એગ્રો પ્રોસેસિંગ સંસ્થાની સ્થાપના કરી. સંસ્થાએ શરૂઆતથી જ કૃષિને સ્થાયી અને લાભદાયક ઉદ્યોગ બનાવવા સાથે ટેક્નોલોજી અને મોર્ડન એગ્રો પ્રેક્ટિસનો મહત્તમ ઉપયોગ કરીને ગુણવત્તાયુક્ત ઉત્પાદનો પેદા કરવાના અને દેશની કૃષિ નિકાસ વધારવાના ધ્યેયમંત્ર સાથે કામગીરી શરૂ કરી. આજે સંસ્થા સાથે મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં કુલ મળીને ૮૬,૫૦૦ ખેડૂતો સંકળાયેલા છે.

નાસિકના માલેગાંવમાં ૫૨૮ એકર જમીન પર સંસ્થા દ્વારા જૈવિક ખેતી કરવા સાથે ખેડૂતો માટે તાલીમ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. નિકાસ માટે જરૂરી સર્ટિફિકેશન પ્રાપ્ત કરવા પ્રત્યે પણ આ સંસ્થા વિશેષ ધ્યાન કેન્દ્રિત કરે છે, જેથી કરીને દેશના કૃષિ ઉત્પાદનોની નિકાસ વધારી શકાય.

ડૉ. શિવાજી ડોલે બાગાયતી ક્ષેત્રે દ્રાક્ષ, કેરી, દાડમ, સીતાફળ, ચીકૂ અને કેળા જેવા પાકો લઈ રહ્યા છે. તેમની દ્રાક્ષ યુરોપમાં નિકાસ થાય છે. સાથે જ, મરચાં, ડુંગળી લસણ સહિત અનાજમાં બાજરી, મકાઈ અને ઘઉં જેવા પાકો પણ તેઓ લઈ રહ્યા છે. વેંકટેશ્વર કો-ઓપરેટિવ પાવર એન્ડ એગ્રો પ્રોસેસિંગ સંસ્થા જળ સંરક્ષણ માટે તળાવો પણ બનાવી રહી છે.

ઓર્ગેનિક ફાર્મિંગ સાથે ગીર ગાય ડેરી પ્રોજેક્ટ, મધમાખી પાલન, મધ ઉત્પાદન, જીવામૃત, બાયો સીએનજી, પર્યાવરણને અનુરૂપ ઈકો ફ્રેન્ડલી નેચરલ કલર, વ્યંકટેશ્વર પંચગવ્ય પ્રાકૃતિક અગરબત્તી, વ્યંકટેશ્વર કાજૂ ફેકટરી ફાર્મ જેવા વિવિધ પ્રોજેક્ટ આ સંસ્થાના બહુઆયામી કૃષિ દ્રષ્ટિકોણને સાર્થક કરવામાં મહત્વનો ભાગ ભજવે છે.

અન્ય પુર્વ સૈનિકોને સાથે જોડીને 'સહકારથી સમૃદ્ધિ' થકી કૃષિ ક્ષેત્રે આધુનિકતા અને એકસૂત્રતા માટે શિવાજી અને તેમની સંસ્થા ખેડૂતોને નવો રાહ ચીંધી રહ્યા છે. ખેડૂતો અને પૂર્વ સૈનિકોને આર્થિક રીતે સશક્ત બનાવીને કૃષિ ક્ષેત્રના વિકાસના ધ્યેય સાથે સંસ્થા સતત કાર્યરત છે.

કૃષિ ક્ષેત્રે ટેકનોલોજીના ઉપયોગ થકી આમૂલ પરિવર્તન સહિત તેમના અમૂલ્ય યોગદાનને લીધે સંસ્થાને કેટલાય પ્રતિષ્ઠિત સન્માન પ્રાપ્ત થયેલા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ એક સૈનિક, ખેડૂત અને આધુનિક કૃષિકાર ડો. શિવાજી ડોલેને 'જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન, જય અનુસંધાન'ના સૂત્રના સાચા વાહક પણ ગણાવ્યા છે.

ડો. શિવાજી ડોલે અને તેમની સંસ્થાને FII IMA સહકારી ક્ષેત્રમાં સન્માન, નાસિક સમ્માન ૨૦૨૨, નાસિક રત્ન ૨૦૨૩, લોકશાહી માન-સન્માન ૨૦૨૩, અનન્ય સન્માન ૨૦૨૩, રાષ્ટ્રીય કૃષિ પત્રકાર સંમેલન ૨૦૨૪માં સન્માન સહિતના પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે. આમ, ડો. શિવાજી ડોલે અને તેમની સંસ્થા સાચા અર્થમાં દેશમાં કૃષિ ક્ષેત્રે આત્મનિર્ભરતા સાકાર કરી રહ્યા છે.

# સુરત પાસે ટ્રેન ઉથલાવવાના કાવતરાંમાં આવ્યો ચોંકાવનારો વળાંક, ત્રણની ધરપકડ

## મળતા અહેવાલ મુજબ, સુભાષ પોદ્દાર નામનો કર્મચારી ઘટનાને જોનારી પ્રથમ વ્યક્તિ હતો અને તેની ધરપકડ બાદ તેણે જે ખુલાસો કર્યો છે તે માત્ર ડરાવનારો જ નહીં, આઘાતજનક પણ છે

। (એજન્સી) સુરત,તા.૨૩ ।

દક્ષિણ ગુજરાતમાં કીમ સ્ટેશન પાસે ટ્રેન ઉથલાવવાનું કાવતરું ઝડપાયું હોવાના સમાચારે બે દિવસ પહેલાં ભારે તંગદિલી ફેલાવી દીધી હતી. સુરતના કીમમાં બે દિવસ અગાઉ વહેલી સવારે ટ્રેન ઉથલાવવાના પ્રયાસમાં મોટો પર્દાફાશ થયો છે. હકીકતે આ પરાક્રમ રેલવે કર્મચારીઓએ જ કર્યું હોવાનું જાહેર થયું છે. મળતા અહેવાલ મુજબ, સુભાષ પોદ્દાર નામનો કર્મચારી ઘટનાને જોનારી પ્રથમ વ્યક્તિ હતો અને તેની ધરપકડ બાદ તેણે જે ખુલાસો કર્યો છે તે માત્ર ડરાવનારો જ નહીં, આઘાતજનક પણ છે. સુભાષના કહેવા મુજબ તેણે જ ઍવોર્ડ અને પ્રમોશન મેળવવા માટે આ સમગ્ર તરકટ રચ્યું હતું.દેશમાં છેલ્લા થોડા દિવસથી ઉત્તરપ્રદેશ, બિહાર, રાજસ્થાન વગેરે રાજ્યોમાં રેલવે ટ્રેક પરથી મળેલા વિસ્ફોટકો અને મોટી શિલાઓ અથવા થાંભલાની ઘટનાઓથી ડરેલા ગુજરાતીઓ



સહિત દેશવાસીઓ સુરતમાં કીમ પાસે પણ પાટાની ફિશ પ્લેટ કાઢી નાખવામાં આવી હોવાના સમાચારથી વ્યથિત થઈ ગયા હતા. અનેક લોકોએ જાતજાતના આક્રોશ વ્યક્ત કર્યા હતા અને ટ્રેનને બચાવી લેનાર લોકોનો મનોમન તેમજ સોશિયલ મીડિયા દ્વારા આભાર માન્યો હતોપપરંતુ હવે જે જાણવા મળ્યું છે તે અસાધારણ અને ચિંતાજનક છે.૨૧ સપ્ટેમ્બરને શનિવારે કીમ નજીક ટ્રેક પરથી ફિશ પ્લેટ અને ચાવીઓ ખોલીને ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તે સમયે પેટ્રોલિંગ કરી રહેલા સુભાષ પોદ્દારને રેલવે ટ્રેક પર ૩ અજાણ્યા શખસોની ચહલપહલ જોવા મળી હતી. તેણે દાવો કર્યો હતો કે, 'મેં વહેલી સવારે ૫:૨૦ વાગ્યાની આસપાસ ટ્રેક પર અજાણ્યા લોકો હતા. મને શંકા જતા મેં બૂમો પાડી હતી, જેથી તેઓ તાત્કાલિક નાસી છૂટ્યા હતા.'

આ ઘટનાને ગંભીરતાથી લઈને NIA, ATS, SOG, GRP, LCB, સુરત જિલ્લા પોલીસ, રેલવે પ્રોટેક્શન ફોર્સ, ડોગ સ્ક્વોડ, સહિતની વિવિધ એજન્સીઓ અને ટીમો તપાસમાં લાગી ગઈ હતી. આ દરમિયાન સૌથી પહેલા આ ઘટનાને જોનાર રેલવેનો કર્મચારી પર શંકા ગઈ હતી. કારણ કે કોઈ ટેક્નોલૉજીનો જાણકાર અનુભવી વ્યક્તિ જ આટલા ટૂંકાગાળામાં ૭૧ ERS પેડલોક અને ૨ જોગસ ફિશ પ્લેટ કાઢી શકે . જેથી ઉલટ તપાસ કરાતા સુભાષ પોદ્દાર જ આરોપી હોવાનું સામે આવ્યું હતું. સુભાષ પોદ્દારે ઍવોર્ડ અને પ્રમોશન મેળવવાની લાલચમાં આ કાવતરું ઘડ્યું હોવાનું જાણવા મળ્યું છે.

પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝને શનિવારે એક વીડિયો જાહેર કરીને જણાવ્યું હતું કે, કેટલાક અજાણ્યા લોકોએ કીમ રેલવે સ્ટેશન નજીક ઉત્તર પ્રદેશ લાઈન ટ્રેક પરથી ફિશ પ્લેટ અને ચાવીઓ ખોલીને તેને ટ્રેક પર મૂકી દીધી હતી. ત્યારબાદ ટ્રેનની અવર-જવર બંધ કરી દેવાઈ હતી. આ સુરત ગ્રામ્ય તેમજ રેલવેના અધિકારીઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ઝડપથી લાઈન પર ટ્રેન સેવા શરૂ કરી દેવાઈ હતી.

## ન્યૂઝ બ્રિફ

### ગુજરાતમાં ફરી ધરતી હચમચી, કચ્છમાં 3.3ની તીવ્રતાનો ભૂકંપ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

ગુજરાતના કચ્છ જિલ્લામાં સોમવારે સવારે ૩.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મિક રિસચના અધિકારીઓએ જણાવ્યું હતું કે સિસ્મિક પ્રવૃત્તિને કારણે જિલ્લામાં કોઈ જાનહાનિ અથવા સંપત્તિને નુકસાન થયું હોવાના કોઈ અહેવાલ નથી. ગાંધીનગર સ્થિત ISRએ જણાવ્યું હતું કે ભૂકંપ સવારે ૧૦.૦૫ વાગ્યે નોંધાયો હતો અને તેનું કેન્દ્રબિંદુ રાપરથી ૧૨ કિમી પશ્ચિમ-દક્ષિણપશ્ચિમમાં હતું. ISR k અનુસાર, આ મહિનામાં રાજ્યના સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં અત્યાર સુધીમાં ત્રણથી વધુની તીવ્રતાના ભૂકંપના આંચકા ચાર વખત અનુભવાયા છે. ગુજરાત સિસ્મિક પ્રવૃત્તિ માટે સંવેદનશીલ રાજ્ય છે. ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા ઉપલબ્ધ માહિતી અનુસાર, આ પ્રદેશમાં છેલ્લા ૨૦૦ વર્ષમાં નવ મોટા ભૂકંપ આવ્યા છે. આવી સ્થિતિમાં સોમવારે સવારે ૧૦:૦૫ કલાકે કચ્છમાં ૩.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

### ગિરનારના જંગલમાં સુરતના યુવક-યુવતીએ કરી આત્મહત્યા

। (એજન્સી) ગિરનાર, તા.૨૩ ।

ગિરનારના જંગલમાં યુવક અને યુવતીએ આત્મહત્યા કરતા ચકચાર મચી ગઈ છે. આ કિસ્સાની પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે સુરતની પરીણિતાએ પ્રેમી સાથે આત્મહત્યા કરી છે. ગોરખધુણા નજીકની ખીણમાંથી બંનેના મૃતદેહ મળી આવ્યા છે. યુવક અને યુવતીની આત્મહત્યા પાછળનું આ સિવાય બીજું કોઈ કારણ બહાર આવ્યું નથી. બંને સુરતના રહેવાસી હોવાનું બહાર આવ્યું છે. સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી છે. સુરતના દીપક વેકરિયા અને કામરેજની ચૈતાલી લાખણકીયાએ આત્મહત્યા કરી છે. પોલીસે મૃત્યુ પાછળનું કારણ પ્રેમપ્રકરણ માને છે. તેમા ચૈતાલી લાખણકીયા પરઈમિત હોવાનું માલૂમ પડ્યુ છે. તેથી પોલીસને આ આત્મહત્યાના બનાવમાં પ્રેકપ્રકરણ સિવાય બીજું કોઈ કારણ લાગતું નથી. પ્રેમી અને પ્રેમિકાના લીધે પ્રેમિકા પરીણિત હોવાથી લગ્ન ન થઈ શકે તેવી સંભાવનાના આધારે બંનેએ આત્મહત્યા કરી છે.

### અમદાવાદમાં ખાનગી બસોની એન્ટ્રી પર પ્રતિબંધ જાળવતી સુપ્રીમ કોર્ટ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

અમદાવાદ શહેરમાં ખાનગી બસોના પ્રવેશ અંગેની બસ સંચાલકોની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. આ પહેલા ગુજરાત હાઈકોર્ટે પણ સવારે ૮ થી ૧૦ વાગ્યા સુધી ખાનગી બસોને શહેરમાં પ્રવેશવાની મંજૂરી આપવાની અરજી ફગાવી દીધી હતી. આ આદેશને ખાનગી બસ સંચાલકોએ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. ખાનગી ટ્રાવેલ એજન્સીઓએ વ્યાવસાયિક રોજગારના અધિકાર અને ઈ નિયમોને ટાંકીને સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. વર્ષ ૨૦૦૪માં ૧૮ રૂટ પર ખાનગી બસોને ૨૪ કલાક ચલાવવાની પરવાનગી આપવામાં આવી હતી. આ માર્ગ પર ક્લિયરન્સ જાળવવા સૂચન કરવામાં આવ્યું હતું.

# વરસાદે વિદાય લીધા બાદ પણ ભૂવા પડવાનો સિલસિલો યથાવત

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

સ્માર્ટ સિટી અમદાવાદ હવે ભૂવા સિટી બની ગયુ છે. શહેરમાં છેલ્લા ૧૫ દિવસથી વરસાદે વિરામ લીધો છે છતા ભૂવા પડવાનો સિલસિલો અકબંધ છે. હાલ શહેરનો એકપણ વિસ્તાર એવો બચ્યો નથી જ્યા ભૂવા ન પડ્યા હોય. છેલ્લા કેટલાક વર્ષોથી શહેરમાં ચોમાસાના સમય સિવાય પણ અલગ અલગ કારણોથી ભૂવા પડી રહ્યા છે. હાલ નહેરૂનગર વિસ્તારમાં મહાકાય ભૂવો પડ્યો છે. ચોમાસાએ વિદાય લેતા અમદાવાદમાં છેલ્લા ૧૫ દિવસથી વરસાદનું ટીપુય પડ્યુ નથી પરંતુ શહેરના અલગ અલગ માર્ગો પર ભૂવા પડવાનો સિલસિલો અટક્યો નથી. શહેરના અતિવ્યસ્ત અને ટ્રાફિકથી ધમધમતા નહેરૂનગર વિસ્તારમાં વધુ એક મહાકાય ભૂવો પડ્યો છે. નહેરૂનગર ચાર રસ્તા પાસે ભૂવો પડ્યા બાદ તંત્ર માત્ર બેરિકેડ મુકીને સંતોષ માની રહ્યુ છે. હાલ તેને પૂરવાનું કોઈ કામ હાથ ધરાયુ નથી. અહીથી અવરજવર કરતા વાહનચાલકો અને રાહદારીઓને પારાવાર હાલાકી વેઠવી પડે છે પરંતુ તંત્રને તેમની સમસ્યાની કંઈ પડી નથી. અહીંના સ્થાનિકોનો સીધો આક્ષેપ છે કે ભૂવાના સમારકામમાં તંત્ર લાલિયાવાડી દાખવી રહ્યુ છે. સ્માર્ટ સિટી અને મેટ્રો સિટીના દાવાઓ વચ્ચે શહેરમાં પડેલા આ ભૂવા તંત્રના વિકાસની પોલ ખોલી રહ્યા છે. બીજી તરફ રસ્તા પર આવા ''ભૂવારાજ''ને લીધે. સ્થાનિકો પારાવાર હાલાકીનો સામનો કરી રહ્યા છે. વાહન ચાલકોનો આક્ષેપ છે કે ભૂવા પડ્યા બાદ તંત્ર દ્વારા ઝડપથી સમારકામની કામગીરી હાથ ધરવામાં જ નથી આવતી. જેને પગલે રાહદારીઓ અને વાહન ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

અમદાવાદમાં આ વર્ષે જૂન મહિનાથી શરૂ કરી અત્યાર સુધીમાં વિવિધ વિસ્તારમાં કૂલ ૪૪ ભૂવા પડ્યા હતા અને આ ભૂવાના સમારકામ પાછળ મનપાએ ૧.૨૦ કરોડથી વધુ રકમનો ખર્ચ કર્યો છે. છેલ્લા ૪ વર્ષમાં અમદાવાદના વિવિધ વિસ્તારોમાં કૂલ ૩૬૩ ભૂવા પડ્યા હતા. જેના સમારકામ પાછળ કૂલ ૫૦ કરોડનો ખર્ચ મનપા દ્વારા કરવામાં આવ્યો હોવાની વિગતો જાણવા મળી છે. આપને જણાવી દઈએ કે ગત વર્ષે પણ અમદાવાદમાં ૨૩ સ્થળોએ મસમોટા ભૂવા પડ્યા હતા. આ વર્ષે ૫૦ ટકાથી વધુ ભૂવા જુની જગ્યાઓ પર જ પડ્યા છે. વર્ષ ૨૦૨૩માં કૂલ ૧૮૧ ભૂવા પડ્યા હતા જેને પૂરવા પાછળ ૧૦ કરોડ રૂપિયાનો ખર્ચ આવ્યો હતો. જેમા ઝોન વાઈઝ જોઈએ તો ઉત્તર ઝોનમાં સૌથી વધુ ૧૨ ભૂવા પડ્યા, પશ્ચિમ ઝોનમાં ૧૧, દક્ષિણ ઝોનમાં અને પૂર્વ ઝોનમાં ૬ ભૂવા પડ્યા હતા. દક્ષિણ- પશ્ચિમ ઝોનમાં ૪ ભૂવા, મધ્ય ઝોનમાં ૩ ભૂવા ઉત્તર- પશ્ચિમ ઝોનમાં ૧ ભૂવો પડ્યો હતો. શહેરમાં દર વર્ષે નવા રોડ બનાવવા ઉપરાંત રોડ રિસરફેસ કરવા અને વિવિધ રોડ પર પડેલા ખાડાના સમારકામ તેમજ ભૂવાના સમારકામની કામગીરી પાછળ અંદાજે ૧૦૦૦ કરોડથી વધુનો ખર્ચ મનપા દ્વારા કરવામાં આવે છે. આ વર્ષે શહેરના વિવિધ વિસ્તારમાં આવેલી ડ્રેનેજલાઈનમાં ભંગાણ સર્જાવાને કારણે ૧૪ ભૂવા પડ્યા. જેના સમારકામ પાછળ મનપા દ્વારા ૭૩.૧૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

# ૨૪ કલાકમાં છેડતી અને જાતીય સતામણીની ૫ હચમચાવી દેતી ઘટના બની

**અમદાવાદના બોપલમાં વિદેશી વિદ્યાર્થિની સાથે છેડતીની ઘટના બની છે દક્ષિણ આફ્રિકાની એક યુવતીએ ઈન્ટરનેશનલ ડાયરેક્ટર સામે ફરિયાદ કરી છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

મહિલાને સુરક્ષા એ આજનો મોટો પડકાર છે. મહિલાઓને કાર્યસ્થળે, રસ્તામાં, પરિવહન દરમિયાન અથવા તો ઘરની ચાર દિવાલની વચ્ચે જ અસુરક્ષાનો સામનો કરવો પડી શકે છે. ગુજરાતમાં નારી ધર્મ ભૂલાયો હોય તેવુ લાગે છે. શાળામાં મોકલવામાં આવતી બાળકીઓ પણ સલામત નથી. મોટી દીકરીઓને તો તમે રક્ષણ કરવાનું શીખવાડી દેશો, પણ નાની બાળકીઓને આ નરાધમોના ચુંગાલમાંથી કેવી રીતે બચાવશો. ગુજરાતમાં મહિલાઓનો શ્વાસ રુંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં છેડતી, જાતીય સલામતી, બાળકીની હત્યાની બનેલી ૫ ઘટના ગુજરાત સરકાર પર સવાલ ઉઠાવે છે. માત્ર આરોપીને પકડી લેવાથી કંઈ નહિ થાય, હવે સમય આવી ગયો છે કે આવી ઘટનાઓ રોકવા માટે શું પગલા લેવામાં આવે. સમાજમાં દીકરીઓની આવા હવસખોરોનો શિકાર બને તે પહેલા જ હવે જાગૃત થઈ જવાની જરૂર છે. જેમાંથી મોટાભાગના કિસ્સા શિક્ષણ જગતમાં થયેલા શોષણના છે. અમદાવાદના બોપલમાં વિદેશી વિદ્યાર્થિની સાથે છેડતીની ઘટના બની છે. દક્ષિણ આફ્રિકાની એક યુવતીએ ઈન્ટરનેશનલ ડાયરેક્ટર સામે ફરિયાદ કરી છે. તેણે હોસ્ટેલમાં છેડતી અને ધમકી આક્ષેપ કર્યો છે. રાંચરડામાં આવી ઈન્ડસ યુનિવર્સિટીમાં આવેલી વિદેશી વિદ્યાર્થીએ આ આક્ષેપ કર્યા છેજામનગરમાં મહાનગર પાલિકાના ઓફીસ સુપ્રિટેન્ડેન્ટ સામે જાતીય સતામણીની ફરિયાદથી ખળભળાટ મચી ગયો છે. આઈસીડીએસ વિભાગમાં કામ કરતી પાંચ મહિલા કર્મીઓએ કરેલી અરજીથી ચકચાર મચી ગયો છે. ઓફિસ સુપરીટેન્ડન્ટ મહિલા કર્મચારીઓને એકીટસે જોતો હોવાનો તેમજ બિનજરૂરી સ્પર્શ કરતો હોવાની મહિલાઓએ ચોંકાવનારી ફરિયાદ કરી છે. ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ મામલાને ગંભીરતાથી લઈ તપાસ શરૂ કરાઈ છે. તથ્ય જાણવા કમિટીની રચના કરાઈ તેમજ પીડિતો અને અન્યોના નિવેદનો લેવા શરૂ કરાયા. જામનગર મનપાની આઈસીડીએસ શાખા અગાઉ પણ વિવાદોમાં આવી ચૂકી છે. બાપુનગરમાં ૧૫ વર્ષીય સગીરા સાથે છેડતીની ફરિયાદ થઈ છે. સ્કુલેથી ઘરે જવાના રસ્તે ગેરેજ પર બેસતા યુવકે મિત્રતા કેળવીની પોતાના ઘરે લઈ જઈ સગીરા સાથે અડપલા કર્યા હતા. એટલું જ નહિ, સગીરા સાથેના ફોટો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યાં છે. ફોટો અંગે પરિવારને જાણ થતાં સગીરાને પૂછતા ભાંડો ફૂટ્યો હતો.

### સુરતમાં નવરાત્રિને લઈને પોલીસે જાહેર કર્યુ ખાસ નોટિફિકેશન

# સુરત શહેરમાં ૧૨ વાગ્યા સુધી જ લાઉડસ્પીકર વગાડી શકાશે

### આ વર્ષે ઘોડે સવારો તેમજ ડ્રોન સર્વેલન્સનો પણ ઉપયોગ કરવામાં આવશે

। (એજન્સી) સુરત,તા.૨૩ ।

નવરાત્રીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. સુરત શહેરમાં નવરાત્રીના મોટા મોટા ડોમમાં આયોજનો થતા હોય છે આ ઉપરાંત શેરી ગરબામાં પણ રમઝટ ઝામતી હોય છે ત્યારે આ વર્ષે સુરત પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ પણ અનિચ્છનીય બનાવ ના બને તે માટેની તૈયારીઓ કરી લેવામાં આવી છે. સુરત શહેરમાં લાઉડ સ્પીકર ૧૨ વાગ્યા સુધી વગાડી શકાશે. જયારે શેરી મહોલ્લામાં ઢોલ નગારા સાથે ગવાતા ગરબા પર કોઈ ટાઈમ લિમિટ નથી. આ ઉપરાંત શહેરમાં પોલીસની શી ટીમ અલગ અલગ વિસ્તારોમાં અલગ અલગ પહેરવેશમાં ફરજ બજાવશે. આ ઉપરાંત પોલીસની અલગ અલગ ટીમો ઉપરાંત બાઈક પેટ્રોલિંગ તેમજ બોડીવોન કેમેરા સાથે પોલીસ ફરજ બજાવશે. આ વર્ષે સુરક્ષાના ભાગરૂપે ઘોડે સવારો તેમજ ડ્રોન સર્વેલન્સનો પણ ઉપયોગ કરાશે. રાજકોટ ગેમઝોનની ઘટનાને ધ્યાને લઈને મોટા મોટા ડોમમાં આયોજિત થતી નવરાત્રીઓમાં તમામ સ્ટ્રક્ચર, પાર્કિંગ, ફાયર સહીતની તમામ પ્રકારની ચકાસણી બાદ જ મંજુરી આપવામાં આવશે. મહત્વનું છે કે ગયા વર્ષે ૧૭ આયોજકોએ મંજૂરી લીધી હતી. જયારે આ વર્ષે ૧૩ આયોજકોની અરજી મળી છે. આ ઉપરાંત મોડી રાત્રે મહિલાઓ ખાસ કરીને હેલ્પલાઈન નમ્બર પર ફોન કરીને મદદ માગશે તો તેમની મદદ પોલીસ દ્વારા કરવામાં આવશે.સ્પેશીયલ બ્રાંચના ડીસીપી હેતલબેન પટેલએ જણાવ્યું હતું કે નવરાત્રીમાં ખુબ મોડે સુધી શેરી-ગરબાઓ ચાલતા હોય છે. ઘોડે સવારોની ટીમ પણ આ વર્ષે તૈનાત રહેશે. આ ઉપરાંત ડ્રોન સર્વેલન્સનો પણ આ વર્ષે ઉપયોગ કરવામાં આવશે. રાજકોટની ગેમઝોનની ઘટનાને ધ્યાને રાખીને કોઈ પણ કેમ્પસ કારણ કે સુરત શહેરમાં નવરાત્રીઓ મોટા મોટા ડોમમાં બંધ સ્ટ્રક્ચરની અંદર આયોજિત થતી હોય છે, ત્યારે ત્યાં કેપીસીટી કેટલી છે ત્યાં પાર્કિંગની કેપીસીટી કેટલી છે, ત્યાં ઈમરજન્સીના પ્લાનિંગ શું છે, ફાયરના પ્લાનિંગ શું છે આ બધું જ ધ્યાનમાં રાખીને મંજુરી આપવામાં આવશે. એમના સ્ટ્રકચર સ્ટેબીલીટીના સર્ટિફિકેટને વ્યવસ્થિત ચકાસણી કરવામાં આવશે અને ત્યારબાદ જ એમને લાયસન્સ મળશે.

### મ્યુનિ શાળાના લાખો બાળકો દ્વારા

# વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ થકી પોતાની રચનાત્મકતાથી સ્વચ્છતા અંગે જનજાગૃતિનો પ્રયાસ કરાયો

। (માહિતી) અમદાવાદ, તા.૨૩ ।

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ દ્વારા માય સિટી માય પ્રાઈડ સ્વચ્છતાના ૧૦૦ દિવસ અંતર્ગત મ્યુનિ. સ્કૂલ બોર્ડની શાળાઓમાં સ્વચ્છતા રેલી, ક્વિઝ, રંગોળી, ચિત્ર સ્પર્ધા, સ્લોગન, નિબંધ સ્પર્ધા, ઝિંગલ, કવિતા, સ્વચ્છતાની પાઠશાળાનું મોટાપાયે આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ૪૫૦ વધુ શાળાઓના અંદાજિત ૧,૬૦,૦૦૦ વધુ વિદ્યાર્થીઓ ભાગ લીધો છે.

આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા 'જે જગ્યાએ હશે ગંદકી ત્યાં નહી ફળે બંદગી', 'સ્વચ્છતા મારી ફરજ સ્વચ્છતા મારો અધિકાર', 'જયાં જયાં ગંદકી, ત્યાં ત્યાં માંદગી', 'સ્વચ્છતાનો દીપ પ્રગટાવીએ, ગંદકીના અંધકારને ભગાવીએ', 'નગરજનો નમસ્તે, કચરો ન ફેકો રસ્તે', 'આઓ ફીર એક બદલાવ કરે... દેશ કા કોના કોના સાફ કરે' જેવા વિવિધ પ્રકારના સ્લોગન ત્યાર કર્યા હતા.



મ્યુનિ. સ્કૂલ બોર્ડની મોટાભાગની શાળાઓમાં પ્રાર્થના કાર્યક્રમ દરમ્યાન ''કોન બનેગા કરોડપતિ''ની જેમ ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતુ . જેમાં મારૂ શહેર સ્વચ્છ શહેર, પૂજ્ય ગાંધીજીના સ્વચ્છતા અંગેના વિચારો, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છતા અંગેના વિચારો પર બાળકોને રસપ્રદ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા અને તેના દ્વારા બાળકોમાં સ્વચ્છતા અંગેની જાણકારી વધે તે માટે પ્રયાસ કરવામાં આવ્યા હતા.

આ સાથે ચિત્ર અને નિબંધ સ્પર્ધા પણ આયોજન કરાયું હતું. જેમાં પૂજ્ય ગાંધીજી અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વચ્છતા સંદર્ભે આપેલા સંદેશાઓના વિષય પર રાજ્ય સરકાર પ્રેરિત અને મ્યુનિ.સ્કૂલ બોર્ડ આયોજીત કલાઉત્સવ દરમ્યાન સ્વચ્છતાના વિવિધ વિષયો પર ચિત્ર સ્પર્ધા તેમજ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતુ. આ સંદર્ભે થયેલી કામગીરીની પ્રાર્થનાસભામાં છણાવટ કરવામાં આવી તેમજ આ સંદેશો જન-જન સુધી પહોંચે તે માટે રેલી પણ યોજાઈ હતી.

# ભરૂચ ખાતેથી રૂ. ૧૦૨.૩૦ કરોડના વિકાસના ૧૨ જેટલાં પ્રકલ્પોનો વિકાસ કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરતા રાજયકક્ષાના મંત્રી કુંવરજીભાઈ હળપતિ

। (માહિતી) ભરૂચ, તા.૨૩ ।

જે.પી.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ઓડિટોરીયમ, ભરૂચ ખાતે ગુજરાત સરકાર દ્વારા ૧૦૨.૩૦ કરોડના ખર્ચે જિલ્લાના વિકાસના ૧૨ જેટલાં પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતાં, આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ વિભાગના રાજયકક્ષાના મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ તક્તીનું અનાવરણ કરી વિકાસ કાર્યોની ભેટ આપી હતી. આ તબક્કે, પ્રભારીમંત્રીશ્રીએ જિલ્લાવાસીઓને સંબોધતા જણાવ્યું હતું કે, ભારત દેશના વૈશ્વિક સ્તરની ઓળખમાં આવેલા સુધારાની વાત કરતા તેમણે ભારપૂર્વક જણાવ્યું, વર્ષ ૨૦૧૪ પહેલા ભારતની આર્થિક સ્થિતિ ૧૧માં ક્રમે હતી, વડાપ્રધાનની દીશાસૂચન અને આગેવામાં ગણતરીના વર્ષામાં જ સુધારો આવતા પાંચમા નંબરે પહોંચ્યા છે. ત્યારે ૨૦૨૯ સુધીમાં ભારતની આર્થિક સ્થિતિ ત્રીજા નંબરે પહોંચી જશે અને આજ ગતિએ આપણે જ ૨૦૪૭ માં વિકસિત રાષ્ટ્રની



પરિકલ્પના સાકાર કરીશું તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. ગુજરાતના યુવાનોને રોજગારી મળી રહે તે માટે અનેક પ્રકારના ઉદ્યોગો ગુજરાતમાં છે. ભારતનું ગ્રોથ એન્જિન ગણાતું ગુજરાત સેમિકન્ડકટર ક્ષેત્રે દેશમાં અત્યંત તેજીથી આગળ વધી રહ્યું છે. ગુજરાતની સેમિકન્ડકટર પોલિસી ખૂબ ફળદાયી નીવડી છે. સાથે વાઈબ્રન્ડ ગુજરાત, ગ્લોબલ સમિટ, વાઈબ્રન્ડ જિલ્લો, જી-૨૦ વગેરે જેવા બહુ આયામી આયોજનો થકી તેનો બહુ મોટો ફાયદો આપણા રાજ્યના અને ભરૂચના યુવાનોને મળવાનો છે. આ તકે, ભારે વરસાદ બાદ ખરાબ થયેલા રોડ- રસ્તાનું તાકીદે રિપેરીંગ કામ પણ ભરૂચ જિલ્લામાં સૂચનાથી થયું છે. અને ગણતરીના સમયમાં આ રોડ- રસ્તાઓનું પેચવર્કનું કામ કરી મોટરેબલ બનાવવામાં આવી રહ્યા છે. જિલ્લાની પાયાની તમામ સુવિધાઓમાં વધારો થતો રહે તે માટે આવનારા સમયમાં ભરૂચ જિલ્લામાં વિકાસની સરવાણી હંમેશા વહેતી રહેશે. ભરૂચ જિલ્લામાં રૂા. ૧૦૨.૩૦ કરોડની માતબર રકમના કામની સરકારે ભેટ આપી છે. આપણા મૃદુ અને મક્કમ એવા મુખ્યમંત્રી શ્રી ભરૂચના વિકાસ માટે અનેક કામો આપ્યા છે. મુખ્યમંત્રીશ્રીની સહૃદયતા અને સરળતા છે કે, પ્રજાના ગમે તે કામો લઈને જઈએ તો તે આપણને શાંતિથી સાંભળે છે અને દરેક સમસ્યાનું સમાધાન અને નિરાકરણ લાવે છે.

### દેવગઢ બારીઆ તાલુકાની

# શ્રી સામંતસિંહ મેડા આશ્રમ શાળા સેવનીયા ભજન સ્પર્ધામાં જિલ્લા કક્ષા એ પ્રથમ આવી ગૌરવ વધાર્યું



તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૩ ।

તા.૨૦/૦૯/૨૦૨૪ ના રોજ દાહોદ જિલ્લા નો યુવા ઉત્સવ કાર્યક્રમ યોજાયો હતો જેમાં શાળા ની વિદ્યાર્થિની રાઠવા કિર્તિકાબેંન બી.પ્રથમ નંબરે રહી સમગ્ર તાલુકા મંડળ અને શાળા નું ગૌરવ વધાર્યુ છે શાળા ના આચાર્યશ્રી માર્ગદર્શક ની ભૂમિકા માં શાળા શિક્ષક શ્રી.કે. જે.પરમાર તેમજ તમામ શિક્ષકો એ અભિનંદન પાઠવ્યા આ રીતે વિદ્યાર્થીની ઝોન કક્ષા એ ખુબ જ સરસ પ્રદર્શન કર્યુ તે માટે શુભ કામનાઓ શાળા ના મંડળ ના પ્રમુખ સાહેબ શ્રી મંત્રી સાહેબ શ્રી સહમંત્રી શ્રી સાહેબશ્રી એ જિલ્લા માં ભજન સ્પર્ધા માં સારૂ પ્રદર્શન કર્યુ તે માટે અભિનંદન પાઠવ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨